ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર ‘ગુજરાત ટુડે’ દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૭ |
| પાઉન્ડ | ૧૧૦.૦૨ |
| યુરો | ૯૨.૧૭ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૭,૮૯૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૭૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

## વિધાનસભાની ચૂંટણીઓના પરિણામો જાહેર : કોંગ્રેસ માટે ‘કહીં ખુશી કહીં ગમ’

# જમ્મુ-કાશ્મીરમાં એનસી-કોંગ્રેસનો ભવ્ય વિજય, હરિયાણામાં ભાજપની વિજય હેટ્રીક

### ઉમર અબ્દુલ્લાહનું મુખ્યમંત્રી બનવું નિશ્ચિત: કલમ ૩૭૦ રદ થયા પછી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ યુતિના ટેકામાં જબરદસ્ત લોક ચુકાદો : ૯૦માંથી ૪૧ બેઠકો મેળવી બહુમતી હાંસલ કરતું જોડાણ

શ્રીનગર,તા.૮

જમ્મુ-કાશ્મીર તથા હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓમાં પરિણામો જાહેર થયા છે અને કાશ્મીરમાં કલમ ૩૭૦ રદ કરવા સામેના પગલાં સામે લોકરોષનો સંકેત આપતો ચુકાદો આવ્યો છે અને નેશનલ કોન્ફરન્સ તથા કોંગ્રેસના જોડાણને બહુમતી સાથે ભવ્ય વિજય મળ્યો છે. જ્યારે એક્ઝિટ પોલ હરિયાણા બાબતમાં ખોટા પડયા છે અને અહીં ભાજપે અનેક પ્રકારો વચ્ચે વિજયની હેટ્રીક કરીને રાજ્યમાં સત્તા જાળવી રાખી છે એટલે કોંગ્રેસ માટે હરિયાણામાં ૧૦ વર્ષ પછી પણ નિરાશા હાથ લાગી છે. ૨જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની કુલ ૯૦ બેઠકોમાંથી એકલા નેશનલ કોન્ફરન્સને ૪૧ બેઠકો પ્રાપ્ત થઈ જ્યારે સાથી પક્ષ કોંગ્રેસને ૬ બેઠકો મળી છે. આ રીતે કાશ્મીરમાં એનસી અને કોંગ્રેસ બહુમતી મેળવીને ચૂંટણીઓમાં સપાટો બોલાવી દીધો છે. જ્યારે ભાજપને જમ્મુ અને કાશ્મીરમાં ૨૭ બેઠકો મળી છે એટલે અસરકારક દેખાવ કર્યો છે પણ બહુમતીથી દૂર રહ્યું છે જ્યારે મહેબુબા મુફતીની પાર્ટી પીડીપીનો ધાર્યા મુજબ સફાયો થયો છે અને માત્ર ત્રણ બેઠકો જીતી છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ રદ થયા પછી ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. અને એનસી તથા કોંગ્રેસે કુલ બેઠકોમાંથી અડધાથી વધુ બેઠકો જીતીને જોરદાર લોકચુકાદો મેળવ્યો છે. છેલ્લા આંકડા મુજબ સત્તા પર આવેલા જોડાણને કુલ ૪૭ બેઠકો કાશ્મીરમાં મળી ગઈ છે. અને એક બેઠક પણ આગળ છે. જ્યારે ભાજપની બેઠકો ૨૮ થઈ છે. આમ આદમી પાર્ટીનું પણ કાશ્મીરમાં ખાતું ખુલી ગયું છે અને ડોડા બેઠક પરથી તેના ઉમેદવાર મહેરાજ મલિકનો વિજય થયો છે. કાશ્મીરમાં મુખ્ય મંત્રી તરીકે ઉમર અબ્દુલ્લાહ નિશ્ચિત મનાય છે અને એનસીના સુપ્રીમો ફારૂક અબ્દુલ્લાહે પણ પરિણામો પછી કહી દીધું હતું કે મુખ્યમંત્રી તો ઉમર જ બનશે. એનસીના વડા ફારૂકે સરકાર રચવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે હવે અહીં પોલીસ રાજ નહીં હોય પણ લોગોંકા રાજ હશે. ઉમર અબ્દુલ્લાહે પરિણામો બાદ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મારી પાર્ટીને ખતમ કરવાના ખુબ પ્રયત્ન થયા હતા. પણ અમને ખતમ કરવા માગતા આજે ક્યાંય શોધ્યા જડતા નથી. ઉમરે બડગામ અને ગંદેરબાલ બંને બેઠકો ઉપર અનુક્રમે ૧૮ હજાર અને ૧૦ હજાર મતોની જોરદાર સરસાઈથી વિજય મેળવ્યો હતો. એમણે મતદારોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે લોકોની સેવા કરવાની મને તક મળી છે હવે અમારો પક્ષ તેની ફરજ બજાવશે તેવી લોકોની આશા વ્યર્થ નહીં જાય. કાશ્મીરમાં આ રીતે હવે ઉમર અબ્દુલ્લાહ પરિવારનો આગળ વારસો ધપાવશે. તેઓ અબ્દુલ્લાહ પરિવારની ત્રીજી પેઢીના નેતા છે અને હવે મુખ્યમંત્રીની જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે. ૫૪ વર્ષના ઉમર અબ્દુલ્લાહ માટે આ ચૂંટણીઓ તેમની કારકિર્દી માટે મહત્વની હતી. કેમ કે કલમ ૩૭૦ રદ થઈ ગઈ અને કાશ્મીરનો રાજ્યનો દરજ્જો પણ માત્ર કેન્દ્ર શાસિત પ્રદેશ બની ગયો હતો. હવે જે રીતે લોકચુકાદો એનસી અને કોંગ્રેસની તરફેણમાં આવ્યો છે તેના પરથી નિરીક્ષકો કહે છે કે જનતાએ કલમ ૩૭૦ રદ કરવાના મોદી સરકારના ફેસલાની વિરૂદ્ધમાં મત આપ્યો છે. એનસી અને કોંગ્રેસને બહુમતી મળી ગઈ છે એટલે કાશ્મીર પૂરતું એક્ઝિટ પોલનું કારણ સાચું પડી ગયું છે. કેમ કે કલમ ૩૭૦ કાઢી નખાયા બાદ આ ચૂંટણી ઐતિહાસિક મહત્વ ધરાવતી હતી. ભાજપ મોટી ટક્કર આપશે એવું એક્ઝિટપોલનું કારણ હતું પણ એવું થયું નથી. અને અબ્દુલ્લાહ પરિવારનો દબદબો જળવાયો છે.



**ઉમરનો બંને બેઠકો બડગામ તથા ગંદેરબાલ બેઠક પરથી વિજય : કોંગ્રેસને ૬ બેઠક મળી**

**કાશ્મીરના પરિણામો**
ભાજપ-૨૯
એનસી-કોંગ્રેસ-૪૮
પીડીપી-૩
અન્ય - ૭
કુલ બેઠક - ૯૦

# હરિયાણામાં ઈતિહાસ સર્જતો ભાજપ ત્રીજી વખત સત્તા જાળવી રાખવામાં સફળ

**એક્ઝિટ પોલના તારણો ખોટા પડયા, ભાજપે બહુમતી બેઠકો જીતી પડકારો વચ્ચે વિજયની હેટ્રીક કરી**

**મુખ્યમંત્રી તરીકે સૈની યથાવત રહેશે : ભાજપ નેતાગીરીનો સંકેત**

**હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકોમાંથી ૪૬ના જાદુઈ બહુમતી આંકડા સુધી પહોંચી જતો ભાજપ, કોંગ્રેસને ૨૮ બેઠકો મળી**

**ચૂંટણી જાહેર થયાના માત્ર ૨૦૦ દિવસ પહેલા મુખ્યમંત્રી બનાવાયેલા નાયાબસિંઘ સૈનીનું નેતૃત્વ કામિયાબ રહેતા ભાજપ છાવણીમાં હરખના ઘોડાપૂર**

**હવે નવા ધારાસભ્યોને માસિક વેતન રૂા.૬૦ હજાર, ફોન ખર્ચ માટે રૂા.૧૫ હજાર અને ઓફિસ ખર્ચ માટે રૂા.૨૫ હજાર મળશે**

ચંદીગઢ,તા.૮

ચૂંટણીઓ પહેલા મુખ્યમંત્રીને બદલી નાખવામાં આવ્યા છતાં અને શાસન વિરોધી પરિબળનો ભય હોવા છતાં તમામ પડકારોને પહોંચી વળીને ભારતીય જનતા પાર્ટીએ હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીઓમાં વિજયની ઐતિહાસિક હેટ્રીક કરી છે. આ રીતે એક્ઝિટપોલના કારણો હરિયાણા બાબતમાં ખોટા પુરવાર થયા છે અને ભાજપે તેના નવા મુખ્યમંત્રી નાયાબસિંઘ સૈનીના નેતૃત્વમાં હરિયાણાની ગાદી જાળવી રાખી છે. અત્યાર સુધી મળેલા અહેવાલો મુજબ હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકોમાંથી ભાજપે ૪૬ બેઠકો મેળવી લીધી છે. બહુમતીનો મેજિક આંકડો પાર કરી લીધો છે. કોંગ્રેસને ૨૮ બેઠકો જ મળી છે અને ૮ બેઠકો પર આગળ છે. ભાજપને ૨૯ બેઠકો મળી ગઈ છે અને ૨૦ બેઠકો પર તેના ઉમેદવારો નોંધપાત્ર સરસાઈ સાથે આગળ છે. આ રીતે કોંગ્રેસને હરિયાણામાં ૧૦ વર્ષ પછી પણ હજુ વિપક્ષ તરીકે રહેવું પડશે. અને પૂરૂં જોર કર્યા છતાં હરિયાણાની ગાદી તેનાથી દૂર રહી છે. બિન-જાટ મતો ભાજપની તરફેણમાં પડયા હોવાથી કોંગ્રેસને સહન કરવું પડયું છે. એક જમાનામાં હરિયાણા જેમનો ગઢ હતો તે ઓમપ્રકાશ ચૌટાલાની પાર્ટી ઈન્ડિયન નેશનલ લોકદળનો સદંતર સફાયો થયો છે અને માત્ર બે બેઠક પર તેના ઉમેદવારો આગળ છે. એ જ રીતે દુષ્યંત ચૌટાલાની પાર્ટી જનનાયક જનતા પાર્ટીનું ખાતું પણ ખુલી શક્યું નથી. આ રીતે હવે હરિયાણા માટે ઓબીસી નેતા નાયાબસિંઘ ખરા અર્થમાં નાયાબ એટલે કે કિંમતી રત્ન પુરવાર થયા છે. ભાજપની નેતાગીરીએ પરિણામો બાદ જાહેર કરી દીધું છે કે મુખ્યમંત્રી તરીકે નાયાબસિંઘ સૈની રહેશે. ભાજપે ચૂંટણીઓ જાહેર થઈ તેના ૨૦૦ દિવસ પહેલા જ મુખ્યમંત્રી પદેથી મનોહરલાલ ખટ્ટરને હટાવી દીધા હતા. અને સૈનીને મુખ્યમંત્રી બનાવ્યા હતા.

સૈની એમના કામથી અને કલ્યાણકારી યોજનાઓથી બિન-જાટ મતોને ભાજપ તરફ ખેંચી લીધા તેના કારણે ભાજપને ઐતિહાસિક ત્રીજી તક માટે લોકોએ સત્તા આપી છે. આ રીતે સૈની લોકોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસને ભૂપેન્દ્રસિંઘ હુડ્ડા અને કુમારી શૈલજા પર વધુ પડતો આધાર રાખવાનું મોંઘુ પડી ગયું છે. હુડ્ડાએ જેમને ડમી સીએમ ગણાવ્યા હતા એ નાયાબ સૈની કોંગ્રેસને મોંઘા પડી ગયા છે. પરિણામો આવવાના શરૂ થયા ત્યારે જ પીઢ રાજકારણી સૈનીએ કહ્યું હતું કે વિજયની જવાબદારી આખી પક્ષની હતી અને વિજય માટેનો યશ પણ પાર્ટીને જાય છે. જો હારી ગયા હોત તો મારી જવાબદારી હતી પણ મને વિજય મળવાનો પૂરો વિશ્વાસ હતો કેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતાગીરી હરિયાણાના કુરૂક્ષેત્રમાં અમારા માટે પથદર્શક બની હતી. આ ચૂંટણી ધર્મ અને અધર્મની હતી.



**પરિણામો**
ભાજપ- ૪૯
કોંગ્રેસ -૩૬
લોકદળ-૨
અન્ય -૩
કુલ બેઠકો ૯૦

# કોંગ્રેસના નેતા જયરામ રમેશે સત્તાવાર વેબસાઈટ પર હરિયાણા ચૂંટણીના વલણોને અપડેટ કરવામાં વિલંબનો આરોપ લગાવતા ECIમાં ફરિયાદ દાખલ કરી

(એજન્સી) તા.૮

કોંગ્રેસના નેતા જયરામ રમેશે મંગળવારે ECIની અધિકૃત વેબસાઈટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી વલણો અપડેટ કરવામાં વિલંબ અંગે ભારતીય ચૂંટણી પંચ (ECI)માં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. રમેશે આ પરિસ્થિતિની ટીકા કરી, તેને ‘અવિચારી અને અસ્વીકાર્ય વિલંબ’ ગણાવ્યો અને કોંગ્રેસના નેતાઓએ ડેટા શેર કરવામાં આવતી સચોટતા અને સમયસરતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર બંને વિધાનસભા ચૂંટણીઓ માટે મત ગણતરી ચાલુ હોવાથી, કોંગ્રેસના નેતાઓ જયરામ રમેશ અને પવન ખેરાએ તેમની હતાશા વ્યક્ત કરતા આરોપ લગાવ્યો કે પ્રદર્શિત થઈ રહેલા જૂના ડેટાનો ઉપયોગ વહીવટને પ્રભાવિત કરવા માટે થઈ શકે છે. તેઓએ ભારતીય જનતા પાર્ટી પર વિલંબનો ફાયદો ઉઠાવવાનો અને પ્રક્રિયા પર દબાણ લાવવા માટે આ સમયનો સંભવિત ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. X પરની એક પોસ્ટમાં જયરામ રમેશે આ પરિસ્થિતિ અને લોકસભાની ચૂંટણીઓ વચ્ચે સમાનતા દર્શાવી હતી, જ્યાં ટ્રેન્ડ અપડેટ્સ ધીમી હતી. તેમણે કહ્યું કે, લોકસભાની ચૂંટણીની જેમ, હરિયાણામાં પણ આપણે ECIની વેબસાઈટ પર અપ-ટૂ-ડેટ ટ્રેન્ડ અપલોડ કરવાની ધીમી ગતિ જોઈ રહ્યા છીએ. શું ભાજપ જૂના અને ભ્રામક વલણોને શેર કરીને વહીવટ પર દબાણ બનાવવાનો પ્રયાસ કરી રહી છે? પવન ખેરાએ મતગણતરીનાં વાસ્તવિક રાઉન્ડ અને લોકો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવતા ડેટા વચ્ચેની વિસંગતતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે જ્યારે ૧૧ રાઉન્ડની ગણતરી પૂર્ણ થઈ ગઈ હતી, ત્યારે ECI માત્ર ચોથા કે પાંચમા રાઉન્ડ સુધીનો ડેટા બતાવી રહી હતી. ખેરાએ ડેટામાં આ ખામીને મુશ્કેલીજનક ગણાવી હતી અને જમ્મુ અને કાશ્મીરની તુલનામાં હરિયાણામાં લાઈવ અપડેટ્સના અભાવની ટીકા કરી હતી, જમ્મુ અને કાશ્મીરમાં રીઅલ-ટાઈમ ડેટા પ્રદાન કરવામાં આવી રહ્યો હતો. ચૂંટણી પંચના ડેટા દર્શાવે છે કે હરિયાણાની ચૂંટણીમાં ભાજપ આગળ છે, જેમાં પાર્ટી ૯૦માંથી ૫૦ બેઠકો પર આગળ છે, જે સૂચવે છે કે તે સતત ત્રીજી મુદત માટે સરકાર બનાવશે. કોંગ્રેસ ૩૫ બેઠકો પર આગળ છે. હરિયાણાના પૂર્વ મુખ્યપ્રધાન ભૂપિન્દરસિંહ હુડ્ડા કોંગ્રેસની સંભાવનાઓ વિશે આશાવાદી છે અને તેઓએ વિશ્વાસપૂર્વક જણાવ્યું કે તેમની પાર્ટી નોંધપાત્ર માર્જિન સાથે સરકાર બનાવશે. હુડ્ડાએ

**હરિયાણા ચૂંટણીના વલણોને સત્તાવાર વેબસાઈટ પર અપડેટ કરવામાં વિલંબનો આરોપ લગાવતા કોંગ્રેસના નેતા જયરામ રમેશે ECIમાં ફરિયાદ દાખલ કરી અને કોંગ્રેસે ECI વેબસાઈટ પર વિધાનસભા ચૂંટણીના પરિણામોના ડેટાની ધીમી પ્રગતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, ‘શું ભાજપ વહીવટીતંત્ર પર દબાણ ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યું છે?’ : કોંગ્રેસના નેતા જયરામ રમેશે ‘અસાધારણ અને અસ્વીકાર્ય વિલંબ’ ગણાવતા આ પરિસ્થિતિની ટીકા કરી, અને કોંગ્રેસના નેતાઓએ ડેટાની સચોટતા અને સમયસરતા વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે તેના X એકાઉન્ટ પર તેની સત્તાવાર ફરિયાદની તસવીર પણ શેર કરી છે**

**ચૂંટણી પંચે કોંગ્રેસનો વાંધો ફગાવી દીધો અને કહ્યું કોઈ ગરબડ થઈ નથી**

આ સંભવિત સફળતાનો શ્રેય રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને હરિયાણાના લોકો સહિત મુખ્ય કોંગ્રેસી હસ્તીઓના પ્રયત્નોને આપ્યો છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીએ મંગળવારે સત્તાવાર વેબસાઈટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો અપડેટ કરવામાં કથિત વિલંબ અંગે ચૂંટણી પંચને ફરિયાદ નોંધાવી છે. રાજ્યસભાના સાંસદ જયરામ રમેશે મતદાન પેનલને એક પત્ર લખ્યો હતો અને આરોપ મૂક્યો હતો કે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં વલણો અપડેટ કરવામાં અસાધારણ અને અસ્વીકાર્ય વિલંબ થઈ રહ્યો છે. સવારે ૯થી ૧૧ વચ્ચેના છેલ્લા બે કલાકમાં, ECIની વેબસાઈટ પર પરિણામોને અપડેટ કરવામાં અસ્પષ્ટ ધીમી ગતિ જોવા મળી રહી છે. કોંગ્રેસે મંગળવારે આરોપ લગાવ્યો કે, લોકસભાની ચૂંટણીની જેમ, હરિયાણામાં અમે ફરીથી ECI વેબસાઈટ પર અપ-ટૂ-ડેટ ટ્રેન્ડ અપલોડ કરવાની ગતિ ધીમી છે. શું ભાજપ જૂના અને ભ્રામક વલણો @ECISVEEP શેર કરીને વહીવટ પર દબાણ બનાવવાનો પ્રયાસ કરી રહી છે? હરિયાણા ચૂંટણી પરિણામોમાં ECI અનુસાર, ભાજપ હાલમાં ૯૦માંથી ૫૦ બેઠકો પર આગળ છે. ૧૦ વર્ષ બાદ સત્તામાં પરત ફરવા માંગતી કોંગ્રેસ હાલમાં ૩૫ સીટો પર આગળ છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ કહ્યું કે, ચૂંટણી પંચના ડેટા દ્વારા ટેલિવિઝન પર જે રાઉન્ડની ગણતરી કરવામાં આવી રહી છે અને રાઉન્ડની સંખ્યા બતાવવામાં આવી રહી છે તેમાં કોઈ મેળ નથી. ECના ડેટા પાછળ છે, તેઓ હજુ પણ ૪થા કે પાંચમાં રાઉન્ડના ડેટા દર્શાવે છે જ્યારે ૧૧માં રાઉન્ડની ગણતરી કરવામાં આવી છે. અમારા જનરલ સેક્રેટરી કોમ્યુનિકેશન્સે ચૂંટણી પંચને ટ્વીટ કરીને પૂછ્યું છે કે ડેટા ડિસ્પ્લે અને અપલોડ કરવામાં વિલંબ કરીને સ્થાનિક વહીવટીતંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. J&Kમાં તમે દરેક રાઉન્ડની ગણતરી સાથે લાઈવ ડેટા મેળવી રહ્યા છો પરંતુ હરિયાણામાં એવું નથી.

**ક્યા બાત હૈ ?!**

**સામે કોઈ પણ હોય, જડબાતોડ જવાબ આપવામાં તેમને કોઈ ન પહોંચે !**




ઝકાત સેન્ટર ઓફ ઈન્ડિયા અહમદાબાદ દ્વારા
રોજગાર અને શૈક્ષણિક શિષ્યવૃત્તિ યોજના
સ્વનિર્ભર સમૂદાય તરફ એક પહેલ

આજીવિકા લક્ષિત રોજગાર
- વેપાર/દુકાન/લારી
- ટુલ્સ કામના સાધનો
- મશીનો
- ધંધાકીય મૂડી
- લઘુ ઉદ્યોગ





શિક્ષણ યોજના
સ્નાતક કે અનુસ્નાતક સ્તરે
- Humanities (કાયદા, મીડિયા, અર્થશાસ્ત્ર, સોશ્યલ સાઈન્સ, ઈતિહાસ વિ.)
- Artificial Intelligence
- જાહેર સેવાઓ (Civil Services),
- કૌશલ્ય વિકાસ (Skill Development)
જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે

ZAKAT CENTER INDIA
અહમદાબાદ ચેપ્ટર

અરજીઓ મોકલવા માટે સંપર્ક કરો
ઝકાત સેન્ટર ઈન્ડિયા, અહમદાબાદ ચેપ્ટર
સરનામું : બી-4 કરિશ્મા કોમ્પ્લેક્ષ, શારણી સોસાયટી કોર્નર, જુહાપુરા, અહમદાબાદ - 55
Email : zciahmedabad@gmail.com
Whatsapp : 70166 51448
અહમદાબાદ સુધી મર્યાદિત



# આંતરિક કલહથી લઈને જાટ વિરોધી એકત્રીકરણ હરિયાણામાં કોંગ્રેસની હારના પાંચ પરિબળો

(એજન્સી) તા.૮

આજે સવારે ૯ વાગ્યાની આસપાસ, હરિયાણા ચૂંટણીની મત ગણતરીના એક કલાક પછી, કોંગ્રેસ ભાજપ કરતા ઘણી આગળ નીકળી ગઈ હતી. દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં જલેબીઓ અને ઢોલની ઉજવણી કરવામાં આવી હતી અને ભાજપ કાર્યાલય નિર્જન થઈ ગયું હતું. પરંતુ એક કલાક પછી, પરિસ્થિતિ બદલી ગઈ અને ભાજપ ફરીથી રમતમાં આવી ગયો. વધુ બે કલાક પછી, બીજેપી નિશ્ચિતપણે આગળ હતી અને હરિયાણામાં તેની સૌથી મોટી જીત તરફ આગળ વધી રહી હતી, એક્ઝિટ પોલની આગાહી ખોટી પડી રહી હતી. કોંગ્રેસના નેતાઓએ શરૂઆતમાં આ લડાઈમાં બદલાવની આશા રાખી હતી. પરંતુ ચિત્ર બહુ બદલાય તેવી શક્યતા નથી. અહીં એવા પાંચ પરિબળો આપવામાં આવ્યા છે જેણે કોંગ્રેસને આંચકો આપ્યો છે કોંગ્રેસની આંતરિક લડાઈ : કોંગ્રેસે ૨૦૧૯ની ચૂંટણીમાં હરિયાણામાં ૩૧ બેઠકો જીતી હતી. જો વર્તમાન આંકડાઓ જોઈએ તો પાર્ટીએ તેના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો કર્યો નથી. એક મુખ્ય પરિબળ એ પક્ષની અંદરોઅંદરની લડાઈ અને તેના ટોચના નેતાઓ સત્તા માટે ઝઘડો છે. ચૂંટણી પહેલા, કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે વિજય એ પૂર્વગ્રહપૂર્ણ નિષ્કર્ષ છે અને મુખ્ય પ્રધાન પદ માટે કોંગ્રેસના દિગ્ગજ નેતા ભૂપિન્દર સિંહ હુડા અને વરિષ્ઠ નેતા કુમારી સેલજા વચ્ચેની સત્તાની ટક્કર સામે આવી હતી, અને ૫૬દા પાછળ ઘણું નુકસાન થયું જેનું નિયંત્રણ જરૂરી હતું. પ્રાદેશિક દળો અને અપક્ષોએ વિપક્ષ માટે બાજી બગાડી છે : કોંગ્રેસ મત-શેરમાં ભાજપ કરતા નજીવી રીતે આગળ છે, વલણો દર્શાવે છે કે તેને વધુ બેઠકો મળી રહી નથી. ઘણી બેઠકો પર, માર્જિન ખૂબ જ ઓછું છે, જે દર્શાવે છે કે પ્રાદેશિક પક્ષો અને અપક્ષોએ હરિયાણામાં સત્તા વિરોધી મતો મેળવ્યા જેનાથી ભાજપને ફાયદો થયો. જોકે આ ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષો જીતવામાં નિષ્ફળ રહ્યા હતા. INLD અને BSP હાલમાં એક-એક સીટ પર આગળ છે અને ચાર અપક્ષો આગળ છે. જાટ વિરોધી એકત્રીકરણ : જમિસ્ટર હુડાની આગેવાની હેઠળ કોંગ્રેસે જાટ મતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું, ત્યારે દેખીતી રીતે ભાજપની તરફેણમાં બિન-જાટ મતોનું કાઉન્ટર કોન્સોલિડેશન હતું. કોંગ્રેસની જીત એ રાજ્યમાં પ્રભાવશાળી સમુદાયના ભારણની પુનરાગમન તરફ ધ્યાન દોર્યું હશે. તેના બદલે, અન્ય સમુદાયોએ શાસક પક્ષની તરફેણમાં ભારે મતદાન કર્યું હોવાનું જણાય છે. બીજેપીનું બેકરૂમ વર્ક : ચૂંટણી વિશ્લેષકોએ હરિયાણામાં બીજેપીની હાર માની લીધી છતાં, મૌન રહીને કાર્ય કરવાથી શાસક પક્ષની તરફેણમાં મોજું ફરી વળ્યું. કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા ધર્મેન્દ્ર પ્રધાનને કઠિન ચૂંટણી માટે પાર્ટીના પ્રચારની જવાબદારી સોંપવામાં આવી હતી અને વલણો સૂચવે છે તેમ, તેમણે સફળતા મેળવી છે. ભાજપની ચૂંટણી તંત્રએ ફરી કોંગ્રેસના જડબામાંથી જીત છીનવી લીધી છે. કોંગ્રેસના પ્રવક્તા અજોય કુમારે એનડીટીવીને જણાવ્યું હતું કે પાર્ટીએ ચોક્કસપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કે તે શા માટે જનતાના સમર્થનને મતમાં પરિવર્તિત કરી શકતી નથી. ભાજપની શહેરી સર્વોચ્ચતા: છેલ્લા એક દાયકામાં ભાજપે હરિયાણાના શહેરી વિસ્તારોમાં, જેમ કે ગુડગાંવ અને ફરીદાબાદમાં સમર્થન એકત્ર કર્યું છે. કોંગ્રેસ ગ્રામીણ વિસ્તારોમાં સફાયો કરવાની અપેક્ષા રાખતી હતી, પરંતુ તે થયું હોય તેવું દેખાતું નથી. ગુડગાંવ, ફરીદાબાદ અને બલ્લભગઢમાં ભાજપ આ સમયે આગળ છે.

## અલ્હાબાદ હાઈકોર્ટનો મોટો નિર્ણય

# લિવ ઈનમાં રહેતા લોકો વિરુદ્ધ દાખલ થઈ શકે છે દહેજ હત્યાનો કેસ

(એજન્સી) અલ્હાબાદ, તા.૮

લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો સામે દહેજ હત્યાનો કેસ નોંધાઈ શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. એક કેસમાં પોતાનો ચુકાદો આપતાં અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું હતું કે, પતિ-પત્નીની જેમ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો પર દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનનો કેસ નોંધી શકે છે. કોર્ટે કહ્યું કે, દહેજ હત્યાનો કેસ નોંધવા માટે કપલ્સનું પતિ-પત્નીની જેમ જીવવું પૂરતું છે. આ આદેશ જસ્ટિસ રાજબીરસિંહે આદર્શ યાદવની અરજી ફગાવતા આપ્યો હતો. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં અરજદાર વિરુદ્ધ દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનના આરોપમાં FIR દાખલ કરવામાં આવી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, લગ્ન માટે દહેજની માગણીથી કંટાળીને પીડિતાએ આત્મહત્યા કરી હતી. પોલીસે દહેજ હત્યાના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી હતી, જેમાં તેણે ગુનામાંથી નિર્દોષ છોડવાની વિનંતી કરી હતી. અરજદારે કહ્યું કે, તે કાયદેસર રીતે પીડિતાનો પતિ નથી, તેથી તેની સામે દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનનો કેસ દાખલ કરી શકાય નહીં. સરકારી વકીલે કહ્યું કે, મૃતકના લગ્ન કોર્ટ મારફતે થયા હતા. અરજદાર મૃતકને દહેજ માટે હેરાન કરતો હતો, આથી પીડિતાએ આત્મહત્યા કરી હતી. કોર્ટે કહ્યું કે, માત્ર પતિ જ નહીં પરંતુ તેના સંબંધીઓ પર પણ દહેજ હત્યા માટેનો આરોપ લગાવી શકાય છે, ભલે એવું માની લેવામાં આવે કે, મૃતક કાયદેસર રીતે પત્ની નથી. એવા પુરાવા છે કે, તેઓ પતિ-પત્નીની જેમ એક સાથે રહેતા હતા, તેથી આ કેસમાં દહેજ હત્યાની જોગવાઈઓ લાગુ થાય છે.

# NCERT પાઠ્યપુસ્તકો એમેઝોન પર પ્રિન્ટેડ કિંમતે વેચવામાં આવશે

(એજન્સી) તા.૮

શિક્ષણ મંત્રી મેંન્દ્ર પ્રધાને સોમવારે જાહેરાત કરી કે NCERTની મુખ્ય પાઠ્ય પુસ્તકો હવે એમેઝોન જેવા મોટા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર પ્રિન્ટેડ કિંમતે ઉપલબ્ધ થશે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) અને એમેઝોન વચ્ચેના એમઓયુ પર હસ્તાક્ષર કરતાં પ્રધાને જણાવ્યું કે આ પ્રકારનો પહેલો કરાર છે જે મુખ્ય ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર મુદ્રિત કિંમતે મૂળ NCERT પાઠ્યપુસ્તકોને સુનિશ્ચિત કરશે. તેમણે જણાવ્યું કે NCERT આગામી શૈક્ષણિક સત્ર માટે ૧૫ કરોડ પુસ્તકો પ્રકાશિત કરીને પુસ્તકોના પ્રકાશનમાં ત્રણ ગણો વધારો કરશે. એમેઝોન સાથે એનસીઈઆરટીની ભાગીદારીની પ્રશંસા કરતાં પ્રધાને જણાવ્યું કે તે જીવનને સરળ બનાવવા અને શિક્ષણની પહોંચ વધારવાની દિશામાં એક પગલું છે. તેમણે જણાવ્યું કે દેશભરમાં લગભગ ૨૦,૦૦૦ પિન કોડમાં પુસ્તકો મહત્તમ દર (MRP) પર ઉપલબ્ધ થશે. 'આ પહેલ શિક્ષણને સમાવિષ્ટ, સુલભ અને સસ્તું બનાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના વિઝનને મજબૂત બનાવશે. મંત્રીએ જણાવ્યું કે આ પહેલ સમગ્ર દેશમાં ડિજિટલ પહોંચ વધારવામાં મદદ કરશે અને 'જીવનને સરળ બનાવવા'ના સરકારના વિઝનને પણ મજબૂત કરશે. તેમણે જણાવ્યું કે NCERT ૧૯૬૩થી પાઠ્યપુસ્તકો સાથે લગભગ ૨૨૦ કરોડ પુસ્તકો અને સામયિકો પ્રકાશિત કરીને ભારતના શિક્ષણ લેન્ડસ્કેપને આકાર આપી રહ્યું છે. NCERT એ દેશ માટે એક અગ્રણી થિંક ટેન્ક છે તેના પર ભાર મૂકતા, પ્રધાને જણાવ્યું કે તેને ૨૧મી સદીના પાઠ્યપુસ્તકો વિકસાવવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ યુગના ૩૦ કરોડ વિદ્યાર્થીઓ માટે શિક્ષણને આનંદપ્રદ બનાવવાના મહત્વ પર ભાર મૂકતા, તેમણે વાર્તાલાપ પુસ્તકો જેવી નવીનતાઓ સહિત અરસપરસ અને એઆઈ-સંચાલિત ઈ-પુસ્તકોના વિકાસ માટે વિનંતી કરી. શિક્ષણમાં પાઠ્યપુસ્તકોના મહત્વ પર પ્રકાશ પાડતા, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (ડોસેલ)ના સચિવ સંજય કુમારે આ આવશ્યક સંસાધનોની સપ્લાય ચેઈનને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, પાઠ્યપુસ્તકો, જે દેશમાં કુલ પુસ્તકોના વેચાણમાં લગભગ ૯૬% હિસ્સો ધરાવે છે, વિદ્યાર્થીઓ સુધી પહોંચ વધારવા માટે એમેઝોન જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ઉપલબ્ધ કરાવવી જોઈએ.

**મધ્યપ્રદેશમાં બે માસથી નાસતા ફરતા રેપના આરોપીએ પીડિતાના ઘરમાં ઘૂસી ગોળીબાર કરતા સગીરાના દાદાનું મૃત્યુ; પરિવારના ત્રણ સભ્યોને ઈજા : બાળા અને તેના કાકા સારવાર બાદ ભયમુક્ત; છતરપુર જિલ્લાની ઘટના.**

**બેંગ્લુરૂમાં વાસી ખોરાક ખાવાને કારણે પાંચ વર્ષના બાળકનું મોત : ઘરમાં પડેલા પાપડ સહિત વાસી ભોજનથી ફૂડ પોઈઝનિંગ થયું.**

**ભારત સાથે સંબંધો સુધરતા જ માલદિવને આર્થિક સંકટમાંથી બહાર લાવવા ભારતે ૭૬ કરોડ ડોલરના ચલણની અદલાબદલી કરી; પીએમ મોદી સાથે માલદિવ પ્રમુખ મોઈઝ્ઝુની ફળદાયી બેઠક.**

**પૂર્વ સુકાની મોહમ્મદ અઝહરૂદ્દીન નાણાં હેરફેર કેસ અંગે હૈદરાબાદમાં ઈડી સમક્ષ હાજર થયા : નિવેદન નોંધાયું.**

**હરિયાણામાં વિનેશ ફોગાટના વિજય પર બ્રિજભૂષણની પહેલી પ્રતિક્રિયા; 'જહાં જાયેગી, સત્યાનાશ..'**

**'લોકો તમારી સાથે છે': જમ્મુ-કાશ્મીરના 'આપ'ના પ્રથમ ધારાસભ્ય મહેરાજ મલિકને વીડિયો મેસેજથી અભિનંદન આપતા કેજરીવાલ**

**ચેન્નાઈમાં રૂા.૧ની અથાણાની પડીકી સ્ટોરમાં ન હોવાથી મુસ્લિમ દુકાનદાર પર હુમલો : દુકાનને નુકસાન; બે ભાઈઓને ઈજા થઈ**

**લુધિયાણામાં ૪ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરીને ત્રીજા માળેથી નીચે ફેંકી દેવાઈ આઘાતજનક ઘટના**

# ભાજપે હરિયાણામાં કેવી રીતે અશક્યને શક્ય કરી બતાવ્યું

**હરિયાણા ચૂંટણી : ૧૦ વર્ષની લોકો વિરોધી લહેરને દૂર કરીને ભાજપ હરિયાણામાં ચૂંટણી જીતી રહ્યું છે, પરંતુ ભાજપ આ કરવામાં કેવી રીતે સફળ થયું ? કોંગ્રેસની જાટો પર વધુ પડતી નિર્ભરતા અને આંતરકલહથી માંડીને ભાજપની તરફેણમાં કાઉન્ટર વોટ એવા પરિબળો છે જેણે ભાજપ માટે કામ કર્યું છે**

(એજન્સી) તા.૮

ક્રિકેટ મેચની જેમ ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી તેના પરિણામો વિશે આગાહી કરી શકાતી નથી. તે કોઈપણ રીતે સ્વિંગ કરી શકે છે. મંગળવારના હરિયાણા ચૂંટણી પરિણામો તેનો વધુ એક પુરાવો છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવતાં જ ભાજપે કોંગ્રેસના જડબામાંથી વિજય છીનવી લીધો છે. આ અહેવાલ ફાઈલ કરવામાં આવ્યો ત્યારે, ભાજપ તેની સામે ૧૦ વર્ષ સુધી સત્તા વિરોધી વલણ હોવા છતાં ૯૦ સભ્યોના ગૃહમાં, ૪૯ બેઠકો પર આગળ હતું. તે ઈન્ડિયન નેશનલ લોકદળ (INLD) અને અપક્ષોની મદદથી સરળતાથી સરકાર બનાવી શકે છે. આ ઐતિહાસિક પરિણામ છે કારણ કે હરિયાણામાં ક્યારેય કોઈ પક્ષે હેટ્રિક કરી નથી.

હરિયાણા વિધાનસભાની ચૂંટણી સમગ્ર રીતે કોંગ્રેસની ચૂંટણી હોવાનું માનવામાં આવતું હતું. એક્ઝિટ પોલમાં પણ એવી જ આગાહી કરવામાં આવી હતી. ચર્ચા તેની જીતના માર્જિન પર કેન્દ્રિત હતી. પરંતુ ભાજપે અસંભવને મેનેજ કર્યું અને ન માત્ર તેની સીટ સંખ્યા ૪૦થી વધારીને ૫૦ કરી પરંતુ તેનો વોટ શેર ૨૦૧૯માં ૩૬%થી વધીને ૨૦૨૪માં લગભગ ૪૦% થયો છે.

ભાજપે ચૂંટણીમાં જંગી આશ્ચર્ય કેવી રીતે કર્યું તેનું વિશ્લેષણ કરવું રસપ્રદ છે. ભાજપને મદદ કરનાર સૌથી મોટું પરિબળ એ હતું કે જાટ સમુદાય કોંગ્રેસની આસપાસ એકઠા થઈ રહ્યો હોવાનું માનવામાં આવતું હતું. સેન્ટર ફોર પોલિસી રિસર્ચના સાથી રાહુલ વર્માએ ઈન્ડિયા ટુડે ટીવીને જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ માટે જાટ મતોનું ધ્રુવીકરણ હતું, તો ભાજપ માટે કાઉન્ટર-ધ્રુવીકરણ હતું. એવું લાગતું નથી કે જાટોએ કોંગ્રેસને બ્લોકમાં મત આપ્યો છે. ભાજપ જાટ બહુમતી બેઠકોમાંથી ૩૬ માંથી ૧૯ બેઠકો પર આગળ છે. લોકસભામાં કોંગ્રેસે ૩૬ જાટ-ભૂમિ બેઠકોમાંથી ૨૭ બેઠકો પર જીત મેળવી હતી. જાટ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડા હેઠળ કોંગ્રેસે આ બેઠકો ગેરંટી તરીકે લીધી હતી. હવે, એવું લાગે છે કે આ તે પ્રદેશ છે જ્યાં ભાજપે તેના ભૂતપૂર્વ સાથી દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટીને સાથે જીત મેળવી છે.

ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯માં તેની સરકારો બનાવવા માટે દક્ષિણ હરિયાણાના અહિરવાલ બેલ્ટ પર આધાર રાખ્યો હતો. આ જ પ્રદેશ ૨૦૨૪માં પણ ભાજપને વફાદાર સાબિત થયો હતો. ભાજપે અહિરવાલ પ્રદેશમાં ૧૧ વિધાનસભા બેઠકો પર આગળ છે. લોકસભા ચૂંટણીમાં પણ ૧૧માંથી ૧૦ વિધાનસભા બેઠકોએ ભાજપની તરફેણમાં મતદાન કર્યું હતું. હરિયાણાના સાયબરહબ ગુરૂગ્રામે ભગવા પાર્ટીની તરફેણમાં મતદાન કર્યું છે. ગુડગાંવના બીજેપી સાંસદ અને કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંઘ, એક અહિરવાલ નેતા, ૨૦૨૪ની શરૂઆતમાં સાંસદ તરીકે છઠ્ઠી વખત જીત્યા. તેમણે અહિરવાલ પ્રદેશમાં બીજેપીના અભિયાનનું નેતૃત્વ કર્યું. શહેરી મતદારોએ ભાજપ પ્રત્યે વફાદારી જાળવી રાખી હતી. ભાજપે શહેરી કેન્દ્રોની બેઠકો પર કબજો જમાવ્યો હતો. ત્રીજું મોટું પરિબળ એ હતું કે ભાજપે નાયબ સિંહ સૈનીના નેતૃત્વમાં સંયુક્ત મોરચો બનાવ્યો હતો, જેમને ચૂંટણીના એક વર્ષ પહેલાં જ હરિયાણાના મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મનોહર લાલ ખટ્ટરને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પહેલેથી જ કેન્દ્રીય મંત્રાલયમાં લેવામાં આવ્યા હતા.

કોંગ્રેસની છાવણીમાં પુષ્કળ સમસ્યા જોવા મળી રહી છે. ૨૦૦૫થી ૨૦૧૪ સુધી હરિયાણાના મુખ્યપ્રધાન રહી ચૂકેલા વિપક્ષના નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડા સૌથી પ્રબળ દાવેદાર હતા. ત્યારબાદ દલિત નેતા કુમારી સેલજા, રણદીપ સૂરજેવાલા અને ભૂપિન્દરના પુત્ર દીપેન્દ્ર હુડ્ડાનું નામ હતું. એવું નોંધવામાં આવ્યું છે કે હુડ્ડા સિનિયરે ૯૦માંથી ૭૨ ટિકિટ તેમના વફાદારોને આપી હતી, જેથી કોંગ્રેસ જીતે ત્યારે મુખ્ય પ્રધાનની ખુરશી પર તેમનો દાવો મજબૂત બને. પરિણામો એ સંકેત આપી શકે છે કે કોંગ્રેસે તેના ઉમેદવારોની જીતની ક્ષમતા કરતાં વફાદારીના પરિબળ પર વધુ ધ્યાન આપ્યું છે.

જાટ મતોમાં કોંગ્રેસના અતિવિશ્વાસથી શરૂ કરીને, ભાજપની તરફેણમાં કાઉન્ટર ધ્રુવીકરણ, કોંગ્રેસમાં લડાઈ, નાયબ સિંહ સૈની હેઠળ એકજુટ દેખાવ અને ભાજપે તેના વફાદાર મતદારો જાળવી રાખતા હરિયાણાની ચૂંટણીની જીત નક્કી કરી છે. આ પરિબળોએ ભાજપને અશક્ય પરિણામો મેળવવામાં અને હરિયાણામાં ઐતિહાસિક હેટ્રિકમાં મદદ કરી છે.

## જમ્મુ-કાશ્મીરમાં અનેક સીટની ચર્ચા થઈ રહી છે

# જમ્મુ-કાશ્મીર : આતંકી હુમલામાં પિતા-કાકા ગુમાવનારી શગુન પરિહારે જીતી ચૂંટણી

**નવેમ્બર ૨૦૧૮માં કિશ્તવાડમાં આતંકીએ શગુનના પિતા અજીત પરિહાર અને કાકા અનિલ પરિહારની હત્યા કરી હતી**

(એજન્સી) જમ્મુ, તા.૮

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં અનેક સીટની ચર્ચા થઈ રહી છે. કેન્દ્રની સત્તાધારી ભાજપે કિશ્તવાડ સીટથી આતંકી હુમલામાં પિતા-કાકા ગુમાવનારી શગુન પરિહારને મેદાનમાં ઉતારી હતી. પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં ઉતરેલી શગુને જીત નોંધાવી હતી. તેણે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર સજ્જાદ અહેમદને ૫૨૧ વોટથી હરાવ્યા હતા.શગુન ભાજપના દિગ્ગજ નેતા રહેલા અનિલ પરિહારની ભત્રીજી છે. અનિલ જમ્મુ કાશ્મીરમાં ભાજપના સચિવ હતા. નવેમ્બર ૨૦૧૮માં કિશ્તવાડમાં આતંકીએ શગુનના પિતા અજીત પરિહાર અને કાકા અનિલ પરિહારની હત્યા કરી હતી. ડોડા જિલ્લામાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કિશ્તવાડની ઉમેદવાર શગુન પરિહારનો ઉલ્લેખ કર્યો હતો. પીએમે કહ્યું હતું કે, ભાજપે આતંકવાદનો શિકાર બનેલી પુત્રીને ટિકિટ આપી છે. શગુન માત્ર પાર્ટીની ઉમેદવાર જ નથી પરંતુ આતંકવાદને ખતમ કરવાના ભાજપના ઈરાદાની જીવતી જાગતી તસવીર છે.

કિશ્તવાડ સીટથી ભાજપની શગુન પરિહારનો મુકાબલો નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂ અને પીડીપીના ફિરદૌસ અહમદ ટાક સાથે રહ્યો. ૨૦૧૪ની ચૂંટણીમાં અહીંયા ભાજપના સુનીલ કુમાર શર્માને સફળતા મળી હતી. સુનીલે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાદ સજ્જાદ અહેમદ કિચલૂને ૨૮૫૨ વોટથી હરાવ્યા હતા. હવ શગુન પરિહારે નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂને ૫૨૧ મતથી હરાવ્યા હતા. શગુન પરિહારને ૨૯,૦૫૩ વોટ મળ્યા હતા, જ્યારે સજ્જાદ અહમદ કિચલૂને ૨૮,૫૩૨ વોટ મળ્યા હતા.

# યુપી : હિન્દુ વિસ્તારમાં ભીખ માંગવા બદલ અમેઠીમાં વૃદ્ધ મુસ્લિમ વ્યક્તિને માર મારવામાં આવ્યો



(એજન્સી) તા.૮

યુપીના અમેઠીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક વ્યક્તિ મુસ્લિમ વૃદ્ધને મારતો જોવા મળી રહ્યો છે. એ વિસ્તારમાં એક મુસ્લિમ માણસ ભીખ માંગતો હતો. ત્યારે એક હિન્દુ વ્યક્તિએ આ મુસ્લિમ ભિખારીને મારવાનું શરૂ કર્યું. તે વ્યક્તિએ તેની સાથે દુર્વ્યવહાર પણ કર્યો હતો અને તેને ફરીથી તે વિસ્તારમાં આવવાની મનાઈ કરી હતી. આ ઘટનાનો વીડિયો સામે આવ્યા બાદ પોલીસે આ મામલે તપાસ કરવાની વાત કરી છે. આ મામલો મોહનગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ભગીરથપુર ગામનો છે. સોમવારે સવારે એક ખાસ સમુદાયના વડીલ ગામમાં ભીખ માંગવા આવ્યા. આ દરમિયાન ભિખારી ગામના રહેવાસી વિજય બહાદુર સિંહના ઘરની સામે પહોંચી ગયો. આરોપ છે કે ઘરની બહાર ઉભેલા ભિખારીને જોઈને વિજય બહાદુર ગુસ્સે થઈ ગયો હતો. જે બાદ તેણે ભિખારી સાથે દુર્વ્યવહાર કર્યો અને તેને લાકડી વડે માર માર્યો. આ દરમિયાન એક વ્યક્તિએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. એસએચઓ રાકેશ સિંહે કહ્યું કે આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ સુધી ફરિયાદ મળી નથી. ફરિયાદ મળતા જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ દરમિયાન એક વ્યક્તિએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ આરોપીએ વૃદ્ધ ભિખારીને મારવાનું ચાલુ રાખ્યું. સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. પોલીસે આ મામલાની નોંધ લઈ આરોપીઓને કસ્ટડીમાં લઈને પૂછપરછ હાથ ધરી છે. હાલમાં પીડિતા તરફથી પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. મોહનગંજના એસએચઓ રાકેશ સિંહે જણાવ્યું કે આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ સુધી ફરિયાદ મળી નથી ફરિયાદ મળશે તો ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# હરિયાણાની ચૂંટણીમાં રાહુલ ગાંધી, ભાજપ અને જલેબી ફેક્ટર

**હરિયાણાના ગોહાનામાં વિખ્યાત જલેબીઓ અંગે વિધાનસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ભાષણમાં વાત કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ હરિયાણાની ચૂંટણીમાં ભાજપ પર નિશાન સાધવા આ સ્વીટ ડિશનો ઉપયોગ કર્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

હરિયાણાની આ ચૂંટણીમાં બે કીવર્ડ એ 'જાટ અને જલેબી' હતા. કોંગ્રેસે બંને પર જોરદાર દાવ લગાવ્યો હતો, પરંતુ વલણો દર્શાવે છે કે કોંગ્રેસને આનું ફળ મળ્યું નથી. હરિયાણાના ગોહાનામાં વિખ્યાત જલેબીઓ અંગે વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના ભાષણમાં વાત કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ હરિયાણાની ચૂંટણીમાં ભાજપ પર નિશાન સાધવા આ સ્વીટ ડિશનો ઉપયોગ કર્યો હતો. રસદાર મીઠી વાનગીના મોટા પાયે ઉત્પાદન અને નિકાસ માટે આહવાન કરતી તેમની ટિપ્પણીની ભાજપ દ્વારા મજાક ઉડાવવામાં આવી હતી. આજે સવારે, પ્રારંભિક વલણોએ કોંગ્રેસની લીડ દર્શાવ્યા પછી, પાર્ટીના કાર્યકરોએ અકાળે ઉજવણી કરી હોવાથી દિલ્હીમાં કોંગ્રેસ કાર્યાલયમાં જલેબીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જો કે, મતગણતરીનાં પછીના રાઉન્ડમાં ભાજપે વળતો પ્રહાર કર્યો અને પછી મુખ્ય વિપક્ષ કરતાં ઘણો આગળ વધ્યો. હવે ઉજવણી કરવાનો વારો સત્તાધારી પક્ષનો હતો. અને તેઓ તે કેવી રીતે કરવાની આ યોજના ધરાવે છે ? પાર્ટીના સૂત્રોએ જણાવ્યું છે કે ભાજપ મુખ્યાલયમાં ભવ્ય ઉજવણી માટે જલેબીનો ઓર્ડર આપવામાં આવ્યો છે. સ્વીટ ડિશની પસંદગી એ ભાજપ તરફથી કોંગ્રેસ અને ગાંધીને સ્પષ્ટ રાજકીય સંદેશ છે. ગોહાનામાં એક રેલીને સંબોધતા, ગાંધીએ મથુ રામ હલવાઈ પાસેથી જલેબીનું બોક્સ હાથમાં લીધું અને કહ્યું કે આ દેશભરમાં વેચવી જોઈએ અને નિકાસ પણ કરવી જોઈએ. લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે આનાથી રોજગારીની વધુ તકો ઊભી થશે. જો મથુ રામ જલેબી અન્ય રાજ્યોમાં વેચવામાં આવે અને તેની નિકાસ પણ કરવામાં આવે, તો એક દિવસ તેની ફેક્ટરીમાં ૨૦,૦૦૦-૫૦,૦૦૦ વધુ લોકો કામ કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્રના નોટબંધીથી અને GSTથી મથુ રામ જેવા વેપારીઓને નુકસાન થયું છે. કોંગ્રેસના નેતાની ટિપ્પણીએ ભાજપના નેતાઓની હાંસી ઉડાવી હતી, જેમણે કહ્યું હતું કે મીઠી વાનગી કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તે અંગે તેઓ અજાણ હતા. બીજેપીના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે, મને પણ ગોહાનાની જલેબી ગમે છે. હવે રાહુલ ગાંધી યુએસમાં ફેક્ટરી લગાવવાની વાત કરી રહ્યા છે. પરંતુ જલેબી કેવી રીતે બને છે અને કેવી રીતે વેચાય છે તે સમજવું પડશે. ભાજપના દિગ્ગજ નેતાએ કહ્યું કે ગાંધી તેમનું હોમવર્ક યોગ્ય રીતે કરતા નથી. રસપ્રદ વાત એ છે કે, મહિનાઓ પહેલા લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણમાં ગોહાના જલેબીની વાત પણ જોવા મળી હતી. પીટીઆઈના અહેવાલ મુજબ પ્રખ્યાત ગોહાના જલેબી ૧૯૫૮માં શરૂઆત કરવામાં આવી હતી જ્યારે સ્વર્ગસ્થ માતુ રામે આ વેચવાનું શરૂ કર્યું. આ બિઝનેસ હવે તેમના પૌત્ર રમણ ગુપ્તા અને નીરજ ગુપ્તા ચલાવે છે. આ જલેબી શુદ્ધ દેશી ઘીમાંથી બનેલી છે, ક્રિસ્પી છતાં નરમ છે અને દરેકનું વજન લગભગ ૨૫૦ ગ્રામ છે. એક કિલો વજનના ચાર નંગના બોક્સની કિંમત રૂા.૩૨૦ છે. આ મીઠાઈની શેલ્ફ લાઈફ એક અઠવાડિયા કરતાં વધુ છે. ગોહાના જલેબીની સફરનું વર્ણન કરતાં મિસ્ટર ગુપ્તાએ કહ્યું કે, ગોહાનામાં અનાજનું મોટું બજાર છે. ખેડૂતો ખેતરોમાં ખૂબ જ મહેનત કરતા હતા, અને પ્રતિકૂળ હવામાનમાં પણ શુદ્ધ દેશી ઘીમાંથી બનેલી મોટી જલેબી માત્ર તેમને જરૂરી કેલરી આપે છે અને તે ઘણા દિવસોની શેલ્ફ લાઈફ પણ ધરાવે છે અને તેઓ ગમે ત્યારે તેનો સ્વાદ લઈ શકે છે. શરૂઆતમાં, તે એક નાની દુકાન હતી અને વર્ષો પછી તે પ્રખ્યાત થઈ, ગોહાનામાંથી પસાર થતા ટોચના રાજકારણીઓ પણ આ મીઠાઈનો સ્વાદ લેવા આવે છે.

## હરિયાણાના પરિણામો અંગે જયરામ રમેશનો આક્ષેપ

# કોંગ્રેસ હારી નથી પણ હરાવવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામોથી કોંગ્રેસે અસંતોષ વ્યક્ત કર્યો છે અને કોંગ્રેસના નેતા તથા સાંસદ જયરામ રમેશે એવો આક્ષેપ કર્યો છે કે, સમગ્ર પ્રક્રિયાનો દુરૂપયોગ કરીને કોંગ્રેસનો વિજય છીનવી લેવાયો છે અને એ રીતે કોંગ્રેસ હારી નથી પણ હરાવવામાં આવી છે. કોંગ્રેસે તેના પરાજય માટે સમગ્ર સિસ્ટમ પર દોષનો ટોપલો મૂક્યો છે એ જ રીતે પરાજય માટે EVMને પણ જવાબદાર ગણાવ્યા છે. જયરામ રમેશે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી પરિણામોની સમીક્ષા કરશે એક સમીતિ બનાવવામાં આવશે દરેક જવાબદાર સાથે વાત કરીને વિશ્લેક્ષણ કરવામાં આવશે કેમકે પ્રજાનો ઝોક કોંગ્રેસની તરફદારીમાં હતો અને જે પરિણામો છે તે લોક મીજાજનું પ્રતિબિંબ પાડતા નથી. કોંગ્રેસ હારી નથી હરાવવામાં આવી છે એવું અમારૂ માનવું છે છતાં અમે આત્મનિરીક્ષણ કરશું. કોંગ્રેસના બીજા નેતા પવન ખેરાએ પણ જણાવ્યું હતું કે, હું જમ્મુ-કાશ્મીરની પ્રજાને અભિનંદન આપુ છું. પ્રજાએ એમના ગૌરવને હણી રહેલા લોકોને જડબાતોડ જવાબ આપ્યો છે.

## સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું

# 'મહાત્મા ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે'

(એજન્સી) રાયપુર, તા.૮

જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, મહાત્મા ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે. વાસ્તવમાં છત્તીસગઢની રાજધાની રાયપુર પહોંચેલા શંકરાચાર્યે અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. આ સાથે તેમણે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની માંગ કરી હતી. શંકરાચાર્યે કહ્યું કે, એક દેશ, એક કર અને એક દેશ, એક ચૂંટણીની વાત થઈ રહી છે, તો ગાયને લઈને સમગ્ર દેશમાં સમાન કાયદો હોવો જોઈએ. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે એક પ્રશ્નના જવાબમાં કહ્યું, 'ભારતમાં રાષ્ટ્રપિતા જેવી કોઈ વસ્તુ નથી. ભારત કેટલા સમયથી અસ્તિત્વમાં છે તે કોઈ જાણતું નથી. પાકિસ્તાન એક અલગ રાષ્ટ્ર બન્યું અને મોહમ્મદ અલી ઝીણા ત્યાંના કાયદા-એ-આઝમ બન્યા કારણ કે, પાકિસ્તાનનો નવો જન્મ થયો હતો. ભારત પહેલેથી જ હતું. લોકોએ અફવા ફેલાવી કે મોહનદાસ કરમચંદ રાષ્ટ્રપિતા છે.' શંકરાચાર્યે કહ્યું કે, જો મોહનદાસ કરમચંદ ગાંધીને રાષ્ટ્રપિતા કહેવામાં આવે છે તો એ જણાવવું જોઈએ કે તેમણે કયા રાષ્ટ્રને જન્મ આપ્યો છે. તેઓ પોતે આ રાષ્ટ્રમાં જન્મ્યા હતા. મોહનદાસ કરમચંદ ગાંધી આ દેશના રાષ્ટ્રપિતા ન હોઈ શકે. મઠ અને મંદિરોને સરકારી નિયંત્રણમાંથી બહાર કાઢવાની માંગના પ્રશ્ન પર શંકરાચાર્યે કહ્યું, આ ખૂબ જ સારી વાત છે, અમે તેનું સમર્થન કરીએ છીએ કારણ કે, પ્રતિષ્ઠાનું રક્ષણ કરવું દરેકના અધિકારમાં નથી. જેમણે બિનસાંપ્રદાયિકતાના શપથ લીધા છે તેમના માટે ચોક્કસપણે નહીં. છત્તીસગઢમાં ગાયને લઈને શંકરાચાર્યે કહ્યું, અમને છત્તીસગઢ રાજ્ય પાસેથી ઘણી અપેક્ષાઓ છે, અહીં દરેક ગામમાં દરેક વ્યક્તિ ગાય સાથે જોવા મળે છે. અહીંના લોકોમાં ગાય પ્રત્યે ભક્તિ છે. છત્તીસગઢમાં ગાયને માહતરીના રૂપમાં માતા માનવામાં આવે છે. તેમણે કહ્યું કે, આ દેશમાં ગાયોની હત્યા અને કતલ થઈ રહી છે. અમારી માંગ છે કે, આ દેશમાં ગાયનું રક્ષણ કરવામાં આવે અને રાષ્ટ્ર માતા જાહેર કરવામાં આવે.

## વીડિયો કોલથી ધરપકડની ચીમકી અપાય તો સહેજપણ ગભરાશો નહીં

# CBI, પોલીસ કે ઈડી વીડિયો કોલ્સથી કોઈની ધરપકડ નથી કરતા : I4C

**લોકોને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો- ઓર્ડિનેશન સેન્ટરની સૂચના**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દેશભરમાં સાયબર ળોડના કિસ્સાઓ ચિંતાજનક હદે વધી રહ્યાં છે. આ મામલે લોકોમાં જાગરૂકતા ફેલાવવા તથા તેમને આવા સાયબર અપરાધોનો ભોગ બનતાં અટકાવવા સરકારની સાયબર ક્રાઈમ પર લગામ કસતી સંસ્થા ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર(I4C) દ્વારા એક નિવેદન જારી કરી જણાવ્યું છે કે, સીબીઆઈ, પોલીસ, કસ્ટમ, ઈડી કે ન્યાયાધિશો ક્યારેય વીડિયો કોલ્સના માધ્યમથી કોઈ વ્યક્તિની ધરપકડ નથી કરતાં.આ રીતે કરવામાં આવતાં કોલ્સને સ્કેમ એટલે કે કૌભાંડ ગણાવતાં સેન્ટરે લોકોને ઈન્ટરનેટના માધ્યમથી આચરવામાં આવતા આવા અપરાધો સામે સાવચેત રહેવાનું જણાવ્યું છે. આ ઉપરાંત I4C દ્વારા આવા અપરાધોની જાણ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર અથવા www. cybercrime.gov.in નામની વેબસાઈટ પર કરવા લોકોને અપીલ કરી છે. સાયબર ક્રાઈમ સેન્ટર દ્વારા જારી કરાયેલા જાહેર સૂચનામાં જણાવ્યાં અનુસાર, જો કોઈને વીડિયો કોલના માધ્યમથી ધરપકડ કરવાની ચીમકી અપાય તો સહેજ પણ ગભરાશો નહીં. સાવચેત રહો. સીબીઆઈ, પોલીસ, કસ્ટમ, ઈડી કે જજીસ ક્યારેય વીડિયો કોલ કરી કોઈ વ્યક્તિની ધરપકડ કરતાં નથી.સાયબર ગઠિયાઓ વોટ્સએપ, સ્કાયપ અને તેના જેવા અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા આ પ્રકારના કૌભાંડ આચરી લોકોને ડરાવી, ધમકાવી તેમની પાસેથી પૈસા પડાવે છે. છેલ્લા કેટલાંક સમયથી દેશમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓમાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે. ડિજિટલ ધરપકડ એ સાયબર છેતરપિંડીનો જ એક પ્રકાર છે જેમાં ગુનેગારો લોકોને વિવિધ પ્રકારની ધાકધમકી આપી તેમની પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે. આવા સાયબર ગઠિયાઓ પોલીસ કે સીબીઆઈ જેવી અન્ય સરકારી કાનૂની સંસ્થાના અધિકારી નામે ફોન, એસએમએસ કે વીડિયો કોલ કરી સામેની વ્યક્તિને તેમના કોઈ નજીકના સગાં કે પરિવારની વ્યક્તિ કોઈ ગુના કે સેક્સ રેકેટમાં ફસાયાનું કહી તેમને ડરાવે છે. ત્યારબાદ આ ગઠિયાઓ તેમની ડિજિટલ એરેસ્ટ કરાઈ હોવાનું જણાવી તેમને એક જ સ્થળે રહેવાનું કહી તેમના મોબાઈલ કે લેપટોપનો કેમેરો ચાલુ રાખવાનું કહી તેમની પાસે નાણાં પડાવે છે.

# અન્ડર ટ્રાયલ કેદીઓને સુપ્રીમ કોર્ટ દ્વારા મોટી રાહત, તેઓ નવા કાયદાનો લાભ લઈ શકશે; આ કેસોમાં જામીન આપવામાં આવશે

## BNSS ૪૯૭ કાયદા મુજબ જેલમાં બંધ જૂના અન્ડરટ્રાયલ કેદીઓને મોટી રાહત આપતા સુપ્રીમ કોર્ટે તેમના પર BNSSની કલમ ૪૭૯ લાગુ કરવાનો આદેશ આપ્યો છે, કેન્દ્ર સરકાર તરફથી સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ કોર્ટે શુક્રવારે પોતાનો ચુકાદો આપ્યો છે, આ કલમની જોગવાઈ શું છે અને કેદીઓને તેનો કેટલો ફાયદો થશે

(એજન્સી) તા.૮

૧. કેન્દ્ર સરકારની સ્થિતિ સ્પષ્ટ થયા બાદ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો. ૨. કલમ ૪૭૯ હેઠળ, પ્રથમ વખતના આરોપી, જેમણે એક તૃતિયાંશ સજા ભોગવી હોય તેમને જામીન મળશે. કેન્દ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરી હતી કે નવા કાયદાનો લાભ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૭૯ તમામ અન્ડરટ્રાયલ કેદીઓને મળશે, પછી ભલે તેમના કેસ ૧ જુલાઈ પહેલા નોંધાયેલા હોય. આનો અર્થ એ થયો કે તમામ નવા અને જૂના અંડરટ્રાયલ કેદીઓને એક તૃતિયાંશ સજા ભોગવ્યા બાદ જામીન મળવાનો લાભ મળશે. કેન્દ્ર સરકારે કાયદાના પૂર્વનિર્ધારિત અમલીકરણ અંગેની સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ સુપ્રીમ કોર્ટે દેશભરના જેલ અધિક્ષકોને કલમ ૪૭૯ની જોગવાઈઓને વહેલી તકે લાગુ કરવા આદેશ આપ્યો છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૭૯, ૧ જુલાઈથી અમલમાં આવી છે જે અંડરટ્રાયલ કેદીઓને જેલમાં રાખવાની મહત્તમ મર્યાદા પૂરી પાડે છે.

**આ જોગવાઈ શું છે ?**

આ વિભાગ કહે છે કે જો પ્રથમ વખત ગુનેગાર અંડરટ્રાયલ તે કાયદા હેઠળના ગુના માટે આપવામાં આવેલી મહત્તમ જેલની સજાના એક તૃતિયાંશ ભાગની સજા ભોગવે છે, તો કોર્ટ તેને બોન્ડ પર મુક્ત કરશે. આ સિવાય જો



આજીવન કેદ અને મૃત્યુદંડ સિવાયના અન્ય કોઈ ગુનાનો આરોપી અંડરટ્રાયલ કેદી કુલ સજામાંથી અડધી સજા ભોગવી ચૂક્યો હોય તો કોર્ટ તેને જામીન પર મુક્ત કરશે.

છેલ્લી સુનાવણી પર, કોર્ટે કેન્દ્ર સરકારને એક તૃતિયાંશ સજા ભોગવ્યા પછી જામીન મેળવવાની જોગવાઈના પૂર્વનિર્ધારિત અમલીકરણ અંગે તેની સ્થિતિ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. શુક્રવારે જસ્ટિસ હિમા કોહલી અને સંદીપ મહેતાની ખંડપીઠે સુનાવણી હાથ ધરી હતી. કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીએ સ્થિતિ સ્પષ્ટ કરી અને કહ્યું કે આ જોગવાઈઓ પૂર્વનિર્ધારિત અસરથી લાગુ કરવામાં આવશે.

**આ નિયમો તમામ કેદીઓને લાગુ પડશે**

તેમણે કહ્યું કે એક તૃતિયાંશ સજા ભોગવ્યા પછી જામીન આપવા અંગે BNSSની કલમ ૪૭૯ (૧)ની જોગવાઈઓ દેશભરના તમામ અન્ડરટ્રાયલ કેદીઓને સમાન રીતે લાગુ પડશે, પછી ભલે તેમનો ગુનો ૧ જુલાઈ, ૨૦૨૪ પહેલા નોંધાયેલ હોય. કેન્દ્ર દ્વારા સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ કોર્ટે દેશભરના જેલ અધિક્ષકોને તેનો અમલ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે આ મુજબ અંડરટ્રાયલ કેદીઓની અરજીઓનો શક્ય તેટલો જલ્દી નિકાલ થવો જોઈએ અને બે મહિનામાં પ્રક્રિયા પૂરી કરીને રિપોર્ટ કોર્ટમાં સુપરત કરવામાં આવે. ઉપરાંત, કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે કે ત્યાં કેટલા અંડરટ્રાયલ કેદીઓ છે અને તેમના પર આ જોગવાઈ લાગુ પડે છે અને આ સંબંધમાં કેટલી અરજીઓ આવી છે અને કેટલાને મુક્ત કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટ જેલોમાં વધુ ભીડના કેસની સુનાવણી કરી રહી છે. છેલ્લી સુનાવણી પર, કોર્ટના આસિસ્ટન્ટ એમિકસ ક્યુરી, વરિષ્ઠ વકીલ ગૌરવ અગ્રવાલે, નવા કાયદા BNSSની કલમ ૪૭૯ ટાંકીને કહ્યું હતું કે જો તેઓ નિર્ધારિત મહત્તમ સજામાંથી એક તૃતિયાંશ સજા ભોગવી ચૂક્યા હોય તો પ્રથમ વખત ફોજદારી અન્ડરટ્રાયલ માટે મુક્તિ આપવામાં આવે છે. જો કે, પછી પ્રશ્ન ઊભો થયો કે શું આ કાયદો પૂર્વદર્શી રીતે લાગુ થશે? આના પર બેન્ચે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા ASG ઐશ્વર્યા ભાટી પાસેથી સૂચનાઓ માંગી હતી અને તેમને આ પરિસ્થિતિ સ્પષ્ટ કરવા કહ્યું હતું.

# આર.જી કર હોસ્પિટલના ૫૦ વરિષ્ઠ ડોક્ટરોના ઉપવાસ પર બેઠેલા તબીબો સાથે એકતા દર્શાવવા રાજીનામા

## રાજ્ય સંચાલિત હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓની બેઠકમાં સામૂહિક રાજીનામું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો

(એજન્સી) કોલકાતા, તા.૮

આર.જી કર હોસ્પિટલના લગભગ ૫૦ વરિષ્ઠ ડોકટરોએ સંસ્થાના બળાત્કાર અને હત્યા પીડિતા માટે ન્યાયની માગણી સાથે ૫ ઓક્ટોબરથી આમરણાંત ઉપવાસ પર બેઠેલા ચિકિત્સકો સાથે એકતા દર્શાવવા તેમના રાજીનામા આપ્યા. આ ઘટનાક્રમના થોડા સમય પછી પશ્ચિમ બંગાળની અન્ય મેડિકલ કોલેજોના વરિષ્ઠ ડોકટરોના એક વિભાગે કહ્યું કે તેઓ પણ તેને અનુસરી શકે છે. શહેરની મધ્યમાં સાત જુનિયર ડોકટરો દ્વારા અનિશ્ચિત સમયની ભૂખ હડતાળ અને પશ્ચિમ બંગાળની મેડિકલ કોલેજોમાં તેમના સાથીદારો દ્વારા એકતામાં ૧૨ કલાકના પ્રતિકાત્મક ઉપવાસને પગલે આ વિકાસ થયો છે. "જો સરકાર વિરોધમાં બેઠેલા જુનિયર ડોકટરોની ન્યાયી અને પ્રાસંગિક માગણીઓ પર તેના પગ ખેંચવાનું ચાલુ રાખશે તો અમને સરકારી હોસ્પિટલોના તમામ વરિષ્ઠ ડોકટરોને તેમના રાજીનામાં આપવા માટે રાજ્યવ્યાપી કોલ આપવાની ફરજ પડશે. રાજ્ય સંચાલિત તબીબી સુવિધાઓમાં ડોકટરોની સંસ્થામાંની એક એસોસિએશન ઑફ હેલ્થ સર્વિસિસ ડૉક્ટર્સના પ્રતિનિધિ ડૉ.માનસ ગુમતાએ જણાવ્યું હતું કે, "અમારા જુનિયર સાથીદારો સાથે એકતામાં આ એક પગલું હશે. અમે આજના દિવસના અંત પહેલા અમારી સંસ્થામાં આ થ્રેડબેર વિશે ચર્ચા કરીશું." રાજ્ય સરકારે, તેના ભાગરૂપે જાળવી રાખ્યું છે કે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં તે આંદોલનકારી ડોકટરો સમક્ષ સલામતી અને સુરક્ષાના પગલાંને અમલમાં મૂકશે, જેમાં રીઅલ-ટાઇમ સેન્ટ્રલાઇઝ્ડ બેડ મેનેજમેન્ટ સિસ્ટમ, સીસી કેમેરા ઇન્સ્ટોલેશન અને પેનિક બટનોનો સમાવેશ થાય છે. આ જાહેરાત કરતા, મુખ્ય સચિવ મનોજ પંતે વિરોધ કરી રહેલા ડોકટરોને રાજ્યની આરોગ્યસંભાળ પ્રણાલીમાં સક્રિય હિસ્સેદાર રહેવાની વિનંતી કરી અને જાળવ્યું કે રાજ્યની મેડિકલ કોલેજોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને સુરક્ષા વધારવાના સંદર્ભમાં આંદોલનકારી ડોકટરો અને સરકાર વચ્ચે કોઈ મતભેદ નથી. પ્રભાવિત થયા વિના, વિરોધ કરી રહેલા ડોકટરોએ સરકાર સમક્ષ તાત્કાલિક પગલાં લેવા માટે ૧૦-પોઈન્ટની માગણી કરી છે અને તેમના આમરણાંત ઉપવાસ વિરોધ ચાલુ રાખ્યો છે. તેમની માગણીઓમાં રાજ્યના આરોગ્ય સચિવને હટાવવા, મેડિકલ કોલેજ કેમ્પસમાં સિવિક સ્વયંસેવકોની જગ્યાએ પુરૂષ અને મહિલા



પોલીસ કર્મચારીઓની નિમણૂક, ડોકટરો, નર્સો અને આરોગ્યસંભાળ કાર્યકરોની ખાલી જગ્યાઓ ભરવા, વિદ્યાર્થીઓની ચૂંટણીઓ યોજવી અને રેસિડેન્ટ ડોકટર્સ એસોસિએશનની માન્યતા, રાજ્ય મેડિકલ કાઉન્સિલની કથિત અનિયમિતતાઓની તપાસ અને સતત ધમકી આપતી સિન્ડિકેટમાં સામેલ લોકોને સજા કરવા માટે કૉલેજ-સ્તરની તપાસ સમિતિઓની સ્થાપનાનો સમાવેશ થાય છે. આર.જી કર હોસ્પિટલમાં સામૂહિક રાજીનામું આપવાનો નિર્ણય રાજ્ય સંચાલિત સંસ્થાના વિવિધ વિભાગોના વડાઓની બેઠકમાં લેવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એક વરિષ્ઠ તબીબે મીડિયાને જણાવ્યું હતું કે, "આજે વિભાગોના વડાઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમારી હોસ્પિટલના તમામ ૫૦ વરિષ્ઠ ડોકટરોએ તેમના રાજીનામા પત્રો પર હસ્તાક્ષર કર્યા છે. આ તે યુવા ડૉક્ટરો પ્રત્યે અમારી એકતા વ્યક્ત કરવા માટે છે જેઓ એક કારણ માટે લડી રહ્યા છે." એનઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના વરિષ્ઠ ડોકટરો પણ આર.જી કર હોસ્પિટલમાં તેમના સાથીદારોના પગલે ચાલવાની વિચારણા કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ડૉક્ટર્સનું સંયુક્ત પ્લેટફોર્મ, પશ્ચિમ બંગાળ, આર.જી કર હોસ્પિટલના મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા અને "ભ્રષ્ટાચારથી ઘેરાયેલી" આરોગ્ય સંભાળ પ્રણાલીનો અંત લાવવા માટે ન્યાયની માંગ કરી રહેલા જુનિયર ચિકિત્સકો સાથે એકતાનું વચન આપે છે.

# નવરાત્રિ દરમિયાન સુપ્રીમ કોર્ટની કેન્ટીનમાં માંસાહારી ખોરાકને લઈને વિવાદ

(એજન્સી) તા.૮

નવરાત્રિ દરમિયાન સુપ્રીમ કોર્ટ કેન્ટીનમાં માંસાહારી ભોજન ફરી શરૂ કરવાને લઈને વકીલોના એક ગ્રુપે વિરોધ નોંધાવ્યો છે. વકીલોના આ ગ્રુપે સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશન અને સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ-ઑન-રેકોર્ડ્સ એસોસિયેશનને એક પત્ર લખીને આ નિર્ણયનો વિરોધ કર્યો છે. વકીલ રજત નાયરે સુપ્રીમ કોર્ટની બાર સંસ્થાઓને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે, આ નિર્ણય 'બારના અન્ય સભ્યોની લાગણીઓને ધ્યાને રાખ્યા વિના લેવામાં આવ્યો છે.' પત્રમાં કહેવાયું છે કે, આ નિર્ણય બારની બહુલવાદી પરંપરાને અનુરૂપ નથી. તેથી નવરાત્રિ દરમિયાન માંસાહારી ભોજન ન પીરસવામાં આવવું જોઈએ. આ ઘટનાની શરૂઆત ત્યારે થઈ હતી, જ્યારે કેન્ટીનના ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા એવો નિર્ણય લેવાયો હતો કે, નવરાત્રિના નવ દિવસો સુધી સુપ્રીમ કોર્ટ પરિસરમાં આવેલી માત્ર એક કેન્ટીનમાં માંસાહારી ભોજન પીરસવામાં આવશે નહીં. આ નિર્ણયને લઈને કેટલાક વકીલોએ વાંધો ઉઠાવ્યો હતો અને માંસાહારી ભોજન ફરીથી શરૂ કરવા માટેની માંગણી કરી હતી. વકીલોના એક વર્ગે પત્ર લખીને કહ્યું હતું કે, "લોકોની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે એ માટે માંસાહારી ભોજન પર પ્રતિબંધ લગાવવો યોગ્ય નથી." સાથે પત્રમાં કહેવાયું હતું કે, "આ ભવિષ્ય માટે એક ખોટું ઉદાહરણ પણ બની શકે છે અને આ નિર્ણય બાદ ભવિષ્યમાં આવા ઘણા પ્રતિબંધો માટેનો રસ્તો પણ મોકળો થઈ શકે છે." પત્રમાં વધુમાં કહેવાયું હતું કે, નવરાત્રિ દરમિયાન માંસાહારી ભોજન મળવું પણ જરૂરી છે. આ વિવાદ કારણે શુક્રવારે (૪ ઑક્ટોબર) તે નિર્ણય પરત લેવાયો હતો અને કેન્ટીનમાં માંસાહારી ભોજન પહેલાંની જેમ ફરીથી શરૂ કરી દેવામાં આવ્યું હતું. જો કે, હવે વકીલોના એક મોટા વર્ગે આ નિર્ણયનો પણ વિરોધ કર્યો છે. વકીલ રજત નાયરે પણ બાર સંસ્થાઓને પત્ર લખીને આ અંગેનો વિરોધ નોંધાવ્યો હતો. પત્રમાં તેમણે લખ્યું હતું કે, "આ નિર્ણય બારની 'બહુલવાદી પરંપરા'ને અનુરૂપ નથી. આ અસહિષ્ણુતા અને એકબીજા પ્રત્યેના સન્માનની ઉણપ દર્શાવે છે." આ સાથે એ પણ જાણવા મળ્યું છે કે, સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટિસ કરનારા ઓછામાં ઓછા ૧૩૩ વકીલોએ રજત નાયરના આ પત્રનું સમર્થન કર્યું છે અને સુપ્રીમ કોર્ટ કેન્ટીનમાં નવરાત્રિ દરમિયાન માંસાહાર ન પીરસવાની માંગણી કરી છે.

# પેલેસ્ટીન સાથે સમર્થનમાં દિલ્હી ખાતે યોજાયો ઈઝરાયેલ વિરોધી કૂચનો કાર્યક્રમ, હજારો લોકો જોડાયા

## વિશ્વભરના અનેક શહેરોમાં દિલ્હીની જેમ જ ઈઝરાયેલના વિરોધમાં ઠેર-ઠેર વિરોધ કૂચ યોજાઈ અને હજારો લોકોએ જોડાઈને પેલેસ્ટીનની પ્રજા માટે ટેકો જાહેર કર્યો અને ઈઝરાયેલના યુદ્ધનો વિરોધ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

પેલેસ્ટીનની પ્રજાના સમર્થનમાં અને ગાઝામાં ઈઝરાયેલ દ્વારા થઈ રહેલા નિર્દોષ લોકોના ભયાનક નરસંહારના વિરોધમાં નવી દિલ્હી ખાતે જંતર મંતર પર ઉગ્ર દેખાવો યોજવામાં આવ્યા હતા અને વિશાળ વિરોધ કૂચ પણ યોજાઈ હતી. ઈઝરાયેલના આક્રમણની પહેલી વરસી પર વિશ્વભરમાં દિલ્હીની જેમ વિરોધ રેલીઓ નીકળી હતી જેમાં હજારો લોકો જોડાયા હતા અને ઈઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને પેલેસ્ટીનની પ્રજાને સમર્થન જાહેર કરવામાં આવ્યું હતું. દિલ્હી ખાતે યોજાયેલા ઈઝરાયેલ વિરોધી દેખાવો કાર્યક્રમમાં ભારતીય માર્ક્સવાદી પક્ષના આગેવાનો અને સભ્યો




ખાસ જોડાયા હતા અને ઈઝરાયેલના આક્રમણને વખોડી કાઢતા પ્રવચન કર્યા હતા અને પેલેસ્ટીન પ્રજા સાથે એકતાનું અને સમર્થનનું પ્રદર્શન કર્યું હતું. પેલેસ્ટીનની પ્રજા માટે ટેકો જાહેર કરવા વિશ્વ સમાજ દરમિયાનગીરી કરે એવી આગેવાનોએ માગણી કરી હતી. વિરોધ કરનાર નાગરિકોએ અને આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગાઝાની પ્રજાની વેદનાને ભૂલી જઈને વિશ્વ સમાજ પોતાની નજર ફેરવી શકે નહીં અને ભારત સરકારે પણ એ પ્રદેશમાં શાંતિ અને ન્યાયની હિમાયત કરવી જોઈએ અને એ માટે સક્રિય વલણ અપનાવવું જોઈએ. દેખાવકારોએ પેલેસ્ટીનને મુક્ત કરો તથા યુદ્ધનો અંત લાવો એવા લખાણ સાથેના બેનર ફરકાવ્યા હતા અને ઈઝરાયેલના કબજાનો વિરોધ કર્યો હતો. ઈઝરાયેલના ભયાનક આક્રમણથી પીડા સહન કરતા ગાઝા પટ્ટીના નાગરિકોની વેદના વ્યક્ત કરવા માટે અને લોકોમાં જાગૃતિ લાવવા માટે રચનાત્મક રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. વિશ્વના ૧૦થી વધુ મહાનગરોમાં વિરોધ રેલીઓ યોજાઈ હતી અને ૧૦,૦૦૦થી વધુ દેખાવકારો એકત્ર થયા હતા.

# મંત્રી સાથે હાથ મિલાવનાર મુસ્લિમ બાળા પર વ્યભિચારનો આરોપ મૂકનાર શખ્સ પર કામ ચલાવવાનો આદેશ આપતી કેરાલા હાઈકોર્ટ

## અદાલતે કહ્યું, કોઈપણ વ્યક્તિ પર ધાર્મિક માન્યતાઓ થોપી શકાય નહીં

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

કેરાલાના પૂર્વ નાણામંત્રી ટી એમ થોમસ ઈશાક સાથે કોલેજના એક કાર્યક્રમમાં હાથ મિલાવનાર એક મુસ્લિમ યુવતીએ શરિયતનો ભંગ કર્યો છે એવું કહીને તેના પર સીધો વ્યભિચારનો આરોપ મૂકી દેનાર એક વ્યક્તિ પર કાનૂની રીતે કેસ ચલાવવાનો કેરાલા હાઈકોર્ટે આદેશ આપ્યો હતો. અદાલતે એ વ્યક્તિને કોઈ રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. અબ્દુલ નૌશાદ નામની આ વ્યક્તિએ એવો આક્ષેપ કર્યો હતો કે પુરૂષ સાથે હાથ મિલાવીને મુસ્લિમ યુવતીએ વ્યભિચાર જેવો ગુનો કર્યો છે. આથી એ યુવતીએ અબ્દુલ સામે પોતાને બેઈજ્જત કરવાના અને પોતાના પરિવારની આબરૂ લેવાનો પ્રયાસ કરવા બદલ કેસ દાખલ કર્યો છે. આથી અબ્દુલ નૌશાદ પોતાની સામે થયેલી ફોજદારી કાર્યવાહી રદ કરાવવાની અરજી સાથે કેરાલા હાઈકોર્ટ પહોંચ્યો હતો પણ પહેલી ઓક્ટોબરે અદાલતે તેની અરજી ફગાવી દીધી હતી અને નોંધ કરી હતી કે પૂર્વ મંત્રી સાથે હાથ મિલાવનાર યુવતીની પોતાની મરજી હતી એટલે ધાર્મિક માન્યતાઓ કોઈ વ્યક્તિ પર થોપી શકાય નહીં. ધાર્મિક માન્યતા એ વ્યક્તિગત મામલો છે એવું દર્શાવીને અદાલતે ટકોર કરી હતી કે ધાર્મિક માન્યતા એ વ્યક્તિગત બાબત છે અને તેમાં કોઈ ફરજ પાડવાની ઈસ્લામ પણ ના કહે છે.



વ્યક્તિ એક ધર્મની માન્યતા અનુસરતી હોય તો બીજાને એ કરવાની ફરજ પાડી શકે નહીં. કયા ધર્મને કેવી રીતે પાલન કરવું એ દેશના દરેક નાગરિકની પોતાની વ્યક્તિગત પસંદગી હોય છે બંધારણની કલમ ૨૫ને સમજતા એ સ્પષ્ટ બને છે કે જાહેર સુલેહ શાંતિ તેમજ નૈતિકતા અને આરોગ્યને લગતી એ કલમની જોગવાઈઓનો બીજો ભાગ જોતા એ સ્પષ્ટ બને છે કે દરેક વ્યક્તિને પોતાના આત્માના અવાજને અનુસરવાની આઝાદી છે અને પોતાની પસંદગીના ધર્મને પાલન કરવાની અને તેની રીત અપનાવવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા છે. જસ્ટિસ પીવી કુન્હીકૃષ્ણન દ્વારા પોતાના ચુકાદામાં એ દર્શાવવામાં આવ્યું હતું કે ધર્મનો પ્રચાર કરવાનો અધિકાર છે પણ તેનો મતલબ એ નથી કે બળજબરીથી અન્ય પર થોપી દેવાય. અન્ય કોઈને પોતાના ધર્મને અનુસરવાની બળજબરી કરી શકાય નહીં એવી કલમ ૨૫થી ૨૮માં જોગવાઈ છે. તે પવિત્ર કુર્આનની આયતોનો પણ અદાલતે ઉલ્લેખ કર્યો હતો અને દર્શાવ્યું હતું કે ઈસ્લામ વ્યક્તિગત આઝાદીમાં માને છે અને કોઈ અન્ય વ્યક્તિ પર બળજબરીથી ધાર્મિક માન્યતાઓ લાગુ કરી શકાય નહીં એવો ઈસ્લામનો સંદેશો છે. એ યુવતી એટલે કે મુસ્લિમ યુવતી મર્કઝ લો કોલેજમાં અભ્યાસ કરે છે ત્યારે પૂર્વ નાણામંત્રી સંસ્થાની મુલાકાત આવ્યા એટલે આ યુવતીને ભેટ આપવા માટે સ્ટેજ પર બોલાવવામાં આવી હતી ત્યારે યુવતીએ પૂર્વ મંત્રી સાથે હાથ મિલાવ્યા હતા કે પછી કેટલાક વીડિયો અને સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ જોવા મળી હતી કે મુસ્લિમ યુવતીએ શરિયતના કાનૂનનો ભંગ કર્યો છે અને અબ્દુલ નૌશાદે તો હાથ મિલાવવાની તેની આ ક્રિયાને વ્યભિચાર સાથે સરખાવી દીધી હતી. નૌશાદે પોતાની ફરિયાદ કાઢી નાખવા હાઈકોર્ટમાં અરજી કરી હતી પણ હાઈકોર્ટે તેની અરજી નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેઓ જે કંઈ બોલ્યા છે તેનો ઈન્કાર કર્યો નથી એટલે તેમના પર કામ ચલાવવામાં આવશે. ધાર્મિક માન્યતાઓ અને સામાજિક રીતિ રિવાજો બંધારણને અનુસરીને અમલમાં લાવવા જોઈએ અને એક બહાદુર મુસ્લિમ યુવતીએ આ કરી બતાવ્યું છે.

# પેલેસ્ટીનના સમર્થનમાં ભારતીય માર્ક્સવાદી પાર્ટી

## કેન્દ્ર સરકાર અમેરિકાના કાવતરાના ટેકામાં ઈઝરાયેલને મદદ કરી રહી હોવાનો ડાબેરી પક્ષનો આક્ષેપ



### અમેરિકાની કાવતરાબાજીમાં ભારત ઈઝરાયેલને સાથ આપી રહ્યાના આક્ષેપથી ખળભળાટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ભારતીય માર્ક્સવાદી પક્ષે ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષમાં સંડોવણી બદલ ભારત સરકારની સખત ઝાટકણી કાઢી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે અમેરિકાની કાવતરાબાજીમાં ભારત ઈઝરાયેલને મદદ કરી રહ્યું છે. માર્કસવાદી પાર્ટીએ પેલેસ્ટીનની પ્રજાને સમર્થન જાહેર કર્યું હતું. માર્કસવાદી પાર્ટીના હિમાચલ એકમ દ્વારા શિમલામાં ડેપ્યુટી કમિશનરની કચેરી બહાર દેખાવો યોજવામાં આવ્યા હતા અને દેશભરમાં આવા દેખાવો કરવામાં આવી રહ્યા હોવાનો દાવો કર્યો હતો. સાતમી ઓક્ટોબરે ગયા વર્ષે હમાસ દ્વારા ઈઝરાયેલમાં હુમલો કરવામાં આવ્યા બાદ ઈઝરાયેલ દ્વારા ગાઝા પર આક્રમણ કરવામાં આવ્યું છે અને એક મહિનાની અંદર હજારો નાગરિકો અને મોટાભાગે મહિલાઓ અને બાળકો માર્યા ગયા છે જેના કારણે વિશ્વભરમાં ચિંતાનું મોજું છે અને મોટી માનવીય કટોકટી ગાઝામાં ઊભી થઈ છે. માર્કસવાદી પાર્ટીના હિમાચલ પ્રદેશના સભ્ય કાશ્મીરસિંહ ઠાકુરે એવો આક્ષેપ કર્યો છે કે ભારત ઈઝરાયેલને હથિયારો પૂરા પાડી રહ્યું છે અને છેલ્લા એક વર્ષથી પેલેસ્ટીન પ્રજાનો ઈઝરાયેલ નરસંહાર કરી રહ્યું છે અને ૪૦,૦૦૦થી વધુ બાળકો અને મહિલાઓ માર્યા ગયા છે. હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓનો બેફામ રીતે નાશ કરી દેવામાં આવ્યો છે. આ આખું અમેરિકાનું કાવતરૂં છે અને ભારત સરકાર ઈઝરાયેલને શસ્ત્રો આપીને અમેરિકાના કાવતરામાં ઈઝરાયેલને મદદરૂપ થઈ રહ્યું છે. ઠાકુરે એવું પણ કહ્યું હતું કે પેલેસ્ટીન વિશેના પોતાના અભિગમમાં સરકાર નિષ્ઠાશિલ નથી અને ભારતના બેવડાં ધોરણ છે અને જે જોડાણ ભારતે કર્યું છે એ નિંદનીય છે. એક તરફથી તમે પેલેસ્ટીનની પ્રજાને સમર્થનની વાત કરો છો અને બીજી તરફ તમે અમેરિકાના ષડયંત્રને ટેકો આપી રહ્યા છો આ તો બેવડું ધોરણ છે. અમેરિકાના એજન્ડામાં ભારતની છૂપી ભાગીદારી છે. આ યુદ્ધનો તાત્કાલિક અંત આવવો જ જોઈએ. ભારતીય માર્કસવાદી પક્ષ દ્વારા ઉત્તરપ્રદેશમાં વિવિધ જિલ્લાઓમાં પેલેસ્ટીનની પ્રજાના સમર્થનમાં દેખાવો કરવામાં આવ્યા હતા અને ઈઝરાયેલને શસ્ત્રો આપવાનું બંધ કરવા સરકારને અનુરોધ કર્યો હતો. પક્ષ જણાવે છે કે ગાઝા પર હુમલાની પહેલી વરસી પર અમે તમામ ડાબેરી પક્ષોએ દેખાવો કર્યા છે અને જિલ્લા કક્ષાએ જોરદાર દેખાવો કરવામાં આવ્યા છે જેમાં યુદ્ધ બંધ કરવા માટે માગણી કરવામાં આવી છે અને ભારત સરકારને શસ્ત્રોનો પુરવઠો ઈઝરાયેલને આપવાનું બંધ કરવા માગણી કરવામાં આવી છે. કાનપુરમાં પોલીસે દેખાવો થવા દીધા નહોતા અને પક્ષની કચેરી બંધ કરાવી દીધી હતી એવો પાર્ટીએ આક્ષેપ કર્યો છે.

# શેરીઓમાં પરફ્યુમ વેચનાર એ શખ્સ આજે રૂપિયા ૩,૪૧૩ કરોડની લક્ઝરી બ્રાન્ડના માલિક છે અને રિયલ એસ્ટેટ સર્વિસનો વ્યવસાય ધમધમે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

જે વ્યક્તિ અમેરિકાની શેરીઓમાં પરફ્યુમ વેચતી હોય અને એ પછી દુબઈમાં કરોડપતિ બની જાય એ સફળતાની ગાથા સર્જનાર પુરૂષાર્થી ઉદ્યોગપતિનું નામ છે કબીર જોશી. તેઓ આજે વેન્ટેજ કેપિટલ અને વેન્ટેજ પ્રોપર્ટીના સીઈઓ તરીકે રિયલ એસ્ટેટના સોદા કરી રહ્યા છે અને કંપનીનું મૂલ્ય છે દોઢ અબજ દિરહમ, કબીર જોશીનો જન્મ એક મધ્યમવર્ગના લશ્કરી પરિવારમાં થયો અને અવારનવાર એટલે કે દર ૧૩ ૧૪ મહિનામાં એમને અલગ-અલગ વિસ્તારોમાં જઈને રહેવું પડતું હતું અને અલગ-અલગ નવા વાતાવરણમાં પોતાની જાતને બંધબેસતી કરવી પડતી હતી. આ પ્રકારનો અનુભવ એમને જીવનમાં પડકારોનો સામનો કરવાનો અને તેની સામે જ ઝઝૂમીને રસ્તો કાઢવાનો તાલીમનો કાળ બની રહ્યો. ઘણી નાની ઉંમરે એમને અમેરિકા જવું પડ્યું અને ત્યાં યુનિવર્સિટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડામાં અભ્યાસ કરવા લાગ્યા. એક ગંભીર અકસ્માતમાં ભારતમાં એમનો જમણો હાથ ખોટો પડી ગયો હતો. ઘણા બધા ઓપરેશન થયા. પંજાબમાં એમણે અભ્યાસ પૂરો કરીને ડિગ્રી મેળવી અને અમેરિકા



પાછા જતા રહ્યા પણ ત્યાં ત્રણ વર્ષની ડિગ્રી હાથમાં હોવા છતાં નોકરી માટે સંઘર્ષ કરવો પડ્યો. આથી તેમણે શિકાગોમાં પર્ફ્યુમ વેચવાનું શરૂ કર્યું પણ કાનૂની પરમિટ ના હોવાથી તેઓ વોશિંગ્ટન ચાલ્યા ગયા અને ત્યાં કોલ સેન્ટરમાં નોકરી કરવા લાગ્યા અને બાદમાં ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીમાં જોડાયા. રિયલ એસ્ટેટ ક્ષેત્ર સાથે એમનો પહેલો અનુભવ એ રહ્યો કે એમણે એક રિયલ એસ્ટેટ કંપની માટે પૂરનો વીમો પાસ કરાયો હતો અને દલાલ તરીકે એમનો પહેલો સોદો હતો. ૨૦૧૩માં ન્યૂયોર્કમાં દુબઈ પ્રોપર્ટી શો યોજાયો હતો એ જોઈને એમને રસ જાગ્યો હતો. ૨૦૦૪માં લગ્ન માટે ભારત આવ્યા બાદ તેઓ દુબઈ રોકાયા અને દુબઈ હોલ્ડિંગમાં સેલ્સ મેનેજરની નોકરી લીધી આ રીતે એમની દુબઈમાં રિયલ એસ્ટેટની સફળ અને શાનદાર કારકિર્દીના પગરણ થયા.

૨૦૧૯માં દુબઈ ઈસ્લામિક બેંક દ્વારા નૂર બેંક હસ્તગત કરાઈ હતી તે પછી કબીર જોશીએ વેન્ટેજ કેપિટલ એડવાઈઝરી કંપનીની સ્થાપના કરી જે ફેમિલી ઓફિસ માટે અને નાણાકીય સંસ્થાઓ માટે રિયલ એસ્ટેટ સેવાઓ આપવા લાગી હતી. ૨૦૨૩ સુધીમાં એમણે કામગીરી વિસ્તારી અને વેન્ટેજ પ્રોપર્ટીઝની શરૂઆત કરી જેમાં એમની ૧૨ સભ્યોની ટીમ હતી. તેઓ કહે છે કે બેંકમાં કામગીરી કરી તેના કારણે મને રિસ્ક મેનેજમેન્ટની સમજ પડી અને ગંભીર અકસ્માતને કારણે મને જીવનમાં પડકારોનો હિંમતથી સામનો કરવાની શીખ મળી હતી. દુબઈએ મને ઘણી જ પુષ્કળ તકો પૂરી પાડી છે જે મને બીજે ન મળી હોત. તેઓ યુવા સાહસિકોને પોતાના મિશન પર જ ધ્યાન કેન્દ્રિત કરવા અને કારકિર્દીમાં સતત મહેનત કરતા રહીને આગળ વધવાની સલાહ આપે છે.

# IIIT પ્રયાગરાજની વિદ્યાર્થિનીને ૧ કરોડ રૂપિયાની પ્લેસમેન્ટ ઓફર મળી

(એજન્સી) તા.૮

દરેક કોલેજ સ્ટુડન્ટનું સપનું હોય છે કે ઉચ્ચ પેકેજ સાથે પ્લેસમેન્ટ અને સારા પગાર સાથે નોકરી. વિદ્યાર્થીઓની લાયકાતની સાથે, કોલેજ/યુનિવર્સિટીનું બ્રાન્ડ વેલ્યુ પણ નોકરી મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રતિષ્ઠિત સંસ્થાઓ ઉચ્ચ પેકેજ સાથે મોટી કંપનીઓને આકર્ષે છે. કોલેજે તેના પ્રભાવશાળી પ્લેસમેન્ટ રેકોર્ડને કારણે વ્યાપક ધ્યાન મેળવ્યું છે, વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી તરત જ વિશાળ પગાર પેકેજો સાથે નોકરીની ઓફર મેળવે છે. આવી આકર્ષક નોકરી મેળવવીએ ઘણા લોકોનું સ્વપ્ન છે. આઈઆઈઆઈટી પ્રયાગરાજના એક વિદ્યાર્થીને તાજેતરમાં રૂા. ૧.૨ કરોડની નોંધપાત્ર ઓફર મળી હતી, જેણે હેડલાઈન્સ બનાવી હતી અને કોલેજને ફરી એક વાર લાઈમલાઈટમાં લાવી હતી. આવી નોકરીની તકો સાથે, તેમાં કોઈ આશ્ચર્ય નથી કે આ સંસ્થા ઉચ્ચ પગારવાળી કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે પ્રતિષ્ઠિત પસંદગી બની રહી છે. ઈન્ડિયન



ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, પ્રયાગરાજ (આઈઆઈઆઈટી પ્રયાગરાજ) તેના ઉત્તમ પ્લેસમેન્ટ રેકોર્ડ માટે સમાચારમાં છે, જ્યાં વિદ્યાર્થીઓને સ્નાતક થયા પછી લાખોના પેકેજો સાથે જોબની ઓફર મળે છે. દેશભરની ૧૦ IIITs પૈકી, પ્રયાગરાજ કેમ્પસ તાજેતરમાં ખાસ ધ્યાન ખેંચ્યું છે. તાજેતરમાં, □□ બિઝનેસ ઈન્ફોર્મેટિક્સ શાખાના B.Tech વિદ્યાર્થી રૂસીલ પાત્રાને પ્રતિષ્ઠિત અમેરિકન કંપની ADP દ્વારા રૂા. ૧.૨ કરોડનું પેકેજ ઓફર કરવામાં આવ્યું છે. આ સંસ્થાના વિદ્યાર્થીને મળેલું આ અત્યાર સુધીનું સૌથી મોટું પેકેજ માનવામાં આવે છે. IIIT પ્રયાગરાજે ૨૦૧૯ માં B.Tech બિઝનેસ ઈન્ફોર્મેટિક્સ પ્રોગ્રામ શરૂ કર્યો અને રૂસિલની બેચ ગ્રેજ્યુએટ થનારી બીજી બેચ છે. જોકે તેને આ ઓફર જાન્યુઆરીમાં જ મળી હતી, પરંતુ હવે તે કોર્સ પૂરો કરીને કંપનીમાં જોડાશે. આ સિદ્ધિ ટેક ઉદ્યોગમાં ઉચ્ચ પગારવાળી નોકરીઓનું લક્ષ્ય રાખતા વિદ્યાર્થીઓ માટે એક ટોચની સંસ્થા તરીકે IIIT પ્રયાગરાજની વધતી જતી માન્યતાને પ્રતિબિંબિત કરે છે. રૂસીલ પાત્રાને મળેલા રૂ. ૧.૨ કરોડના સુંદર પેકેજ ઉપરાંત, IIIT પ્રયાગરાજની વિવિધ શાખાઓના અન્ય છ વિદ્યાર્થીઓને રૂા. ૮૫ લાખના પ્રભાવશાળી વાર્ષિક પગાર સાથે નોકરીની ઓફર મળી છે. IIIT પ્રયાગરાજ ખાતે પ્લેસમેન્ટની સફળતા વિવિધ શાખાઓમાં વિસ્તરેલી છે, જેમાં B.Tech વિદ્યાર્થીઓ વાર્ષિક ૨૫ લાખ રૂપિયાનું સરેરાશ પેકેજ મેળવે છે.

જવાનોએ પોતાની માંગને લઈ કલેકટર કચેરીએ આવેદન પાઠવી કરી રજૂઆત

# અમદાવાદમાં ટીઆરબી જવાનોનું આંદોલન જારી રહેતા ઠેર-ઠેર ટ્રાફિક સમસ્યાના દૃશ્યો

## માગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી આંદોલન જારી રાખવા જવાનો મક્કમ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

ટ્રાફિકથી ધમધમતા અમદાવાદમાં ફિક્સ નોકરી અને પગાવ વધારની માગને લઈને TRB જવાનો હડતાળ પર ઉતર્યા છે. નવરાત્રિના સમયે જ TRB જવાનો આંદોલન કરતા રાત્રિના સમયે ગરબે રમવા જતાં લોકો માટે ટ્રાફિકમાં અટવાવાનો પડકાર સામે આવ્યો છે. ટીઆરબી જવાન હોય ત્યારે પોલીસની કામગીરીમાં ખૂબ જ મદદ થતી હોય છે, પરંતુ અત્યારે ટીઆરબી જવાનો હડતાલ પર હોવાથી પોલીસ પર કામનું ભારણ વધી રહ્યું છે. જેમાં શહેરના સૌથી વધુ ટ્રાફિક ધરાવતા ૮ સ્પોટ વાહનચાલકો માટે મહાભારતના ચક્રવ્યુ સમાન થવાની શકયતા જોવાઈ રહી છે.અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે ટીઆરબી જવાનો ભેગા થઈને હડતાળ પર બેઠા છે. અગાઉ પણ TRB જવાનોએ પગાર વધારાની માગ કરતાં અનેક કર્મચારીઓને છૂટા કરવાની ચીમકી અપાઈ હતી. જો કે, ચૂંટણી સમયે TRB જવાનોને પગાર વધારો આપવાનો પણ વાયદો કરાયો



હતો. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગાર વધારો ન કરાતાં આખરે TRB જવાનોએ ફરી ઉગ્ર આંદોલન અને હડતાળ યોજવાનું આયોજન કર્યું છે. TRB જવાનોને રોજના રૂપિયા ૩૦૦ લેખે મળતા પગારની સામે રૂપિયા ૫૦૦ પગાર ચૂકવવાની માંગ કરવામાં આવી રહી છે. તેમજ મેડિકલ અને સરકારી કર્મચારીઓને મળતા લાભો આપવાની માંગ કરવામાં આવી છે. જેને લઈને અમદાવાદના ૧૬૦૦ TRB જવાનો સહિત રાજ્યભરના ૧૦ હજાર જેટલા TRB જવાનો ટ્રાફિક પોઈન્ટ પર જોવા ન મળતા ઠેર-ઠેર ટ્રાફિકની સમસ્યા સર્જાતી જોવા મળી રહી ટીઆરબી નામના જવાનોએ જણાવ્યું હતું કે, અમને ૩૦૦ હાજરી આપવામાં આવે છે. રોજની મજૂરી કરતા વ્યક્તિઓને રોજ ૭૦૦થી ૮૦૦ રૂપિયાની હાજરી આપવામાં આવે છે. અમે વીવીઆઈપી બંદોબસ્ત કે અન્ય કોઈપણ સમયે ફરજ પર સતત હાજર રહીએ છીએ, જેથી અમને પણ અમારા કામ પ્રમાણે સમાન વેતન મળે તેવી અમારી માંગણી છે. અમારી માંગ પૂરી નહિ થાય ત્યાં સુધી આંદોલન કરીશું. આજે અમે કલેકટર કચેરીએ આવેદનપત્ર આપીને પોતાની માંગણીઓની રજૂઆત કરી છે. અમદાવાદ શહેરમાં સાંજથી જ નવરાત્રિના કારણે પશ્ચિમ વિસ્તારમાં ખૂબ જ લાંબો ટ્રાફિક જામ સર્જાય છે. પોલીસની હાજરી હોવા છતાં ખૂબ જ લાંબો ટ્રાફિક થાય છે. એક તરફ ટીઆરબી જવાનો પોતાની ફિક્સ નોકરી અને પગાર વધારાની લઈને હડતાળ પણ ઉતર્યા છે. તો બીજી તરફ ટ્રાફિક જામના કારણે માત્ર પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડ જવાનોએ ટ્રાફિકનું નિરાકરણ કરાવવું પડી રહ્યું છે, જેને લઈને પોલીસ માટે પણ સમસ્યા ઊભી થઈ છે. ટીઆરબી જવાન હોય તો અલગ-અલગ પોઈન્ટ પર પોલીસને પણ ટ્રાફિકની કામગીરી હળવી કરવામાં મદદ મળે છે. ત્યારે હવે હડતાલને લઈને પોલીસ ઉપર પણ કામનું ભારણ વધ્યું છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ટીઆરબી જવાન હોય ત્યારે પોલીસની કામગીરીમાં ખૂબ જ મદદ થતી હોય છે. પરંતુ અત્યારે જ્યારે ટીઆરબી જવાનો હડતાળ પર છે, ત્યારે કેટલાક પોઈન્ટ ઉપર માણસોની અછત સર્જાઈ રહી છે. જેથી પોલીસના કેટલાક કર્મચારીઓએ ખડેપગે ઉભા રાખીને ટ્રાફિક કે અન્ય કામગીરીનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ખાદ્ય પદાર્થોની ચેકિંગની ખાસ ઝૂંબેશ

# રાજ્યમાં ચાર દિવસમાં જ રૂા.૧.૭૩ કરોડથી વધુનો ૩૨,૦૦૦ કિ.ગ્રા.નો જથ્થો જપ્ત કરાયો

## ફૂડ સેફટી પખવાડિયા દરમિયાન ૨,૨૭૯ શંકાસ્પદ નમૂના તપાસ માટે લેવાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૮

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા ખોરાકની સલામતી અને લોકજાગૃતિ માટે ૩ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૪ સુધી 'ફૂડ સેફટી પખવાડિયા'નું આયોજન કરવામાં આવ્યું છે.પખવાડિયાના પ્રથમ ૪ દિવસમાં ખાદ્ય પદાર્થોના ચેકિંગની ખાસ ઝૂંબેશમાં રૂા.૧.૭૩ કરોડથી વધુનો ૩૨,૦૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.રાજ્ય સરકાર ખાદ્યપદાર્થો માં થતી ભેળસેળ કોઈપણ ભોગે ચલાવી નહીં લે આવા તત્ત્વો સામે કડક કાર્યવાહી થશે ફૂડ સેફટી પખવાડિયા દરમિયાન કરવામાં આવેલી કામગીરી વિશે માહિતી આપતા આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, ફૂડ સેફટી પખવાડિયા દરમ્યાન વિવિધ જગ્યાએ ફૂડ સેફટી ઓન વ્હીલ્સ દ્વારા નવરાત્રી દરમ્યાન લોકોમાં જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે. ફૂડ સેફટી પખવાડિયના પ્રથમ ૪ દિવસ દરમિયાન ૬૭૨ એન્ફોર્સમેન્ટ નમુના અને ૧,૬૦૭ સર્વેલન્સ નમુના મળીને ૨,૨૭૯ નમુના લેવામાં આવ્યા હતા. જયારે ૧,૧૭૦ ઈન્સ્પેકશન કરાયા હતા. આ પખવાડિયા દરમ્યાન દૂધ અને દૂધની બનાવટો, મીઠો માવો અને બરફી, ખાદ્ય તેલની ડ્રાઈવની ૧૪ રેડમાં રૂ. ૧.૭૩ કરોડથી વધુનો ૩૨,૦૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પખવાડિયામાં રાજ્યની ખોરાક અને ઔષધ નિયમન તંત્રની વિવિધ કચેરીઓ દ્વારા એન્ફોર્સમેન્ટ, અવરનેશ, ટ્રેનિંગની વિવિધ પ્રવૃતિઓ અને લાયસન્સ-રજીસ્ટ્રેશનના કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૯૦૦થી વધુ વેપારીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ફૂડ સેફટી પખવાડિયાના ત્રીજા દિવસે તંત્રની વિવિધ કચેરીઓ દ્વારા વિવિધ શાળા- કોલેજોમાં વિદ્યાર્થીઓ અને ખોરાકના વેપારીઓ માટે અવરનેશ અને ટ્રેનીંગ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે હેઠળ ૧૫૦થી વધુ અવરનેસ કાર્યક્રમો અને ૭૦થી વધુ ટ્રેનિંગ કાર્યક્રમો આયોજિત કરવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત પી.એમ. પોષણ કાર્યક્રમ અંતર્ગત કામ કરતા ૧૫,૦૦૦થી વધુ સંચાલકો ઓનલાઈન ટ્રેનિંગમાં જોડાયા હતા. આ ઉપરાંત, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નડિયાદમાં આવેલી જય અંબે સ્પાઈસીસમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કાળા મરીમાં ભેળસેળ કરતાં હોવાથી રૂા.૯ લાખથી વધુની કિંમતનો ૨,૬૦૦ કિગ્રા જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

# પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ આપ્યા બાદ અધવચ્ચે પ્રવેશ રદ કરતા વિદ્યાર્થી દ્વારા આઈઆઈએમ - અમદાવાદ સામે પિટિશન કરાઈ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદ (આઈઆઈએમએ) ને તેના બે વર્ષના અનુસ્નાતક પ્રોગ્રામમાં પ્રવેશ રદ કરવાને પડકારતી એક વિદ્યાર્થી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર નોટિસ જારી કરી હતી. વિદ્યાર્થી દ્વારા આ પ્રતિષ્ઠિત બિઝનેસ સ્કૂલમાં ત્રણ-ચતુર્થાંશ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી ટેકનિકલ આધારો પર પ્રવેશ રદ કરવા બાબતે હાઈકોર્ટમાં અરજી કરી હતી. કેસની પ્રાથમિક સુનવણી બાદ જસ્ટિસ અનિરુદ્ધ પી માયીએ આઈઆઈએમએ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) મદ્રાસને નોટિસ જારી કરી હતી અને ૨૧ ઓકટોબરના રોજ વધુ સૂનાવણી રાખી હતી. વિદ્યાર્થીએ ૨૦૨૧માં તેનો ૫-વર્ષનો BTech plus MTech ઈન્ટિગ્રેટેડ કોર્સ આઈઆઈટી મદ્રાસ માંથી પૂર્ણ કર્યો હતો. અરજદાર આર શ્રી વિગ્નેશની વહીવટી અને પ્રક્રિયાગત વિલંબને કારણે IIT મદ્રાસમાંથી સમયસર તેમના ડિગ્રી પ્રમાણપત્રો અને માર્કશીટ મેળવવામાં નિષ્ફળતાના કારણે IMAએ સંસ્થાના ફ્લેગશિપ પ્રોગ્રામના ચોથા ત્રિમાસિક પૂર્ણ કર્યા પછી સપ્ટેમ્બર ૨૦૨૩ માં તેમનો પ્રવેશ રદ કર્યો હતો. અરજદારે જણાવ્યું હતું કે તે ૨૦૧૬માં IIT મદ્રાસમાં તેનો ૫ વર્ષનો BTech plus MTech ઈન્ટિગ્રેટેડ કોર્સ કરવા માટે જોડાયો હતો અને તેને જૂન ૨૦૨૧માં પૂર્ણ કર્યો હતો. ત્યાર બાદ, તેણે કેટ પ્રવેશ પરીક્ષામાં ૯૮.૬૬ પર્સેન્ટાઈલ મેળવ્યા બાદ મે ૨૦૨૨માં આઈઆઈએમએમાં પ્રવેશ મેળવ્યો હતો. વિગ્નેશ સપ્ટેમ્બર ૨૦૨૨ માં સારા ગ્રેડ સાથે તેનું પ્રથમ ત્રિમાસિક પૂર્ણ કર્યું, પરંતુ અરજી અનુસાર, પ્રવેશ પ્રક્રિયાના ભાગ રૂપે IIMA દ્વારા નિર્ધારિત કટ-ઓફ તારીખ પહેલા IIT મદ્રાસ પાસેથી તેની માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્રો મેળવવામાં નિષ્ફળ ગયો હતો. તેથી, તેણે આઈઆઈએમએ પાસેથી સમય વધારવાની માંગ કરી હતી જે મંજૂર કરવામાં આવી હતી. આ દરમિયાન, અરજદારે બે વધારાના ત્રિમાસિક સફળતાપૂર્વક પૂર્ણ કર્યા. જુલાઈ ૨૮,૨૦૨૩ ના રોજ, પીજીપી કોર્સના ચોથા ત્રિમાસિક દરમિયાન, અરજદારને આઈઆઈએમએ દ્વારા એક પત્ર જારી કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમનો પ્રવેશ "અમાન્ય" તરીકે ગણવામાં આવશે કારણ કે તે નિર્ધારિત સમય મર્યાદામાં ફરજિયાત દસ્તાવેજો સબમિટ કરી શક્યા નથી. તેમણે તેમના જવાબમાં આઈઆઈએમએને જણાવ્યું હતું કે વહીવટી અને પ્રક્રિયાગત વિલંબને કારણે આઈઆઈટી મદ્રાસ તેમના ડિગ્રી પ્રમાણપત્રો અને માર્કશીટ ફોરવર્ડ કરવાની સ્થિતિમાં નહોતું, અને તેથી અરજદારની ભૂલ ન હતી અને તેણે વધુ સમય વધારવાની માંગ કરી હતી. અરજદારની ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ની વિનંતી પર વિચાર કરવામાં આવ્યો હતો અને આઈઆઈએમએ તેને તેના દસ્તાવેજો સબમિટ કરવા માટે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીનો સમય આપ્યો હતો. અરજી મુજબ, વિગ્નેશ તે સમય સુધીમાં તેનું ચોથું ત્રિમાસિક પૂર્ણ કરવામાં સફળ રહ્યો હતો. વિદ્યાર્થીના વકીલે રજૂઆત કરી હતી કે IIT મદ્રાસ સાથે પત્ર વ્યવહાર કરવા છતાં, અરજદાર તેમના વહીવટી અને પ્રક્રિયાગત વિલંબને કારણે IIT મદ્રાસ પાસેથી જરૂરી દસ્તાવેજો મેળવવામાં અસમર્થ હતો. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ની તારીખના સંદેશાવ્યવહાર દ્વારા, આઈઆઈએમએમાં તેમનો પ્રવેશ દસ્તાવેજો સબમિટ ન કરવા બદલ અમાન્ય ઠર્યો હતો. વકીલે કહ્યું કે ત્યારબાદ અરજદારે IIT મદ્રાસમાંથી તેના દસ્તાવેજો મેળવવાનો પ્રયાસ કર્યો, અને જુલાઈ ૨૦૨૪ માં તે પ્રાપ્ત કર્યા પછી, તેણે કોર્સ પૂર્ણ કરવા માટે ફરીથી પ્રવેશ મેળવવા માટે તરત જ આઈઆઈએમએનો સંપર્ક કર્યો. કોઈ પણ સમયે તેમના અસીલની ભૂલ ન હતી અને ટોચની બિઝનેસ સ્કૂલમાં જરૂરી દસ્તાવેજો સબમિટ કરવામાં વિલંબ માટે તેમને દોષી ઠેરવી શકાય નહીં.

રાજ્યમાં તાપમાનનું પ્રમાણ વધ્યું

# અમદાવાદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી દક્ષિણ ગુજરાતમાં હળવો વરસાદ પડી શકે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરમાં ગરમીનો પારો વધ્યો છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવા વરસાદની સંભાવના છે.

### ગાંધીનગરનું તાપમાન ૩૮ ડિગ્રી રહેવાની શક્યતાઓ

તથા રાજ્યના અન્ય ભાગોમાં તાપમાનનો પારો સતત વધતો જઈ રહ્યો છે. જેમાં મધ્ય ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાંથી ચોમાસાએ ગત સપ્તાહએ જ વિદાય લઈ લીધી હતી, જેને કારણે તાપમાન ધીમે ધીમે વધી રહ્યું છે. હજુ પણ આગામી ચારથી પાંચ દિવસ તાપમાન યથાવત્ રહેશે. ત્યારબાદ બે ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. ગત સપ્તાહ કરતા હાલમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે, જે સામાન્ય કરતાં દોઢથી બે ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. ત્યારબાદ આવતીકાલથી રાજ્યભરનું વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે. હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જે સૂકા પવનો હોવાથી રાજ્યભરમાં તાપમાનનો પારો સતત વધતો જઈ રહ્યો છે. જેમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧.૭ ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને ૩૭.૪ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨.૭ ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને ૨૬ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આજે પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી અને ગાંધીનગર નું ૩૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ દર્શાવવામાં આવી હતી.

શિક્ષણ જગતને વધુ એક કલંક લગાવતી ઘટના

# વડોદરાની સેન્ટ બેસિલ સ્કૂલમાં બાળકી સાથે આયાએ કર્યા શારીરિક અડપલાં

## પોલીસે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે; શિક્ષણ વિભાગ પણ હરકતમાં

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

ગુજરાતમાં બહેન દીકરીઓ સૌથી વધુ સલામત હોવાના બણગા ફૂંકવામાં આવે છે પરંતુ દિવસે દિવસે કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડાડતા દૃશ્યો સામે આવી રહ્યા છે. વડોદરામાંથી ફરી એક વાર બાળકી સાથે શારિરીક અડપલાં થયા હોવાની ઘટના સામે આવી છે. વડોદરાના જાંબુઆમાં સેન્ટ બેસિલ સ્કૂલમાં બાળકી સાથે અડપલાં થયા છે. સ્કૂલમાં કામ કરતી આયાએ બાળકી સાથે અડપલાં કર્યા હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યાં છે.પોલીસે પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.બાળકીના વાલીને અન્ય વાલીથી ઘટનાની જાણ થઈ હોવાનું પણ બહાર આવી રહ્યું છે. મળતી માહિતી અનુસાર શાળામાં કામ કરતી આયાએ બાળકીના પ્રાઈવેટ પાર્ટ પર ચૂંટલા ખણ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં શાળા સંચાલકનું નિવદેન સામે આવ્યુ છે. વાલીએ ફક્ત બાળકી શાળાએ પરીક્ષા આપવા આવશે તેવું જણાવ્યું હતું. વાલી દ્વારા શાળા વિરૂદ્ધ ખોટી રીતે ફરિયાદ કરી હોવાનો આક્ષેપ પણ સામેથી કરવામાં આવ્યો છે. આ સાથે જ જો આવી ઘટના બની હોય તો અમને ત્યારે કેમ નહીં જણાવ્યું હોવાનું નિવેદન આવ્યું છે. આ સમગ્ર ઘટનામાં શિક્ષણ વિભાગ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઓગણજની સેન્ટ મેરી સ્કૂલને શિષ્યવૃત્તિની કામગીરીમાં ઢીલાશને લઈ નોટિસ

## વાલીઓએ ફરિયાદ કર્યા બાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરના ઓગણજ વિસ્તારમાં આવેલી સેંટ મેરિટ હાઈસ્કૂલ દ્વારા શિષ્યવૃત્તિ બાબતની કાર્યવાહીમાં ઉદાસીનતા જોવા મળી હોવાના પગલે શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલને નોટિસ આપી છે. સ્કૂલને નોટિસ આપી બુધવારના રોજ ખુલાસા સાથે હાજર રહેવા માટે આદેશ કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ ઓગણજ ખાતે આવેલી સેંટ મેરી હાઈસ્કૂલ એન્ડ પ્રાયમરી સ્કૂલનો નોટિસ ફટકારી હોવાનું જાણવા મળે છે. સ્કૂલને ફટકારવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, ડીજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે પોર્ટલ હાલમાં ચાલુ હોઈ શાળામાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીને ઓનલાઈન શિષ્યવૃતિનું ફોર્મ ભરવાનું બાકી રહેલું હોય તો તાત્કાલિક શાળા કક્ષાએથી બાકી રહેલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીનું શિષ્યવૃત્તિ ફોર્મ ભરવા માટે જણાવવામાં આવ્યું હતું. વધુમાં, ૨૦૨૪-૨૫થી અનુસુચિત જાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીનું આધાર બેઝ બાયોમેટ્રિક E-KYC કરાવેલું હશે તો જ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીને શિષ્યવૃત્તિ દરખાસ્ત શાળા કક્ષાએથી બનાવી શકાશે. જો કોઈ વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો અને શાળાના કોઈ પણ વિદ્યાર્થીને સરકારની મળવાપાત્ર સહાયથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી સંચાલક તથા આચાર્યની રહેશે તેવી સુચના આપવામાં આવી હતી. વધુમાં, આ બાબતે શાળા કક્ષાએથી શિષ્યવૃત્તિ બાબતે ઉદાસીનતા જોવા મળેલી છે. જે અન્વયે શાળા સામે નિયમાનુસારની કાર્યવાહી કેમ ના કરવી ? જે અંગેનો આધારસહ ખુલાસો અને શાળાના બાળકોની માહિતી (કેટેગરી) સાથે અને શિષ્યવૃત્તિ-E-KYC બાબતે થયેલી કામગીરીની વિગત સાથે બુધવારના રોજ ૧૨ વાગ્યે માહિતી સાથે ફરજિયાત ઉપસ્થિત રહેવા માટે આદેશ કરાયો છે.

રૂા. ૧.૫૦ લાખની વધુ આવક હોવા છતાં ખોટી રીતે પ્રવેશ

# ૧૫૦ વાલીઓએ આવક છૂપાવી પોતાના બાળકને RTE માં પ્રવેશ અપાવ્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

આરટીઈનો ખોટો લાભ મેળવવા ખોટી રીતે ગરીબ બનીને પ્રવેશ થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. અમદાવાદની જાણીતી આઠ સ્કૂલોમાં આરટીઈ હેઠળ ૧૫૦થી વધુ બાળકોના ખોટી રીતે ગરીબ બનીને પ્રવેશ થયા છે. સ્કૂલોએ આ અંગે ડીઈઓને રજૂઆત કરી છે, જેને લઈને ડીઈઓ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. ખોટા દસ્તાવેજો રજૂ કરીને પ્રવેશ મેળવનાર વાલીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. વાલીઓ સામેની ફરિયાદ સાચી હશે તો વાલી સામે પોલીસ કેસ નોંધાવવાની સુધીની કાર્યવાહી ડીઈઓ દ્વારા કરવામાં આવશે. આઠ સ્કૂલોમાં આરટીઈમાં ખોટા એડમિશન થવાની ફરિયાદ અમદાવાદની જાણીતી અંગ્રેજી માધ્યમની ૮ સ્કૂલોમાં આરટીઈ હેઠળ અનેક એડમિશન થયા હતા. આ

### વાલીઓ દોષિત સાબિત થશે તો પોલીસ કેસ કરવા સુધીની કાર્યવાહી કરાશે : DEO

એડમિશનમાંથી ૧૫૦ કરતાં વધુ એડમિશનમાં વાલીઓએ ૧,૫૦,૦૦૦ સુધીની આવકના સર્ટિફિકેટ રજૂ કરીને વધુ આવક હોવા છતાં ખોટી રીતે પ્રવેશ મેળવેલો છે. સ્કૂલો દ્વારા આ મામલે તપાસ કરીને વાલીઓની યાદી બનાવીને ફરિયાદ કરવામાં આવી છે. જેને લઈને ડીઈઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. વાલીઓએ પોતાની આવક ઓછી દર્શાવી આરટીઈ હેઠળ શહેરી વિસ્તારમાં પ્રવેશ મેળવવા માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા ૧.૫૦ લાખ સુધીની હોવી ફરજિયાત છે. આ માટે વાલીએ મામલતદાર કચેરીથી આવકનો દાખલો મેળવવાનો હોય છે અને જો કોઈ વાલી ઈન્કમટેક્સ રિટર્ન ભરતું હોય તો તે પણ રજૂ કરવું ફરજિયાત છે. જો વાલી ઈન્કમટેક્સ રિટર્ન ના ભરતું હોય તો વાલીએ સોગંદનામુ કરવું પણ ફરજિયાત છે. આમ આ તમામ ડોક્યુમેન્ટના આધારે વાલીઓને આરટીઈ હેઠળ પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે ૧૫૦થી વધુ વાલીઓએ પોતાની આવક ૧.૫૦ લાખ કરતાં વધુ હોવા છતાં ૧.૫૦ લાખ સુધીની આવક મર્યાદાનું સર્ટિફિકેટ મેળવીને તેના આધારે પ્રવેશ મેળવ્યો હોવાની ફરિયાદ થઈ છે. આ અંગે ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે અમદાવાદમાં ૮૫૦૦ બેઠક હતી, જેમાંથી ૧૫૦ બેઠક પર ખોટી રીતે પ્રવેશ મેળવ્યા હોવાની ફરિયાદ થઈ છે. આઈટી રિટર્નના આધાર છુપાવીને અથવા અન્ય રીતે પોતાના બાળકને ધોરણ ૧માં પ્રવેશ અપાવ્યો હતો. આગામી સમયમાં તપાસ કરીને હિયરીગ રાખવામાં આવશે. આ હિયરિંગમાં વાલીઓ દોષિત સાબિત થશે તો વાલી સામે પોલીસ કેસ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. આઠ સ્કૂલોએ આ અંગે રજૂઆત કરી છે. જેમાં ૧. ઉદગમ સ્કૂલ, ૨.કેલોરેક્સ સ્કૂલ,૩.ઝેબર સ્કૂલ, ૪. આર.પી વસાણી સ્કૂલ,૫.આનંદ નિકેતન સ્કૂલ, ૬. જેમ્સ જીનીસિસ સ્કૂલ, ૭. શાંતિ એશિયાટિક સ્કૂલ, ૮. કે.એન પટેલ સ્કૂલનો સમાવેશ થાય છે.

અમદાવાદના SG હાઈવે સહિતના વિસ્તારોમાં પે એન્ડ પાર્કિંગના કોન્ટ્રાક્ટ અપાશે

# AMC પ્લોટ સહિત ૮ સ્થળોએ ૩૦૦૦થી વધુ વાહનો પાર્ક થશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

શહેરમાં વધતી ટ્રાફિકને હળવી કરવા AMCનો નિર્ણય સામે આવ્યો છે. અમદાવાદમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાના ઉકેલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ જગ્યાએ પે એન્ડ પાર્ક બનાવવામાં આવ્યા છે. જેના કારણે હવે ટ્રાફિકની સમસ્યા હલ થશે એવી શકયતા છે. કોર્પોરેશનના પ્લોટમાં અને ઓન સ્ટ્રીટ પાર્કિંગ શરૂ કરવામાં આવ્યા છે. એસજી હાઈવે, સોલા સાયન્સ સિટી અને જગતપુર સહિતના આસપાસના વિસ્તારમાં કુલ ૮ જેટલા પ્લોટમાં પાર્કિંગ પ્લોટ નક્કી કરવામાં આવ્યા છે. એસજી હાઈવે પર જે લોકો અમદાવાદ - ગાંધીનગર અપડાઉન કરતા હોય તેઓ પોતાના વાહનો પાર્ક કરી શકે તેના માટે કારગીલ પેટ્રોલ પંપ, એસજી હાઈવે વોડાફોન પાસે અને ગોતા અંબિકા દાળવડા સેન્ટર પાસે સહિત કુલ અલગ અલગ સ્થળો પર પાર્કિંગ પ્લોટમાં કોન્ટ્રાક્ટ આપવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે.

કોન્ટ્રાક્ટ પૂર્ણ થતાં ફરીથી ટેન્ડર પ્રક્રિયા શહેરના એસજી હાઈવે પર ઈસ્કોન ચાર રસ્તાથી લઈ અને ઈસ્કોન ગાંઠિયા અને ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ સુધીનો સર્વિસ રોડ આખો પે એન્ડ પાર્ક તરીકે હાલ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થતા હવે ફરીથી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે. ઈસ્કોન ચાર રસ્તાથી વાઈડ એંગલ અને કર્ણાવતી ક્લબ સામેના રોડ ઉપર અનેક વાહનો પાર્ક થતા હોય છે. ઈસ્કોન ગાંઠીયા રથની બહાર પણ ખૂબ મોટી સંખ્યામાં વાહનો પાર્ક થતા હોય છે. આ રોડ પર ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે જેની અપસેટ વેલ્યુ ૧૬.૫૫ લાખ રાખવામાં આવી છે. પ્લોટ અને રોડ પર પાર્કિંગના ટેન્ડર બહાર પાડવામાં આવે છે. જેમાં ૩૦૦૦થી વધુ વાહનો પાર્ક થઈ શકશે.

હાઈકોર્ટ સ્ટાફ માટે પરિપત્ર જાહેર

# હેલમેટ વગરના વાહનચાલકોને હાઈકોર્ટમાં પ્રવેશવા પર પ્રતિબંધ

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં હેલમેટ ન પહેરનાર વાહનચાલકોને રોકી રાખવા તેમ જ સખત કાર્યવાહી કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. જેને લઈ ટ્રાફિક પોલીસ એકશન મોડમાં આવી છે. પ્રથમ વખત હેલમેટ વગર પકડાય તો ૫૦૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવે છે. જો કે લાયસન્સ રદ કરવા સુધીની પણ કાર્યવાહી ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. જો કે ગુજરાત હાઈકોર્ટે આ મામલે હાઈકોર્ટના સ્ટાફ માટે પણ પરિપત્ર જાહેર કર્યો છે. હાઈકોર્ટના સ્ટાફે વાહન ચલાવતી સમયે કમ્પલ્સરી હેલમેટ પહેરવાનો આદેશ આપ્યો છે. તેમ જ હેલમેટ વગર ટુ-વ્હીલર ચાલક કે તેની પાછળ બેઠેલી વ્યક્તિને પણ હાઈકોર્ટમાં પ્રવેશ મળશે નહીં. આ તમામ શરતો હાઈકોર્ટને લગતા દરેક સ્ટાફને લાગુ પડે છે. રજિસ્ટ્રાર જનરલ દ્વારા આ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

મકાન તોડી લેવલિંગ કે પૂરાણ કરાયું ન હતું

# વટવામાં EWS ફલેટ પાસે ખૂલ્લા ખાડામાં પડી જતા બાળકીનું મોત

## ત્રણ વર્ષની દીકરીનાં મોતથી શોકનો માહોલ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

અમદાવાદમાં ખુલ્લા ખાડામાં પડવાના લીધે બાળકીનું મોત નિપજ્યું છે. વટવામાં આર્થિક રીતે નબળા વર્ગ માટે બનાવવામાં આવેલા મકાનોમાં ત્રણ વર્ષની બાળકીનું ખાડામાં પડી જતાં મોત થયું મકાન તોડવામાં આવ્યા પછી લેવલિંગ કરીને પુરાણ કરવામાં આવ્યું ન હોવાના લીધે આ ઘટના બની હતી. અમદાવાદ શહેરના વટવા વોર્ડમાં આવેલા રેલ્વે સ્ટેશન પાસે તોડી પાડવામાં આવેલા ઈડબલ્યુએસ ફલેટવાળી જગ્યામાં ખુલ્લા ખાડામાં એક ત્રણ વર્ષની દીકરી પ્રીતિ સંજયભાઈ કટારા ખાડામાં પડી જતાં મૃત્યુ પામી છે. આ બાબતને લઈને સ્થાનિક રહીશોનો આરોપ છે કે આ મકાન તોડી પાડીને લેવલિંગ કે પુરાણ કરવામાં ન આવ્યું હોવાના લીધે ઘટના બની છે. આ કિસ્સામાં વટવા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. આજુબાજુમાં સીસીટીવી નથી, સાક્ષીઓના આધારે પોલીસ કામ કરી રહી છે. આ કિસ્સામાં પોલીસ કદાચ કોર્પોરેશનનો જવાબ માંગી શકે તેમ છે. કોર્પોરેશન તેના સ્વભાવ મુજબ કોન્ટ્રાક્ટર પર જવાબદારી ઢોળી શકે છે. છેવટે પોલીસ કોન્ટ્રાક્ટરનો જ કાંઠલો ઝાલે તેમ છે. જો કે વસાહતોના રહેણાંક વિસ્તારની વાત આવે ત્યારે આ પ્રકારની ખરાબ કામગીરી કાંઈ નવી જ વાત નથી. આ બતાવે છે કે તંત્ર આ જ રીતે કામગીરી કરતું રહ્યું તો આ પ્રકારની ઘટના ભવિષ્યમાં પણ થઈ શકે. પણ ગરીબોના જીવની કિંમત કોણ સમજે છે. જ્યાં સુધી પગ તળે રેલો આવતો નથી ત્યાં સુધી આ જ સ્થિતિ રહેવાની છે.

# ઈઝરાયેલને અંતે ગાઝામાં એક વર્ષથી ચાલી રહેલા નરસંહારની કિંમત ચૂકવવી પડશે : તુર્કીના રાષ્ટ્રપતિ

(એજન્સી) તા.૮

તુર્કીના રાષ્ટ્રપતિએ સોમવારે જણાવ્યું કે ઈઝરાયેલને આખરે ગાઝામાં તેના એક વર્ષ સુધી ચાલેલા નરસંહારની કિંમત ચૂકવવી પડશે. રેસેપ તૈયપ એર્દોગને જણાવ્યું કે, "એને ભૂલવું જોઈએ નહીં કે વહેલા કે પછી ઈઝરાયેલને આ નરસંહારની કિંમત ચૂકવવી પડશે, જે એક વર્ષથી ચાલી રહી છે." ઈઝરાયેલ સામે સામૂહિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે" જેમ માનવતાના સામાન્ય ગઠબંધને હિટલરને રોક્યો, તેવી જ રીતે (ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન) નેતન્યાહુ અને તેમના હત્યાના નેટવર્કને અટકાવવામાં આવશે." તેમણે જણાવ્યું કે, "આ દિવસોમાં ગાઝા, પેલેસ્ટીન અને લેબેનોનમાં મૃત્યુ પામેલા લોકોમાં માત્ર મહિલાઓ, બાળકો, શિશુઓ અને નિર્દોષ નાગરિકો જ નહીં, પરંતુ માનવતા અને આંતરરાષ્ટ્રીય સિસ્ટમનો પણ સમાવેશ થાય છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ગાઝામાં એક જ વર્ષમાં ૫૦,૦૦૦ લોકોની હત્યા કરવામાં આવી છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ગાઝામાં હોસ્પિટલો અને શાળાઓ સહિત ઘણી સંસ્થાઓનો નાશ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે "ઘણા પત્રકારો, નાગરિક સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ અને શાંતિના રાજદૂતો હવે આપણી વચ્ચે નથી. તેમણે જણાવ્યું કે, "એક વર્ષમાં માનવતા અને ભવિષ્ય માટેની તમામ માનવતાની આશા વિશ્વની નજર સમક્ષ મારી નાખવામાં આવી છે." તુર્કીના રાષ્ટ્રપતિએ ૭ ઓક્ટોબરથી ઈઝરાયેલ સરકાર દ્વારા હજારો લોકોની હત્યા પર પેલેસ્ટિનિયન અને લેબનીઝ લોકો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે "ગાઝા હત્યાકાંડ માટે કોઈ જવાબદારી વિનાની દુનિયામાં ક્યારેય શાંતિ રહેશે નહીં. તુર્કી તરીકે અમે કિંમતને ધ્યાનમાં લીધા વિના ઈઝરાયેલ સરકાર સામે ઉભા રહીશું અને વિશ્વને આ સન્માનજનક વલણમાં જોડાવા માટે આહ્વાન કરીશું." યુએન સિક્યુરિટી કાઉન્સિલે



તાત્કાલિક યુદ્ધવિરામની દરખાસ્ત કરી હોવા છતાં ગયા ઓક્ટોબરમાં પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર તેનું આક્રમણ ચાલુ રાખ્યું છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ ૪૨,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૯૭,૧૦૦થી વધુ ઘાયલ થયા છે. ઈઝરાયેલના ચાલુ આક્રમણથી ગાઝા પટ્ટીની લગભગ સમગ્ર વસ્તી વિસ્થાપિત થઈ ગઈ છે અને લાંબા સમય સુધી નાકાબંધીને કારણે ખોરાક, શુદ્ધ પાણી અને દવાની અછત વધુ વધી ગઈ છે. ઈઝરાયેલ હાલમાં ગાઝામાં તેના પગલાંને કારણે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં નરસંહારના આરોપોનો સામનો કરી રહ્યું છે.

# પોપ ફ્રાન્સિસે ઈઝરાયેલ-પેલેસ્ટીન યુદ્ધને રોકવા માટે વિશ્વની 'શરમજનક અસમર્થતા'ની ટીકા કરી



(એજન્સી) તા.૮

પોપ ફ્રાન્સિસે સોમવારે ઈઝરાયેલ પર હમાસના વિનાશક હુમલાના એક વર્ષ પછી મધ્ય પૂર્વમાં યુદ્ધને સમાપ્ત કરવામાં આંતરરાષ્ટ્રીય સમુદાયની "શરમજનક અસમર્થતા"ની ટીકા કરી હતી. "એક વર્ષ પહેલાં નફરતની ચિનગારી સળગી હતી; તે ઓલવાઈ ન હતી, પરંતુ હિંસાના ચક્રમાં ફાટી નીકળી હતી" તેમણે પ્રદેશના કૅથલિકોને લખેલા ખુલ્લા પત્રમાં જણાવ્યું હતું. તેમણે લખ્યું કે, "એવું લાગે છે કે બહુ ઓછા લોકો સૌથી મહત્ત્વપૂર્ણ અને સૌથી વધુ જરૂરી શું છે તેની કાળજી લે છેઃ સંવાદ અને શાંતિ." "હિંસા ક્યારેય શાંતિ લાવી શકતી નથી. ઈતિહાસ આ વાત સાબિત કરે છે, છતાં વર્ષો અને વર્ષોના સંઘર્ષે આપણને કંઈ શીખવ્યું નથી." ફ્રાન્સિસ, જેમણે સોમવારને વૈશ્વિક સ્તરે કૅથલિકો માટે શાંતિ માટે ઉપવાસ અને પ્રાર્થનાનો દિવસ બનાવ્યો હતો, તેણે તાજેતરના અઠવાડિયામાં પેલેસ્ટાઈન-ઈઝરાયેલ સંઘર્ષ વિશે વધુ ખુલ્લેઆમ વાત કરી છે અને ઈઝરાયેલની લશ્કરી ઝુંબેશની તેમની ટીકામાં વધુ અવાજ ઉઠાવ્યો છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ, ૮૭-વર્ષીય પોપે લેબનાનમાં ઈઝરાયેલી હવાઈ હુમલાની ટીકા કરી હતી જેમાં હિઝબુલ્લાહના નેતા સૈયદ હસન નસરાલ્લાહ તેમજ બિન-લડાકુઓ મૃત્યુ પામ્યા હતા અને જણાવ્યું હતું કે હવાઈ હુમલા "નૈતિકતાની બહાર" હતા. સપ્ટેમ્બરની શરૂઆતમાં, પોપે લેબનાનમાં ઈઝરાયેલની કાર્યવાહીને "અસ્વીકાર્ય" ગણાવી હતી અને આંતરરાષ્ટ્રીય સમુદાયને લડાઈ રોકવા માટે શક્ય તેટલું બધું કરવા વિનંતી કરી હતી. સોમવારે તેમના પત્રમાં, ફ્રાન્સિસે ગાઝાના લોકોને સીધા સંબોધિત કર્યાઃ "હું તમારી સાથે છું, ગાઝાના લોકો, લાંબા સમયથી યુદ્ધગ્રસ્ત અને ગંભીર સંકટમાં. તમે દરરોજ મારા વિચારો અને પ્રાર્થનામાં છો. તેણે જણાવ્યું કે, "હું તમારી સાથે છું જેમને ઘર છોડવા, શાળા અને કામ છોડવા અને બોમ્બ વિસ્ફોટથી બચવા માટે આશ્રય લેવાની ફરજ પાડવામાં આવી છે. હું તમારી સાથે છું જેમને આકાશમાંથી આગ વરસવાનો ડર લાગે છે. જોવાથી ડર લાગે છે."


ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ-ઉમરાહ ૨૦ વર્ષના અનુભવી
દિવાળી વેકેશન રવાનગી : તા.૨૭,૨૮,૩૧ ઓક્ટોબર
ડીલક્સ પેકેજ (20 દિવસ) રૂા. ૯૦,૦૦૦
બદર ઝિયારત તથા તાઈફ ઝિયારત ફ્રી
બુકિંગ ચાલુ છે હજ્જ-2025
ફ્લાઈટ અહમદાબાદથી અહમદાબાદ
મૌલાના સાજીદ સિદ્ધપુર 9638929480
ઐયુબભાઈ કરોડાપોલ અહમદાબાદ 9825442205
જાલીવાલી મસ્જિદ સામે, લાલદરવાજા પાસે, અમદાવાદ-૦૧


# ઈઝરાયેલ લેબેનોનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત બોમ્બનો ઉપયોગ કરી રહ્યું છે : કેમિસ્ટ યુનિયન

(એજન્સી) તા.૮

યુનિયન ઑફ કેમિસ્ટ્સ ઑફ લેબેનોન (એસસીએલ) એ ગઈ કાલે ચેતવણી આપી કે વિનાશની હદ અને ઈમારતો અને જમીનને નુકસાનની ઊંડાઈ ઈઝરાયેલી સૈન્ય દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત, અવક્ષયિત યુરેનિયમ ધરાવતા બોમ્બના ઉપયોગનું સમર્થન કરે છે. બોમ્બ વિસ્ફોટ દ્વારા ઉત્પાદિત ધૂળ શ્વાસમાં લેવાના પરિણામે વિવિધ રોગોના ફેલાવાના ભય વિશે પણ તેમણે ચેતવણી આપી હતી. ખૂબ જ મહત્ત્વપૂર્ણ ચેતવણી માં તેમણે જણાવ્યું કે તે "લેબેનોનમાં નાગરિકો સામેના બર્બર આક્રમણ અને લેબનીઝ લોકો સામે કરવામાં આવી રહેલા નરસંહારની ટીકા કરે છે" અને જણાવ્યું કે ચેતવણીનો હેતુ "ઘણા લેબનીઝ વિસ્તારો પર ઈઝરાયેલી બોમ્બમારાથી ઉદ્ભવતા પરિણામોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો." તેમણે જણાવ્યું કે "વિનાશની હદ અને ઈમારતો અને જમીનમાં ડઝનેક મીટરની ઘૂસપેંઠ એ ક્ષીણ યુરેનિયમ ધરાવતા બોમ્બના ઉપયોગના પુરાવા છે, જેમાં જબરદસ્ત ઘૂસી જવાની શક્તિ છે. SCLએ ભારપૂર્વક જણાવ્યું કે "આ પ્રકારના આંતરરાષ્ટ્રીય પ્રતિબંધિત શસ્ત્રોનો ઉપયોગ, ખાસ કરીને ગીચ વસ્તીવાળા બૈરૂતમાં મોટા પાયે વિનાશનું કારણ બને છે, અને તેમની ધૂળ ઘણા રોગોનું કારણ બને છે, ખાસ કરીને જ્યારે "શ્વાસ



દ્વારા અંદર જાય છે." SCL એ આંતરરાષ્ટ્રીય સમુદાયને લેબનાન સામે આક્રમકતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત બોમ્બનો ઉપયોગ બંધ કરવા માંગ કરી હતી. તેણે લેબનીઝ રાજ્યને "લેબનીઝ ધરતી પર થઈ રહેલા ઉલ્લંઘનો અને નિર્દોષ નાગરિકોની સામૂહિક હત્યાના પ્રયાસ" વિરૂદ્ધ યુએન સુરક્ષા પરિષદમાં દાવો દાખલ કરવા પણ માંગ કરી હતી. તે કહે છે કે નાગરિકોએ "બોમ્બવાળા વિસ્તારોમાંથી બે કિલોમીટરથી વધુની અંદર ન જવું જોઈએ", જ્યારે આ વિસ્તારોમાં જવાની ફરજ પાડવામાં આવતા લોકોએ રક્ષણાત્મક વસ્ત્રો પહેરવા જોઈએ." SCL એ સમર્થન કર્યું કે તે "દુશ્મન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત શસ્ત્રોના ઉપયોગ પર નજીકથી નજર રાખે છે." આ કિલ્લેબંધી વિરોધી બોમ્બનો સૌથી વધુ ઉપયોગ ૨૭ સપ્ટેમ્બરના રોજ હિઝબુલ્લાહના સેક્રેટરી જનરલ હસન નસરાલ્લાહની હત્યા દરમિયાન થયો હતો, ઉપરાંત તેમના અનુગામી હાશેમ સફીઉદ્દીનની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૨૩ સપ્ટેમ્બરના રોજ, ઈઝરાયેલે લેબનાન પર છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી વધુ ક્રૂર હુમલો કર્યો, જેના કારણે અત્યાર સુધીમાં ૧,૨૦૪ લોકોના મોત થયા છે. ૧.૨ મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# ઈઝરાયેલે પાછલા એક વર્ષમાં ગાઝામાં ૯૦૨ પેલેસ્ટીની પરિવારોનો નાશ કર્યો



(એજન્સી) તા.૮

ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની ખાસ કરીને ગાઝાપટ્ટીમાં નાગરિકો પર વિનાશક અસર થઈ છે. છેલ્લા એક વર્ષમાં ગાઝામાં ઈઝરાયેલની સૈન્ય કાર્યવાહીના પરિણામે ૯૦૨ પેલેસ્ટિનિયન પરિવારો સંપૂર્ણપણે ઉથલાવી દેવામાં આવ્યા છે. આ દુઃખદ આંકડો સંઘર્ષની પ્રચંડ માનવીય કિંમતને પ્રતિબિંબિત કરે છે, કારણ કે સમગ્ર પરિવારના એકમો નાશ પામ્યા છે અને કોઈ બચ્યું નથી. ૯૦૨ પરિવારોનો વિનાશ માત્ર એક આંકડા નથી, પરંતુ ગાઝામાં નાગરિકો દ્વારા અનુભવાયેલી ઊંડી વેદનાનું પ્રતિબિંબ છે. આ પરિવારો ઈઝરાયેલી લશ્કરી કાર્યવાહી દરમિયાન હવાઈ હુમલાઓ અને આર્ટિલરી ફાયર દ્વારા નાશ પામ્યા છે, જેનો ઈઝરાયેલ દાવો કરે છે કે ગાઝાને નિયંત્રિત કરતા આતંકવાદી સમુહ હમાસને લક્ષ્ય બનાવ્યું છે. જો કે, ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં ભારે બોમ્બમારાથી બાળકો, મહિલાઓ અને વૃદ્ધો સહિત મોટા પાયે નાગરિક જાનહાનિ થઈ છે. વિવિધ માનવાધિકાર સંસ્થાઓના અહેવાલો અનુસાર, લશ્કરી હુમલાઓ ઘણીવાર રહેણાંક ઈમારતોને નિશાન બનાવે છે, જેઓ સમયસર બચી શકતા નથી તેવા સમગ્ર પરિવારોને મારી નાખે છે. આ હુમલાઓમાં ઉપયોગમાં લેવાતા ભારે ગોળીબારના કારણે બહુમાળી ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી અને લોકો અંદરથી કચડાઈ ગયા હતા. ગાઝામાં નાગરિકોની વધતી જતી જાનહાનિ પર આંતરરાષ્ટ્રીય સમુદાયે આક્રોશ અને ચિંતાના મિશ્રણ સાથે પ્રતિક્રિયા આપી છે. સંયુક્ત રાષ્ટ્ર અને અનેક બિન-સરકારી સંસ્થાઓએ વારંવાર તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરી છે અને બંને પક્ષોને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું સન્માન કરવા વિનંતી કરી છે. માનવાધિકાર સમૂહોએ ઈઝરાયેલ પર બળનો અપ્રમાણસર ઉપયોગ કરવાનો અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો છે, જે સશસ્ત્ર સંઘર્ષમાં બિન-ભેદભાવ અને પ્રમાણસરતાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. જો કે, આ કોલ હોવા છતાં, બંને પક્ષોએ સુરક્ષા ચિંતાઓ અને સ્વ-બચાવના આધારે તેમની ક્રિયાઓને ન્યાયી ઠેરવતા, લશ્કરી કાર્યવાહી ચાલુ રાખી છે. ઈઝરાયેલ કહે છે કે તેની લશ્કરી કાર્યવાહીનો હેતુ હમાસ અને અન્ય આતંકવાદી સમૂહની લશ્કરી ક્ષમતાઓને ખતમ કરવાનો છે, જ્યારે પેલેસ્ટિનિયન આતંકવાદીઓ દલીલ કરે છે કે તેઓ કબજા અને નાકાબંધીનો વિરોધ કરી રહ્યા છે જેણે ગાઝામાં એક દાયકા કરતાં વધુ સમયથી જીવનને વિક્ષેપિત કર્યું છે. ૯૦૨ પરિવારોના ગુમ થવાથી ગાઝામાં પહેલેથી જ ગંભીર માનવતાવાદી કટોકટી વધી ગઈ છે. એન્ક્લેવની આરોગ્ય પ્રણાલી, પહેલેથી જ ભારે દબાણ હેઠળ, જાનહાનિના બોજ હેઠળ દબાઈ રહી છે. હોસ્પિટલો તબીબી પુરવઠો, જનરેટર માટે બળતણ અને સ્ટાફની અછતથી પીડાય છે, જેમાંથી ઘણા બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા અથવા ઘાયલ થયા હતા. આ હુમલાઓના ભોગ બનેલા લોકો દ્વારા અનુભવાયેલી માનસિક આઘાત અમાપ છે. જે બાળકોએ તેમનો આખો પરિવાર ગુમાવી દીધો છે, તેઓ અનાથ બની ગયા છે અને હિંસાથી ઊંડે સુધી વ્યથિત છે. મનોવૈજ્ઞાનિક સમર્થનનો અભાવ તેમની વેદનામાં વધારો કરે છે અને ઘણા લોકો તેમના પ્રિયજનોની કાળજી લીધા વિના અંધકારમય ભવિષ્યનો સામનો કરે છે.

# ગાઝામાં મૃત્યુ પામેલા પત્રકારોના સન્માન માટે રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સે ૧૦ દેશોમાં વિરોધ પ્રદર્શન કર્યા




(એજન્સી) તા.૨૭

મીડિયા વોચડોગ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) એ ગાઝામાં મૃત્યુ પામેલા પત્રકારોને શ્રદ્ધાંજલિ આપવા ગુરૂવારે વિશ્વના ૧૦ દેશોમાં વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. બિન-લાભકારી સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ ગયા ઓક્ટોબરથી પેલેસ્ટીની ક્ષેત્રમાં ૧૩૦થી વધુ પત્રકારોની હત્યા કરી છે. આ વિરોધ પ્રદર્શનો જર્મની, બ્રાઝિલ, સ્પેન, યુએસએ, યુકે, ફ્રાન્સ, સેનેગલ, સ્વિટ્ઝર્લેન્ડ, તાઈવાન અને ટ્યુનિશિયામાં યોજવામાં આવ્યા હતા. RSFએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'આ વૈશ્વિક જાગૃતિ અભિયાન સાથે, RSFનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય જનતાને આ કટોકટીની ગંભીરતાથી ચેતવવાનો છે. જે ચિંતાજનક દરે આ પત્રકારોની હત્યા કરવામાં આવી રહી છે તે મુક્ત અને સ્વતંત્ર માહિતી માટે જોખમરૂપ છે.' 'ગાઝામાં પત્રકારોનો કત્લેઆમ બંધ થવો જોઈએ,' આરએસએફના ડિરેક્ટર-જનરલ થીબાઉટ બ્રુટિને જણાવ્યું કે, 'એક વર્ષથી ઓછા સમયમાં ગાઝાના ૧૩૦થી વધુ પત્રકારોની ઈઝરાયેલી સૈન્ય દ્વારા નાકાબંધી કરાયેલા પ્રદેશમાં સંપૂર્ણ મીડિયા પ્રતિબંધ લાદવાની ધમકી છે.' તેમણે જણાવ્યું કે, 'આ હુમલાઓ માત્ર પેલેસ્ટીનમાં પ્રેસને જ નહીં, પરંતુ વિશ્વના સૌથી મોનિટર કરાયેલા સંઘર્ષ ઝોનમાંથી એક-મુક્ત, સ્વતંત્ર અને બહુલવાદી-વિશ્વસનીય માહિતી પ્રાપ્ત કરવાના સર્વત્ર જનતાના અધિકારને લક્ષ્ય બનાવે છે.' ગયા વર્ષે ઓક્ટોબરથી લઈને અત્યાર સુધીમાં ઈઝરાયેલે ગાઝામાં ૪૧,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે.

# એક પરિવાર, એક કન્યા, એક ઘરેલુ કામદાર લેબેનોન પર ઈઝરાયેલી હુમલાની અસર

(એજન્સી) તા.૨૬

આવતા મહિને લેબેનીઝ એન્જિનિયર માયા ગરીબના લગ્ન પહેલા, ઉત્સાહિત સંબંધીઓ તેનો ડ્રેસ લેવા માટે વ્યવસ્થા કરી રહ્યા છે. પરંતુ સોમવારે, ૨૩ વર્ષીય ગરીબ, તેની બે બહેનો અને તેમના માતા-પિતા દક્ષિણના શહેર ટાયરના ઉપનગરમાં તેમના ઘર પર ઈઝરાયેલી હુમલામાં મૃત્યુ પામ્યા, ગરીબના ભાઈ રેડાએ જણાવ્યું, જે પરિવારના એકમાત્ર હયાત સભ્ય છે. ઈઝરાયેલનું કહેવું છે કે સોમવારના હુમલાનું નિશાન હિઝબુલ્લાહના હથિયારો હતા. લેબેનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે હુમલામાં ૫૫૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં ઓછામાં ઓછા ૫૦ બાળકો અને ૯૮ મહિલાઓનો સમાવેશ થાય છે. ૧૯૭૫-૯૦ના ગૃહયુદ્ધ પછી તે લેબનાનનો સૌથી લોહિયાળ દિવસ હતો. રોયટર્સ સાથે શેર કરાયેલા સ્ક્રીનશોટમાં ગરીબ પરિવારના મૃત્યુ પછી ડ્રેસ શોપના સંબંધી દ્વારા મોકલવામાં આવેલ સંદેશ દર્શાવે છે : ''કન્યા શહીદ થઈ ગઈ છે.'' ''તે ઘરે બેઠો હતો અને પછી તેના ઘર પર હુમલો થયો,'' રેડા ગરીબ, જેઓ ગયા વર્ષે કામ માટે સેનેગલ ગયા હતા, તેણે ફોન દ્વારા રોઈટર્સને જણાવ્યું. બીજા દિવસે પરિવારને ઉતાવળમાં દફનાવવામાં આવ્યો, હુમલાના ભયને કારણે



બહુ ઓછા લોકો હાજર હતા. રેડા ઉડવામાં અસમર્થ હતી કારણ કે ઈઝરાયેલના હુમલાઓ અને હિઝબુલ્લાના રોકેટ હુમલાઓને કારણે મોટાભાગની ફલાઈટ્સ રદ કરવામાં આવી હતી. તેમના પિતા લેબેનીઝ આર્મીના નિવૃત્ત સૈનિક હતા, જે યુ.એસ. અને અન્ય દેશો દ્વારા નાણાં પૂરા પાડવામાં આવતા આંતર-સાંપ્રદાયિક દળ હતા અને લેબનાનમાં એકતાના સ્ત્રોત તરીકે વ્યાપકપણે જોવામાં આવતા હતા. તેની બધી બહેનો ૨૦ વર્ષની હતી. રેડા ગરીબે કહ્યું, ''અમે એક રાષ્ટ્રવાદી પરિવાર છીએ જેમાં કોઈપણ પક્ષ સાથે કોઈ જોડાણ નથી, જો કે અમે આક્રમણનો વિરોધ કરનારા તમામ લોકો સાથે ઉભા છીએ.'' તેમણે જણાવ્યું કે પરિવારના કોઈપણ સભ્યો હિઝબુલ્લાના સભ્ય નથી. પરંતુ તે કહે છે કે હવે, તેના પરિવારને ગુમાવ્યા પછી, તે ઈચ્છે છે કે હિઝબુલ્લાહ ઈઝરાયેલ સાથે ''વિજય સુધી'' લડતા રહે અને કોઈપણ મંત્રણા સ્વીકારશે નહીં. પેલેસ્ટીની માટે ''સમર્થન મોરચો'' જાહેર કરતા આતંકવાદી પેલેસ્ટીની સમુહ હમાસ, દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કર્યાના બીજા દિવસે, હિઝબુલ્લાહે ઑક્ટોબર ૮ના રોજ ઈઝરાયેલ પર રોકેટ છોડવાનું શરૂ કર્યું. પાછલા અઠવાડિયેથી અથડામણો વધી છે, લેબેનોનમાં સેંકડો લોકો માર્યા ગયા છે અને હજારો ઘાયલ થયા છે, જ્યારે ઈઝરાયેલે એક હવાઈ અભિયાન શરૂ કર્યું છે જેણે દેશના મોટા ભાગને ત્રાટક્યું છે. સોમવારના રોજ ઈઝરાયેલના હુમલાને કારણે ઉભી થયેલી અરાજકતા બાદ પરિવારના કેટલાય સભ્યોની હત્યાના અહેવાલો છે. સંબંધીઓએ જણાવ્યું કે દક્ષિણના શહેર હનોઈએહમાં ઈઝરાયેલી હુમલામાં ગામ્બિયાના એક પરિવારના આઠ સભ્યો અને એક ઘરેલું કામદાર મૃત્યુ પામ્યા હતા. મોહમ્મદ સક્સૌકે, જેનો ભાઈ હસન મૃત્યુ પામેલા લોકોમાં હતો, તેણે રોઈટર્સને જણાવ્યું કે હુમલો તેના ઘરની બાજુમાં એક બિલ્ડિંગને અથડાયો જે તેના પર તૂટી પડ્યો.

# ઈઝરાયેલમાં પાછલા ઓક્ટોબરથી શામક દવાઓના વેચાણમાં ૨૦૪ ટકા વધારો

(એજન્સી) તા.૮

ઈઝરાયેલમાં શામક દવાઓના વેચાણમાં ગયા ઓક્ટોબરથી નોંધપાત્ર વધારો થયો છે, એમ એક સંશોધન સમુહે જાહેર કર્યું છે. કાહ્ન-સગોલ-મકાબી (કેએસએમ) અનુસાર, ૨૦૦૬માં બીજા લેબેનોન યુદ્ધની સરખામણીમાં જેમાં ચિંતાજનક દવાઓની ખરીદીમાં ૨૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો, ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી શામક દવાઓના વેચાણમાં અભૂતપૂર્વ ૨૦૪ ટકાનો વધારો થયો છે.

જ્યારે ૨૦૦૬માં શામક દવાઓના વેચાણમાં વધારો મુખ્યત્વે અધિકૃત પેલેસ્ટીનના ઉત્તરમાં જોવા મળ્યો હતો, સંશોધન કેન્દ્રે અહેવાલ આપ્યો છે કે છેલ્લા ૧૨ મહિનામાં આ વધારો સમગ્ર ઈઝરાયેલના કબજાવાળા રાજ્યમાં જોવા મળ્યો છે.

તેણે અહેવાલ આપ્યો છે કે ૨૧ વર્ષથી વધુ ઉંમરના ૧૦ લાખથી વધુ મેકાબી સભ્યોના અનામી ડેટા સાથે પર્યાવરણીય પરિસ્થિતિઓ અને વ્યક્તિગત તણાવ પર તેમની અસરના કેસ સ્ટડી તરીકે હેલસિંકી સમિતિની મંજૂરી સાથે પૂર્વદર્શી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અભ્યાસમાં સામાજિક-વસ્તી વિષયક લાક્ષણિકતાઓ જેમ કે વય, લિંગ, રહેઠાણનો વિસ્તાર અને સામાજિક-આર્થિક સ્થિતિ અને



છેલ્લા ૧૯ વર્ષમાં દવાઓના ઉપયોગની પેટર્નને ધ્યાનમાં લેવામાં આવી હતી, જેમાં ઑક્ટોબર ૭ સહિતની ચિંતા વિરોધી દવાઓની ખરીદીની સંખ્યાની તપાસ કરવામાં આવી હતી. અભ્યાસ દર્શાવે છે કે સલામતી અભિયાન દરમિયાન ટૂંકા ગાળાના શામક દવાઓ ખરીદવાનું જોખમ સામાન્ય સમય કરતાં ૧૪ ટકા વધારે છે. બીજા લેબેનોન યુદ્ધ દરમિયાન, ઉત્તરીય વિસ્તારોના રહેવાસીઓમાં શામક દવાઓની ખરીદી મધ્ય વિસ્તારના રહેવાસીઓ કરતાં ૩૯ ટકા વધુ હતી. દક્ષિણમાં લશ્કરી કામગીરી દરમિયાન, મધ્યપ્રદેશોના રહેવાસીઓની તુલનામાં ચિંતા-મુક્ત દવાઓની ખરીદીમાં ૧૮ ટકાનો વધારો થયો હતો.

# ઈઝરાયેલે ગાઝામાં નવા સ્થળાંતરનો આદેશ જારી કર્યો, નુસરત પર હુમલામાં ૧૨ લોકોનાં મોત

(એજન્સી) તા.૮

ઈઝરાયલે મધ્ય ગાઝામાં આશ્રય લઈ રહેલા હજારો વિસ્થાપિત પેલેસ્ટીનીને નવી ચેતવણી આપી છે અને જણાવ્યું છે કે તેના દળો આ વિસ્તારમાં હમાસ સામે ''જબરજસ્ત બળ'' વાપરવાની તૈયારી કરી રહ્યા છે કારણ કે તે ઘેરાયેલા વિસ્તાર પર હુમલાઓ ચાલુ રાખે છે જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકો મૃત્યુ પામ્યા છે. શનિવાર જારી કરાયેલ ઈવેક્યુએશન કોલ ગાઝા માટે કેટલાક અઠવાડિયામાં પ્રથમ છે, જે અન્ય સંભવિત માનવતાવાદી સંકટનો સંકેત આપે છે જે ઈઝરાયેલનું યુદ્ધ તેની એક વર્ષની વર્ષગાંઠની નજીક આવી રહ્યું છે ત્યારે ઓછામાં ઓછા ૪૧,૮૨૫



પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકો છે અને ઓછામાં ઓછા ૯૬,૯૧૦ ઘાયલ થયા છે. ગાઝા સ્થિત તબીબી અધિકારીઓના જણાવ્યા અનુસાર, શનિવારે ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૩૭ લોકો મૃત્યુ પામ્યા છે. પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઈઝરાયેલી સૈન્ય દ્વારા પોસ્ટ કરવામાં આવેલા આદેશમાં એક નકશો જોડવામાં આવ્યો છે જેમાં વિસ્તારો ખાલી કરાવવાના છે. તેઓ નેત્ઝારીમ કોરિડોરની નજીક છે, ઈઝરાયેલી દળો દ્વારા કબજે કરાયેલ જમીનની પટ્ટી જે ઉત્તર ગાઝાને દક્ષિણ ગાઝાથી અલગ કરે છે. ઘાતક ઈઝરાયેલી હુમલાઓને કારણે આ વિસ્તાર પહેલા જ ખાલી કરાવવામાં આવ્યો છે. અલ જઝીરાના હિંદ ખુદારી, મધ્ય ગાઝામાં દેર અલ-બલાહથી અહેવાલ આપતા જણાવ્યું કે ચેતવણી પહેલા ઈઝરાયેલે આ વિસ્તારમાં ઘાતક બોમ્બ વિસ્ફોટ કર્યા હતા. ખોદરીએ જણાવ્યું કે ઈઝરાયેલે નુસરત શરણાર્થી શિબિરમાં એક ઘર પર હુમલો કર્યો અને એક પરિવારના છ સભ્યોની હત્યા કરી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# લાખોની ભીડ એકઠી તો કરી દેવાય છે પણ સંભવિત દુર્ઘટનાની અવગણના કરાય છે

**લો**કશાહીમાં ભીડ એકઠી કરવાને લોકપ્રિયતાના માપદંડ તરીકે જોવાય છે અને એમાંય આપણે ત્યાં તો ભીડ એકઠી કરવી એને શક્તિ પ્રદર્શનના સ્વરૂપમાં જોવાય છે પછી તે સારો-નરસો પ્રસંગ હોય, રાજકીય, સામાજિક કે ધાર્મિક પ્રસંગ જ કેમ ન હોય... દરેકમાં મોટી ભીડને એકત્ર કરવી એ એક જાતનો મોભ્ભો ગણાય છે. આવી ખોટી ઘેલછાને કારણે લોકો મોટી સંખ્યામાં એકત્ર તો કરી દેવાય છે પરંતુ તેમના માટે યોગ્ય વ્યવસ્થા કરાતી નથી. એટલે ભીડભાડવાળી જગ્યાઓ પર દુર્ઘટનાની શકયતા હંમેશા રહેતી જ હોય છે. એટલે વહીવટી તંત્ર પાસે અપેક્ષા રખાતી હોય છે કે તે આવી જગ્યાઓ પર આવનજાવન, હવાપાણી, આરોગ્ય સેવાઓ વગેરેની યોગ્ય વ્યવસ્થા કરે.

જો કે આપણે ત્યાં ચોપડા પર તો ભીડ એકઠી થાય ત્યારે શું કરવું એ અંગેના નીતિનિયમો પણ છે પરંતુ એ મોટાભાગે કાયદાના ચોપડામાં જ રહે છે. સરકારથી લઈને પોલીસ સુધી આ બાબતે મોટા ભાગે બેદરકાર દેખાય છે. આને કારણે છાશવારે દુર્ઘટનાઓ સર્જાતી રહે છે. સમયાંતરે આવો કોઈને કોઈ બનાવ બનતો રહે છે પણ રાબેતા મુજબ તંત્ર એમાંથી કોઈ સબક શીખતું નથી. આ કરૂણાંતિકાઓની સાંકળમાં વધુ એક નવી કડી ચેન્નાઈના એર શોમાં ઉમેરાઈ ગઈ જેમાં લાખોની ભીડ એકત્ર થઈ હતી જેમાં ભારે ગરમી અને ડિહાઈડ્રેશનને કારણે પાંચ લોકો તો ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યાં અને એકસોથી વધુ લોકોની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

એવું કહેવાય છે કે વર્લ્ડ રેકોર્ડ સર્જવાની લ્હાયમાં ભારતીય વાયુ દળે અંદાજે ૧૬ લાખ જેટલા લોકોને ચેન્નાઈના મરીના બીચ પર ભેગા કરી દીધા... સમુદ્ર કાંઠે લાખો લોકોનો દરિયો ભેગો તો કરી દીધો પરંતુ એમના માટે જે વ્યવસ્થા કરવી જોઈતી હતી તે ન કરાઈ... તમિલનાડુનો વિપક્ષ આ બાબતે રાબેતા મુજબ રાજ્ય સરકાર પર ગેરવ્યવસ્થાનું ઠીકરૂં ફોડી રહ્યો છે જ્યારે સરકારનું કહેવું છે કે આ કાર્યક્રમ ભારતીય વાયુ દળનો હતો અને એણે જેટલા સલામતી કર્મીઓ માંગ્યા હતા એનાથી પણ વધારે તૈનાત કરાયા હતા... સાડા છ હજારથી વધુ પોલીસ અને દોઢ હજારથી વધુ હોમગાર્ડ ડ્યુટી પર હતા... તેમ છતાં સવાલ એ છે કે આટલા લોકો વ્યવસ્થામાં હોવા છતાં લોકોને તકલીફો કેમ વેઠવી પડી ? તો કહેવાય છે કે લાખો લોકો માટે પીવાનું પાણી જરૂરી માત્રામાં ઉપલબ્ધ ન હતું અને ગરમી પણ તીવ્ર પડી એટલે લોકો બેહાલ થઈ ગયા. અધૂરામાં પૂરૂં ભીડ એટલી જંગી હતી કે ચારેતરફ અવ્યવસ્થા અને અંધાધૂંધી સર્જાઈ ગઈ... પણ કાર્યક્રમ પૂરો થતાં જ લોકોમાં ઘરે જવા માટે એવી અફરાતફરી મચી કે મેટ્રો, બસો સહિત તમામ જગ્યાએ ધક્કામૂક્કી થઈ અને આના કારણે ચેન્નાઈ જેવા મહાનગરની સડકો પર ઠેર ઠેર કલાકો સુધી ટ્રાફિક જામ થઈ ગયો...

આમ તો, જ્યારે પણ આવા પ્રકારના આયોજનો થાય છે ત્યારે સંભવિત ભીડને ધ્યાનમાં રાખીને આવવા જવાના રસ્તા પહેલાંથી જ નક્કી કરાય છે. લોકોના પીવા માટે પાણી, ઈમરજન્સી આરોગ્ય સુવિધાઓ વગેરેની વ્યવસ્થા કરવામાં આવે છે પણ ચેન્નાઈના એર શોમાં આમાં ઊણપ રહી ગઈ... જ્યારે ભારતીય વાયુ સેના અને ચેન્નાઈ પોલીસ સહિતના તંત્રને ખબર હતી કે વર્લ્ડ રેકોર્ડ માટે ૧૬ લાખ જેટલા લોકો એકત્ર થવાના છે ત્યારે તેમના માટે વ્યવસ્થા અને સલામતી સહિતની જોગવાઈઓમાં ખામી કેમ રહી ગઈ ? વર્લ્ડ રેકોર્ડનો એવો તો શું ચસ્કો કે જેમાં નિર્દોષ લોકોને પોતાના પ્રાણ ગુમાવવા પડે... વળી આ કોઈ એવું આયોજન પણ ન હતું કે જેને સ્થાનિક કે બિનઅનુભવી લોકો સમજ્યા વિચાર્યા વગર કર્યું હોય... વાયુ સેનાએ આના માટે મહિનાઓ પહેલા તૈયારી કરી હશે... પ્રચાર પણ ખૂબ કર્યો હશે... એમાં વીવીઆઈપી લોકોને પણ મહેમાન તરીકે બોલાવ્યા હશે... હવામાન ખાતા પાસેથી પણ મોસમની આગાહી જાણી હશે... વળી ખુદ વાયુસેનાનું પણ હવામાન અંગેનું અલગ તંત્ર હોય છે તેમ છતાં આકરી ગરમીમાં લોકો બેહાલ થઈ જશે એવું અનુમાન લગાવવામાં થાપ કેમ ખાઈ ગયા ? વળી એ પણ સમજાતું નથી કે જ્યારે સુરક્ષા વ્યવસ્થામાં હજારો પોલીસ કર્મીઓ ડ્યુટી પર હતા તો પછી ટ્રાફિક વ્યવસ્થા કેમ ખોરવાઈ ગઈ ? આ ઘટના બાદ તો વધુ એક વાર એ જ સાબિત થાય છે કે આપણા વહીવટી તંત્ર પાસે ભીડને નિયંત્રિત કરવાની ઉચિત ક્ષમતા નથી અને બીજું લોકોએ પણ હવે તંત્રના ભરોસે રહેવા જેવું નથી... જંગી ભીડનો હિસ્સો બનતા પહેલા એમણે પણ હજાર વાર વિચાર કરવો રહ્યો...

# "ઈઝરાયેલે આરબ ભૂમિ ખાલી કરવી જોઈએ" : મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે વાજપેયીનું ૧૯૭૭નું ભાષણ વાયરલ

**ટીકાકારો ભાજપના નેતાઓના વર્તમાન અભિગમ પર સવાલો ઉઠાવી રહ્યા છે. તેઓની દલીલ છે કે, જ્યારે વાજપેયીએ જાહેરમાં પેલેસ્ટીની અધિકારોની હિમાયત કરી હતી અને ઈઝરાયેલે કરેલા કબજાની નિંદા કરી હતી ત્યારે ભાજપના હાલના નેતાઓ મુસ્લિમ વિરોધી ભાવનાઓને પ્રોત્સાહન આપીને ઈઝરાયેલી લશ્કરી આક્રમણ માટે સ્પષ્ટ સમર્થન વ્યક્ત કરતા દેખાય છે**



**મ**ધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે, ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના નેતા અટલબિહારી વાજપેયીનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વિડિયોમાં વાજપેયી પેલેસ્ટીનના મુદ્દાના અધિકારો પર મજબૂત વલણ દર્શાવે છે અને ઈઝરાયેલની ટીકા કરે છે. ઈન્દિરા ગાંધીની હાર પછી ૧૯૭૭ની વિજય રેલી દરમિયાન વાજપેયીએ તેમના ઐતિહાસિક ભાષણમાં કહ્યું હતું કે, "ઈઝરાયેલે કબજે કરેલી આરબોની જમીન ખાલી કરવી પડશે. પ્રસાર ભારતીમાં જાહેર સંબોધન પ્રસારિત કરવામાં આવ્યું હતું, જેમાં વાજપેયી તાળીઓના ગડગડાટ વચ્ચે વિશાળ ભીડને સંબોધન કરતા જોવા મળે છે. ભૂતકાળમાં વિદેશ મંત્રી તરીકે પણ વાજપેયીએ પેલેસ્ટીન વિરુદ્ધ ઈઝરાયેલી કાર્યવાહીની આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે, "ઈઝરાયેલે આરબોની જમીન ખાલી કરવી પડશે અને પેલેસ્ટીનોના યોગ્ય અધિકારો પુનઃસ્થાપિત કરવા પડશે. મધ્ય પૂર્વનો ઉકેલ શોધો જે આક્રમકતાનો અંત લાવે. જે કાયમી શાંતિનો આધાર બની શકે. વાજપેયી હિન્દીમાં વક્તવ્ય આપ્યું હતું જે ગુજરાતીમાં આ મુજબ છેઃ "અમે સ્વીકારતા નથી કે આક્રમણ કરનાર તેણે કરેલા આક્રમણના ફળનો આનંદ ભોગવે. તેથી, જે નિયમો અમારા પર લાગુ છે, તે નિયમો અન્યોને પણ લાગુ પડશે. એકને લાગુ પડતા નિયમો બધાને લાગુ પડવા જોઈએ, આરબોની જમીન ખાલી થવી જોઈએ. પેલેસ્ટનીઓના અધિકારો સ્થાપિત થવા જોઈએ. ઈઝરાયેલના અસ્તિત્વને સોવિયેત રશિયા, અમેરિકા પણ સ્વીકર કર્યું છે, અમે પણ સ્વીકર કરી ચૂકયા છીએ. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતુ કે, તે આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર યોગ્યતા આધારિત અભિગમની હિમાયત કરતી વખતે અને પેલેસ્ટીનીઓ માટે શાંતિ અને ન્યાય માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતી વખતે આરબો પર ઈઝરાયેલને આપમેળે સમર્થન આપશે નહીં. વાજપેયીની ઓડિયો ક્લિપ્સ શેર કરતી વખતે, ટીકાકારો ભાજપના નેતાઓના વર્તમાન અભિગમ પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. તેઓ દલીલ કરે છે કે જ્યારે વાજપેયીએ જાહેરમાં પેલેસ્ટીની અધિકારોની હિમાયત કરી હતી અને ઈઝરાયેલના કબજાની નિંદા કરી હતી, ત્યારે સમકાલીન ભાજપના નેતાઓ મુસ્લિમ વિરોધી લાગણીઓને પ્રોત્સાહન આપવા અને ઈઝરાયેલી લશ્કરી આક્રમણ માટે સ્પષ્ટ સમર્થન વ્યક્ત કરવા માટે દેખાય છે.

**ઈઝરાયેલ સાથે કોણ ઊભું છે ???**

**શું તેઓ આ ભાષણ માટે અટલજીની ટીકા કરશે?**

જે લોકો આજે ઈઝરાયેલ સાથે ઉભા છે, તેઓએ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીનું આ ભાષણ જરૂર સાંભળવું જોઈએ. જેમાં તેમણે કહ્યું છે કે, 'ઈઝરાયેલે કબજે કરેલી આરબોની જમીન ખાલી કરવી પડશે.' ભારતના પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી પેલેસ્ટીનને સમર્થન આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, 'ઈઝરાયેલે કબજે કરેલી જમીનને મુક્ત કરવી પડશે, તે જમીન પેલેસ્ટીનની છે.' પરંતુ આજે કેટલાક આતંકવાદીઓ, ઈઝરાયેલને માત્ર એટલા માટે સમર્થન કરી રહ્યા છે કારણ કે તે મુસ્લિમોની હત્યા કરી રહ્યું છે. અટલબિહારી વાજપેયી, ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનની જમીનો પર કબજા અને પેલેસ્ટીનના સ્વ-નિર્ણયના અધિકાર પર અને કબજામાંથી સ્વતંત્રતા મેળવવા પર. ઈઝરાયેલ તરફી રહેલાં હિન્દુત્વવાદી બીજેપી/આરએસએસના વલણનો અર્થ એ થાય છે કે તે હવે તેના પોતાના નેતાઓને નકારે છે. નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)ની અંદરના તેના સાથીઓએ પણ ચાલુ હિંસા વચ્ચે ઈઝરાયેલને ભારતના શસ્ત્રોના પુરવઠા પર ચિંતા વ્યક્ત કરી છે, અને તેને 'ઝાયોનિસ્ટ આક્રમણ' તરીકે વર્ણવવામાં તેની ભાગીદારી ગણાવી છે. આને ભાજપ દ્વારા પેલેસ્ટીની અધિકારોના સમર્થનમાં ભારતના પરંપરાગત વલણથી દૂર જતા વર્તમાન વિદેશ નીતિની દિશા સામે વધતા દબાણ તરીકે જોવામાં આવે છે.

**(સૌ. : સિયાસત.કોમ)**

## જો જમીન તમારી માતા અથવા દાદીના નામે હોય તો શું તમે હોમ લોન માટે અરજી કરી શકો છો ?

**પ્રો**પર્ટી એક્સપર્ટ પ્રદીપ મિશ્રાના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં લોન માટે સહ-અરજદાર તરીકે તમારી દાદી અથવા માતા સાથે અરજી કરવાની સલાહ આપવામાં આવે છે. મકાન બાંધવા અથવા હાલના મકાનનું નવીનીકરણ કરવા માટે નોંધપાત્ર મૂડીની જરૂર પડે છે, જે સામાન્ય રીતે સામાન્ય લોકો માટે બેંક લોન દ્વારા આવે છે. જ્યારે હોમ લોન મેળવવી એ સામાન્ય રીતે એક સરળ પ્રક્રિયા છે, જો જમીન તમારી માતા અથવા દાદીના નામે હોય તો વાત કંઈક અલગ છે. આ કિસ્સામાં કઈ પ્રક્રિયાને અનુસરવાની જરૂર છે અને શું તમે લોન મેળવી શકો છો ? જો તમને તમારી દાદી અથવા માતાની જમીન પર બનેલા ઘરનું નવીનીકરણ કરવા માટે ભંડોળની જરૂર હોય તો તમે હોમ રિનોવેશન લોન માટે સીધી અરજી કરી શકો છો. જો કે, જો તમે નવું મકાન બાંધવાનો ઈરાદો ધરાવો છો, તો તમારે હોમ કન્સ્ટ્રક્શન લોનનો વિકલ્પ શોધવો પડશે. પ્રથમ પગલું જમીનના દસ્તાવેજોની ચકાસણી અને તમારી બેંકની મુલાકાત લેવાનું છે. પ્રોપર્ટી એક્સપર્ટ પ્રદીપ મિશ્રાના જણાવ્યા અનુસાર, આવા કિસ્સાઓમાં લોન માટે તમારી દાદી અથવા માતા સાથે સહ-અરજદાર તરીકે અરજી કરવાની સલાહ આપવામાં આવે છે. આ જરૂરિયાત ઊભી થાય છે કારણ કે જે મિલકત માટે લોન અરજી કરવામાં આવી રહી છે તેના તમામ સહ-માલિકો સહ-અરજદાર હોવા જોઈએ. આ સમાવેશ લોન મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવશે.

**તે શા માટે જરૂરી છે ? :** મિશ્રાએ જણાવ્યું હતું કે જ્યારે તમારી પાસે જમીન માટે યોગ્ય દસ્તાવેજ હોય ત્યારે જ બેંકો હોમ લોનને મંજૂરી આપે છે. જો જમીનના કાગળો તમારી માતા અથવા દાદીના નામે છે, તો બેંક ફક્ત તમારા નામ પર જ લોન આપવાનો ઈન્કાર કરી શકે છે. આ સ્થિતિમાં, તમારી પાસે બે વિકલ્પો છેઃ કાં તો કાનૂની માલિકના નામે લોન લો અથવા તેમને સહ-અરજદાર તરીકે સામેલ કરો.

**શા માટે એકલા તમારી દાદી અથવા માતાના નામ પર અરજી કરશો નહીં ?:** મિશ્રાએ વધુમાં કહ્યું કે કોઈને આશ્ચર્ય થશે કે તમે લોન માટે ફક્ત તમારી માતા અથવા દાદીના નામે જ અરજી કેમ કરી શકતા નથી. કારણ એ છે કે બેંકો એ પણ મૂલ્યાંકન કરે છે કે શું અરજદાર લોનની ચુકવણી કરવા માટે સ્થિર, નિશ્ચિત આવક ધરાવે છે. ઘણા કિસ્સાઓમાં, દાદી અથવા માતાઓ પાસે નિશ્ચિત આવક ન હોઈ શકે, જેના કારણે બેંક લોનની અરજી નકારી શકે છે. આમ, અરજીમાં સહ-અરજદાર તરીકે તમારી જાતને સામેલ કરવી આવશ્યક છે.

## જુનેદ ખાને ઘરેલુ ક્રિકેટમાં મુંબઈ માટે ઈરાની કપમાં ડેબ્યુ કર્યું છે

# ઓટોરિક્ષા ચાલક જુનેદ ખાન ઘાતક બોલર બન્યો



**કિસાન પરિવારના દીકરા જુનેદે સાબિત કરી દીધું કે, જીવન ઘણું જલ્દી બદલાઈ શકે છે**

**પરિવારનું ગુજરાન ચલાવવા માટે કપડાની દુકાનમાં કામ કરવાથી લઈ ઓટોરિક્ષા ચલાવવા સુધીના ઘણા કામ કરનાર જુનેદ ખાન પાસે એક સમયે શૂઝ ખરીદવાના પણ પૈસા ન હતા**

**જી**વન ઘણું જલ્દી બદલાઈ શકે છે. ખાસ કરીને જો તમારી પાસે હાઈ લેવલે પ્રદર્શન કરવાની પ્રેરણા અને ઈચ્છા છે. આ જ વાત મુંબઈના યુવા ઝડપી બોલર જુનેદ ખાને સાબિત કરી છે. જેણે ગત સપ્તાહ લખનૌમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા વિરુદ્ધ ઈરાની કપ ૨૦૨૪ મેચમાં ડેબ્યુ કર્યું. કિસાન પરિવારનો જુનેદ ખાન ફક્ત ૧૪ વર્ષની ઉંમરમાં પોતાની આંખોમાં મોટા સ્વપ્ન લઈ મુંબઈ આવી ગયો જ્યાં તેનું સ્વપ્ન સાકાર થયું. જુનેદ ખાન... ક્રિકેટના કોરિડોરમાં આ નામની ચર્ચા છે. જુનેદ વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે, તે ભવિષ્યમાં ભારતીય ક્રિકેટને ઘણું બધું આપી શકે છે. આ ઝડપી બોલરે તાજેતરમાં જ ઈરાની કપમાં મુંબઈ માટે ડેબ્યુ કર્યું હતું અને રેસ્ટ ઓફ ઈન્ડિયાના કપ્તાન રૂતુરાજ ગાયકવાડની વિકેટ ઝડપીને ઘણો ચર્ચામાં આવ્યો હતો. ક્રિકેટમાં જુનેદની સફર રસપ્રદ છે. તેણે કપડાની દુકાનમાં કામ કરવાથી લઈને ઓટોરિક્ષા ચલાવવા સુધીના ઘણા કામ કર્યા પણ તેના દિલમાં ફક્ત ક્રિકેટ જ વસે છે. હાલ ભારતીય ક્રિકેટમાં સતત નવા ઝડપી બોલરો આવી રહ્યા છે. હવે આ યાદીમાં જુનેદ ખાનનું નામ જોડાઈ ગયું છે. ઉત્તરપ્રદેશના કન્નૌજનો રહેવાસી જુનેદ ખાને સખત મહેનત કરી ઈરાની કપમાં સ્થાન મેળવ્યું અને રેસ્ટ ઓફ ઈન્ડિયા વિરુદ્ધ મુંબઈને ચેમ્પિયન બનાવવામાં યોગદાન આપ્યું. જુનેદ ખાન બાળપણથી જ ક્રિકેટના પ્રતિ ઝનૂની હતો પણ આર્થિક તંગીના પગલે તે ક્રિકેટથી દૂર થઈ ગયો. પરિવારનું ગુજરાન થઈ શકે તે માટે જુનેદ મુંબઈ ગયો. ત્યાં તેણે કપડાની ફેક્ટરીમાં કામ કર્યું અને ઓટોરિક્ષા પણ ચલાવી પણ નસીબ ચમક્યું અને તેના જીવનમાં એકવાર ફરી વળાંક આવ્યો અને ક્રિકેટના મેદાન પર લાવી ઊભો કરી દીધો. જુનેદ ખાને ઈરાની કપમાં મુંબઈની ટીમમાં રમવાની તક મળી. તેણે પોતાના અનુભવ વિશે કહ્યું કે, જ્યારે મને ખબર પડી કે, હું મુંબઈ માટે પોતાની પ્રથમ મેચ રમીશ. ત્યારથી હું બિલકુલ સૂઈ શક્યો નહીં. વિકેટ લેવી મારા માટે બોનસ હતું પણ આ સ્તરે પહોંચવું એક સ્વપ્ન હતું. તેણે મેચની પ્રથમ ઈનિંગમાં બોલિંગ કરતા એક વિકેટ ઝડપી. જો કે, બીજી ઈનિંગમાં તેને બોલિંગ કરવાની તક મળી નહીં. મુંબઈમાં કામ કરવાની સાથે જુનેદ ક્રિકેટ રમતો રહ્યો. તેને સંજીવની ક્રિકેટ એકેડમીમાં તક મળી જ્યાં મુંબઈના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન મનિષ બંગેરાએ તેના ટેલેન્ટને ઓળખ્યું પણ જુનેદની સામે અનેક પડકારો હતા. તેની પાસે ક્રિકેટ રમવા માટે શૂઝ ખરીદવાના પૈસા ન હતા. અનેક લોકોની મદદથી તે આ મુશ્કેલ સમયમાંથી બહાર નીકળ્યો. જુનેદનું નસીબ ત્યારે બદલાયું જ્યારે ભારતીય ક્રિકેટ ટીમના સહાયક કોચ અભિષેક નાયરે તેને પોલીસ શીલ્ડ ટુર્નામેન્ટમાં રમતો જોયો. તેની બોલિંગથી પ્રભાવિત થઈ, નાયરે તેને મુંબઈની ટીમમાં સ્થાન અપાવ્યું. જુનેદે ત્યારબાદ બુચી બાબુ અને KSCA ટુર્નામેન્ટમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું. એક ઈન્ટરવ્યુમાં જુનેદ કહી ચૂક્યો છે કે, અભિષેક નાયરે મારી ઘણી મદદ કરી. હું આજે જે કંઈપણ છું તેમના કારણે છું. જો તે ના હોત તો આજે હું જે સ્તરે છું ત્યાં ના હોત. તેમણે જ મને ઓટોરિક્ષા ચલાવવાનું બંધ કરી અને પોતાનો બધો સમય ક્રિકેટને સમર્પિત કરવા માટે કહ્યું હતું. પછી મેં તેમની એકેડમીમાં ટ્રેનિંગ લીધી. મને ગત આઈપીએલ સિઝન માટે કેકેઆરે નેટ બોલર બનાવ્યો હતો. જુનેદ ખાન પોતાના આદર્શના રૂપમાં ભારતીય ઝડપી બોલર મોહમ્મદ શમીને માને છે. મો. શમીની જેમ જુનેદ પણ પોતાના રાજ્યના બદલે બીજા રાજ્ય માટે ક્રિકેટ રમતા નામ કમાયું છે. હવે જોવાનું રસપ્રદ હશે કે આ ઝડપી બોલર આવનારા સમયમાં શાનદાર પ્રદર્શન કરી ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવે છે કે નહીં. મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા ૨૦૨૪-૨૫ સિઝનથી ક્રિકેટર માટે મેચ ફી વધારવાની સાથે જુનેદ ખાન આ વર્ષે ૩૫ લાખ રૂપિયા સુધી કમાઈ શકે છે. બીસીસીઆઈ ત્રણ સ્લેબમાં ખેલાડીઓને ચૂકવણી કરે છે. ૪૦થી વધારે ફર્સ્ટ ક્લાસ મેચ રમનાર ખેલાડી પ્રતિ દિવસ ૬૦,૦૦૦ રૂપિયા કમાય છે. જ્યારે ૨૧-૪૦ ગેમ રમનાર ખેલાડી પ્રતિ દિવસ ૫૦,૦૦૦ રૂપિયા કમાય છે અને ૨૦થી ઓછી મેચ રમનાર ખેલાડી પ્રતિ દિવસ ૪૦,૦૦૦ રૂપિયા કમાય છે. જુનેદ ત્રીજા સ્લેબમાં આવશે અને જો તે આ સિઝનમાં મુંબઈ માટે ૧૦ મેચ રમી લેશે તો આ યુવા ઝડપી બોલર ઓછામાં ઓછા ૩૫ લાખ રૂપિયા કમાઈ લેશે.

# સરફરાઝ પઠાણ ગુજરાતની દિવ્યાંગ ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરશે



અમદાવાદ, તા.૮

ઉદયપુર ખાતે તા.૧૫/૧૦/૨૦૨૪થી ૨૫/૧૦/૨૦૨૪ દરમ્યાન રમાનાર ચોથી દિવ્યાંગ ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ માટે ગુજરાતની ટીમ જાહેર કરવામાં આવી, જેમાં કપ્તાન તરીકે સરફરાઝ પઠાણની પસંદગી કરવામાં આવી છે. **ગુજરાતની ટીમ :-** સરફરાઝ પઠાણ (કપ્તાન), આસિત જયસ્વાલ, રાજીવ મિશ્રા, રોહન વાઘેલા, કેવલ પટેલ (વિકેટકીપર), નરેશ ચિલ્લુર, સુમિતસિંઘ, દીપ પટેલ, આદિલ નાનસોલા, કનૈયાલાલ, આસિફ પઠાણ (વિકેટકીપર), હિતેશ પરમાર, બિનય, મુખ્તાર બિહારી, જિગ્નેશ ડાભી (કોચ), પંકજ સોની (મેનેજર).

## સુરતમાં રિક્ષાચાલક પતિની ઘોર બેદરકારી

# માસૂમ બાળકના હાથમાં રિક્ષાનું સ્ટેયરીંગ પકડાવી દીધું, વીડિયો વાયરલ થતા પોલીસ હરકતમાં

**સરખું ચાલી ન શકતા બાળકે સુરતના રસ્તા પર રિક્ષા દોડાવી, વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા**

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરતના રસ્તાઓ પર લોકોના જીવને જોખમમાં મૂકતા યુવકો અત્યાર સુધી દેખાતા હતાં. જો કે, આ વખતે લાપરવાહીની હદ વટાવટા ખૂદ પિતા જ જોવા મળ્યા હતાં. પોતાના નાના બાળકના હાથમાં રિક્ષાનું હેન્ડલ પકડાવી દઈને પોતે પાછળ બેઠાં હતાં. સરખું ચાલી ન શકે તેવા બાળકના હાથમાં રિક્ષાનું હેન્ડલ પકડાવી દઈને પિતાએ પોતાના બાળકની સાથે રસ્તા પરથી પસાર થતાં લોકોના જીવ જોખમમાં મૂકી દીધા હતાં. કથિત રીતે અમરોલી વિસ્તારમાં આવેલા રજવાડી પાર્ટી પ્લોટ પાસેનો વીડિયો વાયરલ થયો છે. ત્યારે સવાલો એ ઉભા થયા છે કે, જોખમી સવારી, જવાબદારી કોની ? હાલમાં સુરતનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં દોઢથી બે વર્ષની ઉંમરનો બાળક રિક્ષા દોડાવતો નજરે પડે છે. સરખું ચાલી પણ ન શકતા માસૂમ બાળકના હાથમાં રિક્ષાનું સ્ટીયરિંગ પકડાવીને તેનો પિતા રિક્ષામાં પાછળ મુસાફરોની સીટ પર બેઠેલો વીડિયોમાં જોવા મળે છે. બાળક સ્ટીયરિંગ પકડીને પૂરપાટ ઝડપે રસ્તા પર રિક્ષા દોડાવી રહયો છે. બાજુમાંથી પસાર થતા વાહનચાલકોએ પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી વાયરલ કર્યો છે. વાહનચાલકોએ બૂમો પાડતા રિક્ષા ડ્રાઈવર ચાલુ રિક્ષાએ આગળ આવી સ્ટીયરિંગ સંભાળે છે. આ વીડિયો સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા રજવાડી પાર્ટી પ્લોટ પાસેનો હોવાની ચર્ચા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે ઓટો રિક્ષા ડ્રાઈવર પિતા પોતાના દોઢથી બે વર્ષની ઉંમરના બાળક કે જે સરખું ચાલી પણ નથી શકતો તેને રિક્ષાનું સ્ટીયરિંગ પકડાવી દે છે અને પોતે પાછળ મુસાફરોની સીટ પર બેસી જાય છે. આ હરકતને બહાદૂરી કહેવી કે મુર્ખામી તે સમજાતું નથી. ચાલવાના ઠેકાણાં નથી તે બાળક ફૂલસ્પીડમાં રસ્તા પર રિક્ષા દોડાવી રહયો છે. જેના લીધે તે બાળક અને રસ્તાના અન્ય વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા છે. સદનસીબે કોઈ દુર્ઘટના બની નથી, પરંતુ આવી હરકતો કાબૂમાં લેવાવી જોઈએ. વીડિયો વાયરલ થતા પોલીસ હરકતમાં આવી છે અને રિક્ષાના નંબરની મદદથી રિક્ષા ચાલકને શોધવાના પ્રયાસો શરૂ કર્યા છે

**હદીસ બોધ**

જે લોકો બીજાઓ સાથે ખરાબ વર્તાવ કરે છે, તેઓ અલ્લાહના કરમથી વંચિત રહે છે.

- હદીસ બોધ

**બોધ વચન**

બીજાઓના અનુભવમાંથી તમે ડહાપણ શીખો છો તો તેઓની નિષ્ફળતામાંથી તમારી ભૂલો સુધારો. -ચેસ્ટર ફિલ્ડ

**આજની આરસી**

૯ ઓક્ટોબર બુધવાર ૨૦૨૪
૫ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ છઠ્ઠ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૫
ખત્મે ઝવાલ ૧૨-૨૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૦

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**મિટા દે અપની હસ્તીકો અગર કુછ મર્તબા ચાહે,**
**કિ દાના ખાકમેં મિલકર ગુલ-ઓ-ગુલઝાર હોતા હૈ**

જો તું જીવનમાં કોઈ મરતબો, દરજ્જો મેળવવા ઈચ્છતો હોય તો તારી જાતને ભૂલી જા. ઊગવા માટે બીજ જમીનનો ભાર ઝીલે છે, ધરતીની ગરમી સહન કરે છે ત્યારે તે અનાજ, વૃક્ષ, ગુલઝાર બને છે. તું ધ્યેય પ્રાપ્તિ માટે જ એકાગ્ર થા. કામને સમર્પિત થનારને જ સફળતા અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. - (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# અમેઠી હત્યા : પરિવારનો આરોપ; આરોપી ચંદન વર્માએ પૂનમ સાથે બળજબરીથી તસવીરો ખેંચાવી

(એજન્સી) તા.૮

અમેઠીમાં હત્યા કરાયેલા દલિત પરિવારના સગાએ આરોપ મૂક્યો કે આરોપી ચંદન વર્માએ મૃતક પૂનમ સાથે બળજબરીથી લીધેલી કથિત તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. પરિવારનો આરોપ છે કે જો પોલીસે મહિલાની ફરિયાદ પર કાર્યવાહી કરી હોત તો હત્યા નિવારી શકાઈ હોત. એક દલિત પરિવારના ચાર સભ્યો સુનિલ કુમાર (૩૫) કે જે પન્હૌનાની કમ્પોઝિટ સ્કૂલમાં સહાયક શિક્ષક હતા, તેમની પત્ની પૂનમ અને તેમના ૫ અને ૨ વર્ષની વયના બે બાળકોની ગુરૂવારે ભવાની નગરમાં તેમના નિવાસસ્થાને વર્મા દ્વારા કથિત રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે શુક્રવારે રાત્રે નોઈડાના ટોલ પ્લાઝા નજીક વર્માની ધરપકડ કરી હતી, જ્યારે તે દિલ્હી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. શનિવારે તેમના વતન ગામમાં મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પૂનમ સાથેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ વર્માએ કથિત રીતે પરિવારની હત્યા કરી હતી. જો કે, પરિવારે દાવાઓને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે બે મહિના કરતા ઓછા સમય પહેલા પૂનમે નોંધાવેલી ફરિયાદ પર પોલીસે કાર્યવાહી કરી હોત તો પરિવારને બચાવી શકાયો હોત. મીડિયા અનુસાર, મૃતક પૂનમના ભાઈ ભાનુએ કહ્યું, "ચંદન મારી બહેનને તેની સાથે વાત કરવા દબાણ કરતો હતો. તેણે તેની સાથે બળજબરીથી તસવીરો પણ ખેંચી હતી, જે હવે વાઈરલ કરવામાં આવી રહી છે," તેણે ઉમેર્યું, 'જો મારી બહેને એફઆઈઆર નોંધાવ્યા પછી સ્થાનિક પોલીસે ચંદન સામે કાર્યવાહી કરી હોત તો આ ઘટના બની ન હોત.' વર્માને શનિવારે રાયબરેલી જિલ્લા જેલમાં ખસેડવામાં આવ્યો હતો. ગુના માટે વપરાયેલ શસ્ત્રો રીકવર કરતી વખતે તેણે કસ્ટડીમાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યા પછી પોલીસે તેને ગોળી મારી હતી. પોલીસે વર્માને પગમાં ગોળી મારી હતી જ્યારે તેણે સબ ઈન્સ્પેક્ટરની પિસ્તોલ છીનવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, વર્માએ ગુનો કબૂલ કર્યો હતો અને પરિવારની હત્યા કર્યા પછી તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમ છતાં તેણે મિસફાયર કર્યું હતું અને ફરીથી પ્રયાસ કરવાની હિંમત નહોતી કરી. દરમિયાન, પીડિતોના વિસ્તૃત પરિવારે ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી હતી. પાંડેએ મીડિયાને જણાવ્યું હતું કે મુખ્યમંત્રીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને પરિવારને તમામ શક્ય મદદની ખાતરી આપી હતી. આદિત્યનાથે ટ્વિટ કર્યું, "ઊંચાહરના માનનીય ધારાસભ્ય મનોજ પાંડેજીની હાજરીમાં હું અમેઠીમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાના પીડિત પરિવારને મળ્યો. યુપી સરકાર સંપૂર્ણ સંવેદના અને પ્રતિબદ્ધતા સાથે પીડિત પરિવાર સાથે ઉભી છે. ખાતરી રાખો, પીડિતોને ચોક્કસપણે ન્યાય મળશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.



આરોપી ચંદન વર્મા શનિવારે જેલમાં બંધ હતો; પરિવારે યુપીના સીએમ યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી

# વિરાટ કોહલીને ત્રણ કરોડનો ફાયદો? IPL 2025 પહેલાં RCBના દિગ્ગજના પગારમાં કેમ વધારો થશે ?

નવી દિલ્હી, તા.૮

આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શનના નિયમ જાહેર થઈ ચૂક્યા છે અને ફ્રેન્ચાઈઝીઓએ ૩૧ ઓક્ટોબર સુધીમાં અંતિમ નિર્ણય લેવાનો છે. બીસીસીઆઈએ રિટેન્શનની રકમમાં ફેરફાર કર્યો છે અને ફ્રેન્ચાઈઝીએ પોતાના પ્રથમ, બીજા અને ત્રીજા વિકલ્પને જાળવી રાખવા માટે ક્રમશઃ ૧૮ કરોડ, ૧૪ કરોડ અને ૧૧ કરોડ રૂપિયા આપવા પડશે. અધિકારીઓએ છેલ્લા બે રિટેન્શન માટે મોટો ફેરફાર કર્યો અને તે રકમને વધારી દીધી. એકવાર ફરી કોઈપણ ફ્રેન્ચાઈઝીએ પોતાના ચોથા વિકલ્પને રિટેન કરવા માટે ૧૮ કરોડ રૂપિયા આપવા પડશે. યાદીમાં પાંચમા સ્થાને રહેનાર ખેલાડીને ૧૪ કરોડ રૂપિયા



આપવામાં આવશે. નિયમોમાં ફેરફારના પગલે વિરાટ કોહલીના પગારમાં પણ વધારો થવાની સંભાવના છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) સાથે વિરાટના ભવિષ્ય વિશે કોઈ શંકા નથી અને તે ચોક્કસ રીતે પોતાની ટીમની પહેલી પસંદ હશે. વિરાટ હંમેશાથી જ આરસીબીની પહેલી પસંદ રહ્યો છે. આઈપીએલ ૨૦૨૨ના મેગા ઓક્શન પહેલા તેને ૧૫ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી. આ વર્ષે પહેલી પસંદના રિટેન્શનને ૧૮ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવશે. એટલા માટે વિરાટને ત્રણ કરોડ રૂપિયાનો લાભ થશે. પૂર્વ આરસીબી કપ્તાન એક ખેલાડી કરતાં વધુ તે ફ્રેન્ચાઈઝીનો ચહેરો છે. તે આઈપીએલના ટોચના ખેલાડીઓમાંથી એક છે અને જો તે હરાજીમાં ઊતરશે તો આસાનીથી ૨૦ કરોડના આંકડાને પાર કરી શકે છે. વિરાટ ૨૦૨૪માં આરસીબીનો સૌથી વધારે કમાણી કરનાર ખેલાડી ન હતો પણ આઈપીએલ ૨૦૨૫માં આ બદલાશે. વિરાટ ઉપરાંત આરસીબી કેમરૂન ગ્રીનને પણ રિટેન કરી શકે છે. ઓસ્ટ્રેલિયાના આ ઓલરાઉન્ડરને આરસીબીએ ૧૭.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે ટીમની બીજી પસંદ હોઈ શકે છે અને તેને ૧૪ કરોડ રૂપિયાનું વેતન મળી શકે છે. ગ્રીન પણ મેગા ઓક્શનમાં સામેલ થઈ શકે છે. એ જોવું રસપ્રદ રહેશે કે આરસીબી ફાફ ડુ પ્લેસિસને રિટેન કરે છે કે નહીં. આરસીબીના કપ્તાને કેપ્ટન તરીકે ટીમને બે વખત પ્લે ઓફમાં પહોંચાડી છે પણ તે આઈપીએલ ફાઈનલ રમી શક્યો નથી. ડુ પ્લેસિસ આઈપીએલ ૨૦૨૨ મેગા ઓક્શનમાં આરસીબીમાં સામેલ થયો હતો. તેણે બેટિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૪૫ મેચોમાં ૧૬૩૬ રન બનાવ્યા હતા.

## અમેઠી મર્ડર કેસ : યુપી સરકારે હત્યા કરાયેલા દલિત પરિવારના પરિજનોને મદદ કરી

(એજન્સી) તા.૮

રાજ્યના માહિતી નિયામક શિશિરે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ આ કેસની નજીકથી દેખરેખ રાખી રહ્યા છે અને અધિકારીઓને પરિવારની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. ગુરૂવારે અમેઠીના અહોરવા ભવાની વિસ્તારમાં સરકારી શાળાના શિક્ષક સુનિલ કુમાર (૩૫), તેમની ૩૨ વર્ષીય પત્ની પૂનમ અને તેમની બે પુત્રીઓ, દ્રષ્ટિ અને સુની, અનુક્રમે છ અને એક વર્ષની, ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રાયબરેલી/લખનૌ : ઉત્તરપ્રદેશ સરકારે રવિવારે અમેઠીમાં તેની પત્ની અને તેમની બે પુત્રીઓ સાથે ગોળી મારીને હત્યા કરાયેલા દલિત શિક્ષકના પરિવારને રૂા.૩૮ લાખની આર્થિક સહાય અને અન્ય લાભો આપ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

## સૂર્યકુમાર યાદવે ભાંગડા કર્યા દિલ્હીમાં ઢોલની સાથે ટીમ ઈન્ડિયાનું સ્વાગત, આજે બીજો ટી-૨૦ મુકાબલો

નવી દિલ્હી, તા.૮

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ત્રણ મેચોની સિરીઝની બીજી ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ દિલ્હીના અરૂણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં નવ ઓક્ટોબરે રમાશે. સિરીઝની પ્રથમ મેચ ગ્વાલિયરમાં રમાઈ હતી. જ્યાં ટીમ ઈન્ડિયાએ સાત વિકેટે આસાનીથી મેચ જીતીને સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી લીધી હતી. ટીમ ઈન્ડિયા જ્યારે દિલ્હી પહોંચી તો ટીમ હોટલમાં તેમના સ્વાગતનો અંદાજ ખાસ રહ્યો. દિલ્હીમાં ઢોલ નગારા સાથે ભારતીય ટીમનું સ્વાગત થયું અને જેમ-જેમ ખેલાડી ટીમ બસમાંથી બહાર નીકળી રહ્યા હતા. ઢોલની બીટ પર જ તેમનું વેલકમ થઈ રહ્યું હતું. ટીમ ઈન્ડિયાના કપ્તાન સૂર્યકુમાર યાદવ માટે કહેવામાં આવ્યું કે, ઈન્ડિયાની શાન... ત્યારબાદ સૂર્યાએ ઢોલની બીટ પર ભાંગડા પણ કર્યું. આનો વીડિયો બીસીસીઆઈએ શેર કર્યો છે. ગ્વાલિયરને બાય-બાય કરવાની સાથે જ આમાં દિલ્હીની હોટલ સુધી પહોંચવાની અમુક મજેદાર ક્ષણ કેદ છે. ટીમ ઈન્ડિયાએ પ્રથમ મેચમાં બાંગ્લાદેશની બેન્ડ બજાવી દીધી હતી. હવે પ્રશંસકોને આશા છે કે, ભારતીય ટીમ દિલ્હીમાં સિરીઝમાં અજય લીડ મેળવી લેશે. બાંગ્લાદેશની ટીમ આ પહેલા બે મેચોની ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી ક્લિનસ્વીપનો સામનો કરી ચૂકી છે. ભારતીય ટીમને સિરીઝની ત્રીજી ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ ૧૨ ઓક્ટોબરે હૈદરાબાદમાં રમવાની છે.

## રિયો ઓલિમ્પિકમાં મેડલ ગુમાવનાર જિમ્નાસ્ટ દીપા કર્માકરે લીધો સંન્યાસ

નવી દિલ્હી, તા.૮

ભારતીય રમત જગતના ફેન્સને નિરાશ કરનારા સમાચાર સામે આવ્યા છે. સ્ટાર જિમ્નાસ્ટ દીપા કર્માકરે સંન્યાસની જાહેરાત કરી છે. દીપા કર્માકરે રિયો ઓલિમ્પિક ૨૦૧૬માં સારૂં પ્રદર્શન કર્યું હતું પણ તે ચોથા નંબર પર રહીને મેડલ જીતવાથી ચૂકી ગઈ હતી. જો કે, ૨૦૧૮માં તેને તુર્કીના મર્સિનમાં FIG આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક્સ વર્લ્ડ ચેલેન્જ કપના વોલ્ટ કોમ્પિટિશનમાં દેશ માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સિદ્ધિ મેળવનાર તે ભારતની પ્રથમ જિમ્નાસ્ટ બની હતી. ૩૧ વર્ષની દીપા કર્માકરને ગોલ્ડન ગર્લના નામથી પણ ઓળખવામાં આવે છે. ત્રિપુરાની દીપા કર્માકર સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સંન્યાસની જાહેરાત કરી છે. લાંબી પોસ્ટમાં દીપા કર્માકરે લખ્યું, 'મે ઘણું વિચાર્યા બાદ નિર્ણય લીધો છે કે, જિમ્નાસ્ટિકમાંથી સંન્યાસ લઈ રહી છું. આ નિર્ણય આસાન નથી. હવે યોગ્ય સમય આવી ગયો છે.


**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**સેલ્સમેન જોઈએ છે**
લેડીઝ ડ્રેસ મટીરિયલ તથા ઈમિટેશન જ્વેલરી માટે, ઢાલગરવાડ, અમદાવાદ
**9723340315**

**વેચવાનું છે**

**વેચવાનું છે**
3 બેડરૂમનું ટોપ ફ્લોરનું લક્ઝુરિયસ એપાર્ટમેન્ટ, અંદાજે 300 સ્કે.યાર્ડ, આઈમાન પાર્ક, કાદરી પાર્ટી પ્લોટની નજીક, ટી.પી. 85 સરખેજ
**9913398786**

**પ્લોટ વેચવાનો છે**
160 વારનો અલ-મુબારક સોસાયટી, ઝાહરા ફ્લેટ પાસે, દાણીલીમડા
**9722902999**
**9924081714**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી TP 85 સરખેજ
**9106087987**

**વેચવાની છે**
સેમી ફર્નિશ્ડ ઓફિસ 500 સ્કે.ફૂટ, શીતલ વર્ષા કોમ્પ્લેક્ષ, જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ
**9825275759**

**FOR SALE**
3 BHK ફ્લેટ અંબર ટાવર સામે, જુહાપુરા રોડ-અમદાવાદ
મો.**8141985211**

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
**9825215334**
**9904969895**


# જાતિ દમન સામે લડત આપનાર કેરળનાં દલિત ઓટો ડ્રાઈવર ચિત્રલેખાનું ૪૮ વર્ષની વયે અવસાન

**ચિત્રલેખા જેમણે ૨૦૦૪માં ઓટોરિક્ષા ડ્રાઈવર તરીકે કામ કરવાનું શરૂ કર્યું, તેમણે સાથી ડ્રાઈવરો તરફથી લક્ષિત ઉત્પીડન અને બહિષ્કાર સામે લડતા વર્ષો વિતાવ્યાં, જેમાંથી મોટાભાગના CITU સભ્યો હતા, કથિત રીતે દલિત મહિલા તરીકેની તેમની ઓળખને કારણે આ સહન કરવું પડ્યું હતું**

(એજન્સી) તા.૮

ચિત્રલેખા, કેરળમાં ઓટોરિક્ષા ડ્રાઈવર અને દલિત કાર્યકર, જે જાતિ અને લિંગ ભેદભાવ સામે તેમની લડાઈ માટે જાણીતી છે, તેમને મુખ્યત્વે સીપીઆઈ(એમ)ના ટ્રેડ યુનિયનો તરફથી સામનો કરવો પડ્યો હતો. ૪૮ વર્ષીય ચિત્રલેખાનું શનિવાર, ૫ ઓક્ટોબરના રોજ અવસાન થયું. તેમને બે મહિના પહેલા સ્વાદુપિંડનું કેન્સર હોવાનું નિદાન થયું હતું, તેમણે શ્વસનતંત્રની નિષ્ફળતાને કારણે કન્નુરની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ચિત્રલેખા પુલયા સમુદાયની હતી, જે કેરળમાં એક નીચલી જાતિ પૈકીની એક છે. ટ્રેડ યુનિયનો સાથે તેનો સંઘર્ષ બે દાયકા પહેલા, ૨૦૦૪માં શરૂ થયો હતો, જ્યારે તેમણે નાણાકીય કટોકટીના કારણે તેમની નર્સિંગની ડિગ્રીનો અભ્યાસ બંધ કરવો પડ્યો હતો અને કન્નુર જિલ્લાના પયન્નુર નજીક ઓટો સ્ટેન્ડ પર ઓટોરિક્ષા ડ્રાઈવર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું.

જો કે, તેમના આ પ્રયાસને રિક્ષા સ્ટેન્ડ પરના અન્ય ડ્રાઈવરો દ્વારા દુશ્મનાવટનો સામનો કરવો પડ્યો હતો જેઓ સેન્ટર ફોર ઈન્ડિયન ટ્રેડ યુનિયન (CITU)ના સભ્યો હતા, જે શાસક (CPI-M) સાથે સંકળાયેલ છે. ડ્રાઈવરોએ કથિત રીતે તેના કામકાજના જીવનમાં દખલગીરી અને મુશ્કેલી ઊભી કરવાનું શરૂ કર્યું, તેમને જાતિવાદી અપશબ્દો પણ કહ્યા અને તેમના અને તેમના પરિવાર પર દુષ્કૃત્યોના હુમલાઓનું નિર્દેશન કર્યું. તેમણે પોલીસમાં ઔપચારિક ફરિયાદ નોંધાવ્યા પછી કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ કથિત રીતે સતામણી ચાલુ રહી હતી.

તેમની ઓટોરિક્ષાને ૨૦૦૫ અને ૨૦૨૩માં કથિત રીતે કેટલાક CITU સભ્યો દ્વારા આગ લગાડવામાં આવી હતી. આ સમય દરમિયાન, ચિત્રલેખા અને તેના પતિને કેટલાક શંકાસ્પદ પોલીસ કેસોમાં આરોપી તરીકે પણ નામ આપવામાં આવ્યું હતું, જેમાં એક કેસમાં તેની અને તેના પતિની ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૪માં કન્નુર જિલ્લા સબ-



જેલમાં ૨૦ દિવસ ગાળ્યા હતા. ૨૦૧૪માં તેમણે કન્નુર કલેક્ટર કચેરીની સામે ૧૨૨-દિવસીય વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમને જે બહિષ્કારનો સામનો કરવો પડ્યો હતો તેના તરફ ધ્યાન દોર્યું હતું. ૨૦૧૬માં કેરળના પૂર્વ કોંગ્રેસી મુખ્ય પ્રધાન ઓમેન ચાંડીએ તેમના માટે ઘર બાંધવા માટે પાંચ સેન્ટ જમીન અને ૫ લાખ રૂપિયા ફાળવ્યા હતા. જો કે, તે વર્ષના અંતમાં જ્યારે ડાબેરી લોકશાહી મોરચાની સરકાર સત્તામાં આવી ત્યારે આ આદેશ રદ કરવામાં આવ્યો હતો. આ કેસ હાલમાં કેરળ હાઈકોર્ટના નિર્ણયની રાહ જોઈ રહ્યો છે. અમેઠી મર્ડર કેસ : યુપી સરકારે હત્યા કરાયેલા દલિત પરિવારના પરિજનોને મદદ કરી રાજ્યના માહિતી નિયામક શિશિરે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ આ કેસની નજીકથી દેખરેખ રાખી રહ્યા છે અને અધિકારીઓને પરિવારની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. બંદૂકની પ્રતિનિધિ છબી. ગુરૂવારે અમેઠીના અહોરવા ભવાની વિસ્તારમાં સરકારી શાળાના શિક્ષક સુનિલ કુમાર (૩૫), તેની ૩૨ વર્ષીય પત્ની પૂનમ અને તેમની બે પુત્રીઓ, દ્રષ્ટિ અને સુની, અનુક્રમે છ અને એક વર્ષની, ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. રાયબરેલી/લખનૌ : ઉત્તર પ્રદેશ સરકારે રવિવારે અમેઠીમાં તેની પત્ની અને તેમની બે પુત્રીઓ સાથે ગોળી મારીને હત્યા કરાયેલા દલિત શિક્ષકના પરિવારને રૂા.૩૮ લાખની આર્થિક સહાય અને અન્ય લાભો આપ્યા, અધિકારીઓએ જણાવ્યું હતું. અમેઠી હત્યા : પરિવારનો આરોપ આરોપી ચંદન વર્માએ પૂનમ સાથે બળજબરીથી તસવીરો ખેંચાવી આરોપી ચંદન વર્મા શનિવારે જેલમાં બંધ હતો; પરિવારે યુપીના સીએમ યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી અમેઠીમાં હત્યા કરાયેલા દલિત પરિવારના સગાએ આરોપી ચંદન વર્માએ મૃતક પૂનમ સાથે બળજબરીથી લીધેલી કથિત તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. પરિવારનો આરોપ છે કે જો પોલીસે મહિલાની ફરિયાદ પર કાર્યવાહી કરી હોત તો હત્યા નિવારી શકાઈ હોત. એક દલિત પરિવારના ચાર-સુનિલ કુમાર (૩૫), પન્હૌનાની કમ્પોઝિટ સ્કૂલમાં સહાયક શિક્ષક, તેમની પત્ની પૂનમ અને તેમના ૫ અને ૨ વર્ષની વયના બે બાળકોની ગરૂવારે ભવાની નગરમાં તેમના નિવાસસ્થાને વર્મા દ્વારા કથિત રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે શુક્રવારે રાત્રે નોઈડાના ટોલ પ્લાઝા નજીક વર્માની ધરપકડ કરી હતી, જ્યારે તે દિલ્હી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. શનિવારે તેમના વતન ગામમાં મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, પૂનમ સાથેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ વર્માએ કથિત રીતે પરિવારની હત્યા કરી હતી. જો કે, પરિવારે દાવાઓને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે બે મહિના કરતા ઓછા સમય પહેલા પૂનમે નોંધાવેલી ફરિયાદ પર પોલીસે કાર્યવાહી કરી હોત તો પરિવારને બચાવી શકાયો હોત.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પબ્લિક નોટિસ**
**સોનાની હરાજી કમ આમંત્રણ સૂચના**

નીચે દર્શાવેલ દેણદારને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસેથી તેણે મેળવેલા સોનાના દાગીના સામે ક્રેડિટ સુવિધા માટે બાકી રકમ ચૂકવવા નોટિસ આપવામાં આવી છે. કારણ કે દેણદાર સુવિધા હેઠળની બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. અમે **૧૭/૧૦/૨૦૨૪**ના રોજ ગીરવે રાખેલા સોનાના દાગીનાની હરાજી કરવા માટે પ્રતિબંધિત છીએ. જો આ હરાજીમાંથી કોઈપણ વધારાની રકમ પ્રાપ્ત થશે, તો તે સંબંધિત દેણદારને પરત કરવામાં આવશે અને જો હરાજી પછી કોઈ ખોટ હશે, તો બાકીની રકમ ઉધાર લેનાર પાસેથી યોગ્ય કાનૂની કાર્યવાહી દ્વારા વસૂલવામાં આવશે. આઈડીએફસી ફર્સ્ટ બેંક પાસે પૂર્વ સૂચના વિના નીચેના ખાતાને હરાજીમાંથી દૂર કરવાની સત્તા છે. આગળ આઈડીએફસી ફર્સ્ટ બેંક કોઈપણ પૂર્વ સૂચના વિના હરાજીની તારીખ બદલવાનો અધિકાર અનામત રાખે છે.

| લોન એકાઉન્ટ નંબર | ગ્રાહકનું નામ | શાખાનું નામ |
|---|---|---|
| 132850834 | ઝુબીન હોશાંગ કવારના | નવસારી બ્રાન્ચ |
| 133642244 | અંકિત વેલજીભાઈ દેસાઈ | સી.જી. રોડ બ્રાન્ચ |
| 150721039 | સેંધાભાઈ દેસાઈ | આંબાવાડી બ્રાન્ચ |
| 152325983 | મિશ્રા દિપેશ હૃદયનારાયણ | જોધપુર રોડ સેટેલાઈટ બ્રાન્ચ |

**૧૭/૧૦/૨૦૨૪ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૩:૦૦ વાગ્યા સુધી https://egold.auctiontiger.net દ્વારા ઓનલાઈન હરાજી હાથ ધરવામાં આવશે.** આ પ્રકાશન દ્વારા સંબંધિત દેણદારને આથી આખરી નોટિસ આપવામાં આવે છે અને જ્વેલરીની હરાજી કરવામાં આવશે તે સુનિશ્ચિત હરાજીની તારીખ પહેલાં તમામ વ્યાજ અને શુલ્ક સાથે, સુવિધા રિકોલ કરેલી રકમ ચૂકવવાની છેલ્લી તક આપવામાં આવે છે. મહેરબાની કરીને નોંધ કરો કે, જો સમય મર્યાદાને કારણે એ જ દિવસે હરાજી પૂર્ણ ન થાય તો બેંક એ જ નિયમો અને શરતો પર આગામી ૭ દિવસમાં ગીરવે મૂકેલા સોનાના ઘરેણાંની ફરી હરાજી કરશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો તેના કાનૂની વારસદારોને લાગુ પડશે.

**તારીખ : ૦૯/૧૦/૨૦૨૪ સ્થળ : ગુજરાત**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૫૮૪૭૨૨૦.૧૯/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૪-ફેબ્રુ-૨૦૨૦ | ૧૦૮૧૦૭૯૬ અને ૧૧૫૭૧૩૫૨ | સાગર ડિઝલ, શ્રી અરવિંદ કે. તોગડિયા અને શ્રી જીવનલાલ કરશનભાઈ તોગડિયા | ભા. રૂ. ૫૬૦૪૫૦૦.૦૦/- | ભા. રૂ. ૫૬૦૪૫૦.૦૦/- | ૧૨-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૧૧-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૦૭-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું રેસિડેન્શિયલ ઘરની જમીન વિસ્તાર ૧૦૦-૮૪ ચો.મી. એટલે કે ૧૨૦-૬-૭૨ ચો.વાર પ્લોટ નં.૪-એ અને ૩-બી સ્થિત અત્રે રાજકોટ સર્વે નં.૨૮૫/૨/૪, સિટી સર્વે વોર્ડ નં.૧૧, શીટ નં.૨૭૩, સિટી સર્વે નં.૧૩૮૫ અને ૧૩૮૬ સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય ગુજરાત ખૂંટો : ઉત્તર : પટેલ બેચરભાઈ મનજીભાઈની જમીન, દક્ષિણ : લવજીભાઈ હીરાભાઈની જમીન, પૂર્વ : પ્રેમજીભાઈ લવાભાઈની જમીન અને પશ્ચિમ : રવજીભાઈ વાલાભાઈની જમીન | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૧૧૦૨૭૭૫.૨૮/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૮-ફેબ્રુ-૨૦૨૪ | ૧૩૩૬૯૫૦૫ | લાલજીભાઈ આર. પરમાર અને રંજનબેન લાલ પરમાર | ભા. રૂ. ૧૦૦૩૫૯૦.૦૦/- | ભા. રૂ. ૧૦૦૩૫૯.૦૦/- | ૨૫-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું રેસિડેન્શિયલ ફ્લેટ નં.એ-૧૦૧ પહેલો માળ, બિલ્ટ અપ એરિયા ૨૯.૬૧ ચો.મી. વિંગ-એ બિલ્ડિંગ નામે 'અક્ષરાતિત આર્કેડ-૨' તરીકે જાણીતી પ્લોટ નં.૧ પર બંધાયેલ, સ્થિત અત્રે કોઠારિયા રેવન્યુ સર્વે નં.૧૧૩/પી, ટીપીએસ નં.૧૨(ડ્રાફ્ટ), એફપી નં.૩૪, સબ જિ. અને રજિ. જિ. રાજકોટ, રાજ્ય : ગુજરાત-૩૬૦૦૦૨, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ફ્લેટ નં.એ-૧૦૫, પશ્ચિમ : ફ્લેટ નં.બી-૧૦૪, ઉત્તર ફ્લેટ નં.એ-૧૦૨ અને દક્ષિણ : માર્જિન | | | | | | | | | |

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**તારીખ : ૦૯.૧૦.૨૦૨૪**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૬૧૮૮૭૬૨.૦૨/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૬-જુલાઈ-૨૦૨૩ | ૫૮૯૧૮૮૧૧ | શક્તિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, દિલીપ ભગવાનભાઈ પટેલ અને યામિનીબેન દિલીપ પટેલ | ભા. રૂ. ૧૫૯૧૨૬૧૨.૦૦/- | ભા. રૂ. ૧૫૯૧૨૬૧.૨૦/- | ૨૫-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૯-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખર્જી સંપર્ક નં. ૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું : આઈટમ-૧ :** સ્થાવર કોમર્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન/ઓફિસ નં.૨૧૮, બીજો માળ, ક્ષેત્રફળ ૨૩.૮૬ ચો.મી. (બિલ્ટ અપ એરિયા રેરા મુજબ) અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૨૨.૨૦ ચો.મી. સ્કીમ નામે 'સુરીલ બિઝનેસ હાઉસ' તરીકે જાણીતી, બિનખેતીની જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૫૬૮/૧ પૈકી ટીપી સ્કીમ નં.૩૯ (નરોડા ૦૧), ફાઈનલ પ્લોટ નં.૪૪૮, સ્થિત અને ઊભેલ અત્રે મોજે નરોડા તાલુકા અસારવા, રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), અને **આ મુજબ ખૂંટ : પૂર્વ** : ખુલ્લો ધાબો, **પશ્ચિમ** : કોમન રસ્તો, **ઉત્તર** : ઓફિસ/દુકાન નં.૨૧૯ અને **દક્ષિણ** : ઓફિસ/દુકાન નં.૨૧૭

**(iv) આઈટમ-૨ :** સ્થાવર કોમર્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન/ઓફિસ નં.૨૧૯, બીજો માળ, ક્ષેત્રફળ ૧૮.૭૯ ચો.મી. (બિલ્ટ અપ એરિયા રેરા મુજબ) અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૧૭.૦૮ ચો.મી. સ્કીમ નામે 'સુરીલ બિઝનેસ હાઉસ' તરીકે જાણીતી, બિનખેતીની જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૫૬૮/૧ પૈકી ટીપી સ્કીમ નં.૩૯ (નરોડા ૦૧), ફાઈનલ પ્લોટ નં.૪૪૮, સ્થિત અને ઊભેલ અત્રે મોજે નરોડા તાલુકા અસારવા, રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), અને **આ મુજબ ખૂંટ : પૂર્વ** : ખુલ્લો ધાબો, **પશ્ચિમ** : કોમન રસ્તો, **ઉત્તર** : કોમન રસ્તો અને **દક્ષિણ** : ઓફિસ/દુકાન નં.૨૧૮

**(iv) આઈટમ-૩ :** સ્થાવર કોમર્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન/ઓફિસ નં.૨૨૦, બીજો માળ, ક્ષેત્રફળ ૩૩.૨૩ ચો.મી. (બિલ્ટ અપ એરિયા રેરા મુજબ) અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૧૭.૦૮ ચો.મી. સ્કીમ નામે 'સુરીલ બિઝનેસ હાઉસ' તરીકે જાણીતી, બિનખેતીની જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૫૬૮/૧ પૈકી ટીપી સ્કીમ નં.૩૯ (નરોડા ૦૧), ફાઈનલ પ્લોટ નં.૪૪૮, સ્થિત અને ઊભેલ અત્રે મોજે નરોડા તાલુકા અસારવા, રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), અને **આ મુજબ ખૂંટ : પૂર્વ** : ઓફિસ/દુકાન નં.૨૨૧, **પશ્ચિમ** : નિસરણી, **ઉત્તર** : માર્જિન અને **દક્ષિણ** : કોમન રસ્તો

**(iv) આઈટમ-૪ :** સ્થાવર કોમર્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન/ઓફિસ નં.૨૨૧, બીજો માળ, ક્ષેત્રફળ ૨૬.૦૧ ચો.મી. (બિલ્ટ અપ એરિયા રેરા મુજબ) અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૨૪.૪૧ ચો.મી. સ્કીમ નામે 'સુરીલ બિઝનેસ હાઉસ' તરીકે જાણીતી, બિનખેતીની જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૫૬૮/૧ પૈકી ટીપી સ્કીમ નં.૩૯ (નરોડા ૦૧), ફાઈનલ પ્લોટ નં.૪૪૮, સ્થિત અને ઊભેલ અત્રે મોજે નરોડા તાલુકા અસારવા, રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), અને **આ મુજબ ખૂંટ : પૂર્વ** : ઓફિસ/દુકાન નં.૨૨૨, **પશ્ચિમ** : ઓફિસ/દુકાન નં.૨૨૦, **ઉત્તર** : માર્જિન અને **દક્ષિણ** : કોમન રસ્તો

**(iv) આઈટમ-૫ :** સ્થાવર કોમર્શિયલ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની દુકાન/ઓફિસ નં.૨૨૨, બીજો માળ, ક્ષેત્રફળ ૧૩૬.૭૫ ચો.મી. (બિલ્ટ અપ એરિયા રેરા મુજબ) અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૧૩૨ ચો.મી. સ્કીમ નામે 'સુરીલ બિઝનેસ હાઉસ' તરીકે જાણીતી, બિનખેતીની જમીન પર બંધાયેલ રેવન્યુ સર્વે નં.૫૬૮/૧ પૈકી ટીપી સ્કીમ નં.૩૯ (નરોડા ૦૧), ફાઈનલ પ્લોટ નં.૪૪૮, સ્થિત અને ઊભેલ અત્રે મોજે નરોડા તાલુકા અસારવા, રજિ. જિ. અમદાવાદ અને સબ જિ. અમદાવાદ-૬ (નરોડા), અને **આ મુજબ ખૂંટ : પૂર્વ** : ઓફિસ/દુકાન નં.૨૨૩, **પશ્ચિમ** : કોમન રસ્તો, દુકાન નં.૨૨૧, **ઉત્તર** : માર્જિન અને **દક્ષિણ** : કોમન રસ્તો અને લિફ્ટ

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**

**તારીખ : ૦૯.૧૦.૨૦૨૪** **(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

# ઝાકિર નાઈક ભારતને મિસ કરે છે, કહ્યું : હિંદુઓ મને પ્રેમ કરે છે, પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ નહિ



(એજન્સી) તા.૮

ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈક હાલ પાકિસ્તાનમાં છે, જ્યાં તેઓ સરકારી મહેમાન તરીકે આવ્યા છે. ઝાકિર નાઈકનો પાકિસ્તાન પ્રવાસ ૨૮ ઓક્ટોબર સુધી ચાલશે, આ પ્રવાસની શરૂઆતમાં જ તે ઘણા વિવાદોમાં ફસાઈ ગયા છે. ઝાકિર નાઈક પાકિસ્તાનની આતિથ્ય સત્કારથી બહુ ખુશ દેખાતા નથી અને તે ભારતને મિસ કરવા લાગ્યા છે. વાસ્તવમાં, ઝાકિર નાઈક ભારત છોડીને મલેશિયામાં રહે છે અને તે લગભગ એક હજાર કિલોગ્રામ સામાન સાથે પાકિસ્તાન એરપોર્ટ પર ઉતર્યા હતા, જે પ્લેનની ટિકિટ સાથે મુસાફરી માટે આપવામાં આવેલા સામાન કરતાં વધુ વજનનો હતો. ઝાકિર નાઈક પાકિસ્તાનના સત્તાવાર મહેમાન હોવાથી વિશેષ સારવારની અપેક્ષા રાખવી સ્વાભાવિક હતું. પરંતુ ઝાકિર નાઈક ત્યારે ચોંકી ગયા જ્યારે પાકિસ્તાની અધિકારીએ તેમનો સામાન મફતમાં જવા દેવાને બદલે પૈસા ઉઘરાવ્યા હતા. ઝાકિર નાઈકે તેમની એક મીટિંગમાં કહ્યું, "હું તમને એક ઉદાહરણ આપીશ, જ્યારે હું આવી રહ્યો હતો. તે સમયે અમારો સામાન હજાર કિલોનો હતો, મને એરપોર્ટ પર રોકી દેવામાં આવ્યો હતો. મેં PIA અધિકારીઓ સાથે વાત કરી, હું તેમના નામ નહીં લઉં. સીઓ, કન્ટ્રી મેનેજર, એરપોર્ટ મેનેજર સાથે વાત કરી, તેમણે કહ્યું – ડોક્ટર સાહેબ, હું તમારા માટે કંઈ પણ કરીશ. મેં કહ્યું, અમે છ જઈએ છીએ, ૫૦૦-૬૦૦ કિલો વધારાનો સામાન છે. પછી તેણે કહ્યું- હા-હા, કોઈ વાંધો નહીં, હું તમને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપીશ. મેં કહ્યું- જો હું ૫૦ ટકા ડિસ્કાઉન્ટને બદલે વધુ ચાર લોકોને લાવીશ તો તે સસ્તું થશે. મેં કહ્યું- જો તમારે આપવું હોય તો મફતમાં કરો, નહીં તો પૂરી રકમ લઈ લો અને મેં ઓફર ફગાવી દીધી. ઝાકિર નાઈકે કહ્યું કે ભારતમાં કોઈ હિંદુ અધિકારી પણ મારી સાથે આવું નથી કરતા અને તમે ઝાકિર નાઈક છો તે જોઈને મને મફતમાં જવા દે છે. ઝાકિર નાઈકે પાકિસ્તાનના હજારો લોકોની સામે ભારતની પ્રશંસા કરી હતી, જે બાદ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ સિવાય તેમણે પીઆઈએની ટીકા કરી છે અને આવી આતિથ્ય પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# હજ સમિતિએ ૨૦૨૫ના હજયાત્રીઓ માટે પ્રથમ હપ્તાની સમયમર્યાદા જારી કરી

(એજન્સી) તા.૮

હજ કમિટિ ઓફ ઈન્ડિયાએ હજ ૨૦૨૫ માટે પસંદ કરાયેલા યાત્રાળુઓ માટે વિગતવાર માર્ગદર્શિકા જારી કરી છે. નવી સૂચનાઓ હેઠળ, પસંદ કરાયેલા યાત્રાળુઓએ ૮ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબરની વચ્ચે વ્યક્તિ દીઠ રૂા. ૧,૩૦,૩૦૦નો પ્રથમ હપ્તો ચૂકવવાનો રહેશે. આ રકમમાંથી રૂા. ૧,૨૮,૦૦૦ એડવાન્સ મુસાફરી ખર્ચને આવરી લેશે, રૂા. ૩૦૦ નોન-રિફંડેબલ પ્રોસેસિંગ ફી અને રૂા. ૨,૦૦૦ અન્ય સંબંધિત ખર્ચાઓ માટે ફાળવવામાં આવશે. યાત્રાળુઓ આ ચુકવણી ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેંકિંગ, UPI સહિતની વિવિધ પદ્ધતિઓ દ્વારા કરી શકે છે અથવા ભારતીય સ્ટેટ બેંક (SBI) અથવા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની હજ કમિટીની હજ સુવિધા એપ દ્વારા જમા કરાવવાનો સમાવેશ થાય છે. ૨૦૨૫ માટે કુલ હજ ખર્ચની વિગતો, એમ્બર્કેશન પોઈન્ટ દ્વારા વર્ગીકૃત કરવામાં આવી છે, હજ સમિતિની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે. પેમેન્ટ કરતી વખતે યાત્રાળુઓએ બેંક રેફરન્સ નંબર દાખલ કરવાનો રહેશે. એકવાર પ્રથમ હપ્તો ચૂકવવામાં આવે તે પછી, યાત્રીઓએ ૨૩ ઓક્ટોબર પહેલા તેમના હજ અરજી ફોર્મ, એફિડેવિટ, ચુકવણીની રસીદ અને તબીબી તપાસ અને ફિટનેસ પ્રમાણપત્ર તેમની સંબંધિત હજ સમિતિઓને સબમિટ કરવાનું રહેશે. હજ કમિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરે ચુકવણી અને દસ્તાવેજ સબમિટ કરવાની સમયમર્યાદાનું પાલન કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. જો સમયમર્યાદાનું પાલન નહીં થાય તો હજયાત્રીઓની હજ બેઠકો રદ કરવામાં આવશે.

# ટ્રમ્પનો દાવો : 'ખરાબ જનીન' ધરાવતા ઈમિગ્રન્ટ્સ હત્યા કરવાનું વલણ ધરાવે છે

## ધ હ્યુજ હેવિટ શો દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસની 'કમ્યુનિસ્ટ પાર્ટી-ટાઈપ સિસ્ટમ' માટેની યોજનાઓ વિશે બેફામ આક્ષેપો કર્યા હતા

(એજન્સી) તા.૮

ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં આક્ષેપ કર્યો હતો કે 'ખરાબ જનીન' ધરાવતા ઈમિગ્રન્ટ્સ હત્યા જેવા જઘન્ય અપરાધો કરવા તરફ પ્રેરિત છે. ધ હ્યુજ હેવિટ શો દરમિયાન પૂર્વ રાષ્ટ્રપતિએ બિનસત્તાવાર દાવો કર્યો હતો કે '૧૩,૦૦૦' દોષિત હત્યારાઓ ગેરકાયદેસર રીતે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશ્યા છે. GOP નોમિનીએ કમલા હેરિસની બોર્ડર પોલિસીને વખોડતી વખતે આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પે કહ્યું કે યુએસમાં ઈમિગ્રન્ટ્સમાં 'ખરાબ જનીનો' છે. હોસ્ટ હ્યુ હેવિટ દ્વારા વાઈસ પ્રેસિડેન્ટની પ્રથમ વખતના ઘર નિર્માતાઓને મદદ કરવાની યોજના અંગે તેમના મંતવ્યો પૂછવામાં આવતા, ટ્રમ્પે 'કમ્યુનિસ્ટ પાર્ટી-ટાઈપ સિસ્ટમ' માટેની તેમની યોજનાઓ વિશે બેફામ આક્ષેપો કર્યા. રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવારે કહ્યું, "ભાવ વધી ગયો છે. હા,



કિંમત હજુ $૧૦૦,૦૦૦ વધુ થવાની છે. ના, ના. તેઓ જે કરવા માંગે છે તે બધું ખોટું છે,". ટ્રમ્પે આગળ કહ્યું, 'સૌપ્રથમ, તમારે ખાનગી ક્ષેત્રને તે કરવા દેવું પડશે, 'તે [હેરિસ] સરકારી આવાસમાં જવા માંગે છે. તે સરકારી ફીડિંગમાં જવા માંગે છે. તે લોકોને ખવડાવવા માંગે છે. તે લોકોને સરકારી રીતે ખવડાવવા માંગે છે. તે ઈચ્છે છે કે તે કમ્યુનિસ્ટ પાર્ટી પ્રકારની સિસ્ટમમાં જવા માંગે છે. જ્યારે તમે તેણે પ્રસ્તાવિત કરેલી વસ્તુઓ જુઓ છો, ત્યારે તે ખૂબ દૂર છે. તેને કંઈ જ ખબર નથી.' ટ્રમ્પે પછી તેમના ઝુંબેશના અગાઉના દાવાને પુનરાવર્તિત કરીને ઈમિગ્રન્ટ્સ તરફ ધ્યાન દોર્યું. 'લોકોને ખુલ્લી સરહદ પર આવવાની મંજૂરી આપવા વિશે કેવી રીતે, જેમાંથી ૧૩,૦૦૦ ખૂની હતા, તેમાંથી ઘણાએ એક કરતા વધુ લોકોની હત્યા કરી હતી અને તેઓ હવે યુનાઈટેડ સ્ટેટ્સમાં ખુશીથી જીવે છે.' પૂર્વ રાષ્ટ્રપતિએ આગળ કહ્યું, 'હવે, હું આ માનું છું કે તેમના જનીનોમાં જ એક ખૂની વસે છે.' તેમણે ઉમેર્યું, 'અને અમને અત્યારે આપણા દેશમાં ઘણા ખરાબ જનીનો મળ્યા છે.'

# 'શું તમે શાંત રહેશો અને મારી વાત સાંભળશો ? : મુસ્લિમોમાં પીડોફિલિયાનો મુદ્દો ઉઠાવતી મહિલાને ઝાકિર નાઈકે ચૂપ કરાવી; કરાચીનો વીડિયો વાયરલ

## નાઈકે તેણીના દાવાઓને નકારી કાઢ્યા અને કહ્યું કે, 'કુર્આન અથવા કોઈપણ ઈસ્લામિક ધર્મગ્રંથમાં પીડોફિલિયાનો કોઈ ઉલ્લેખ નથી'

(એજન્સી) તા.૮


એક છોકરીએ તેના રહેણાંક વિસ્તારમાં પીડોફિલિયા સામાન્ય થઈ રહ્યું છે તેની નોંધ લેતા તેણીની ચિંતાઓને દર્શાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાઈકે તેણીને વારંવાર અટકાવી, તેણીને શાંત રહેવાનો આગ્રહ કર્યો જેથી તે જવાબ આપી શકે. તેમણે તેણીના દાવાઓને નકારી કાઢ્યા અને કહ્યું કે, 'કુર્આન અથવા કોઈપણ ઈસ્લામિક ધર્મગ્રંથમાં પીડોફિલિયાનો કોઈ ઉલ્લેખ નથી.' નાઈકે આ યુવતી પર ઈસ્લામને બદનામ કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, 'એક મુસ્લિમ ક્યારેય બાળકોનું યૌન શોષણ ન કરી શકે. તમારે આવા આરોપ લગાવતા પહેલા દસ વાર વિચારવું જોઈએ.' જ્યારે તેણીએ તેના મુદ્દાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાઈકે કહ્યું કે, 'તમે ખોટા છો.' આ ઉપદેશકના પ્રતિસાદથી સોશિયલ મીડિયા પર વ્યાપક ટીકા થઈ છે, ઘણા લોકોએ તેના પર છોકરીઓની ચિંતાઓને અવગણવાનો આરોપ લગાવ્યો હતો. ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકનો એક વિડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે મુસ્લિમોમાં વ્યભિચાર, પીડોફિલિયા અને માદક દ્રવ્યોના વ્યાપ વિશે એક મહિલાના પ્રશ્નનો અસ્વીકાર્ય જવાબ આપે છે. અહેવાલો અનુસાર, આ ઘટના રવિવારે પાકિસ્તાનના કરાચીમાં એક જાહેર સભા દરમિયાન બની હતી. આ વીડિયોમાં, પોતાની જાતને પશ્તુન તરીકે ઓળખાવનારી છોકરીએ નાઈકને પૂછ્યું કે તેના સમુદાયમાં કડક ધાર્મિક પ્રથાઓ હોવા છતાં સામાજિક દુષણો કેમ સામાન્ય છે. તેણીએ એ પણ પ્રશ્ન કર્યો કે શા માટે ઈસ્લામિક વિદ્વાનો અથવા ઉલેમાઓ આ મુદ્દાઓ પર ધ્યાન આપતા નથી નાઈકનો તેના પ્રત્યેનો પ્રારંભિક પ્રતિભાવ ગંભીર ન હતો. એક છોકરીએ તેના રહેણાંક વિસ્તારમાં પીડોફિલિયા સામાન્ય થઈ રહ્યું છે તેની નોંધ લેતા તેણીની ચિંતાઓને દર્શાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાઈકે તેણીને વારંવાર અટકાવી, તેણીને શાંત રહેવાનો આગ્રહ કર્યો જેથી તે જવાબ આપી શકે. તેમણે તેણીના દાવાઓને નકારી કાઢ્યા અને કહ્યું કે, 'કુર્આન અથવા કોઈપણ ઈસ્લામિક ધર્મગ્રંથમાં પીડોફિલિયાનો કોઈ ઉલ્લેખ નથી.' મુંબઈમાં જન્મેલા ઝાકિર નાઈકને ભારતીય સત્તાવાળાઓ દ્વારા ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે અને તેના પર ટેરર ફંડિંગ, મની લોન્ડરિંગ અને દ્વેષપૂર્ણ ભાષણ સહિતના અનેક આરોપો છે. ભારત સરકારે તેની સંસ્થા ઈસ્લામિક રિસર્ચ ફાઉન્ડેશન પર પ્રતિબંધ મૂક્યો છે અને તેનો પાસપોર્ટ રદ કરી દીધો છે. ૨૦૧૭થી, નાઈક મલેશિયામાં રહે છે, જ્યાં તે પ્રવચનો અને ઉપદેશ આપે છે.

# અમેરિકન જીવવિજ્ઞાનીઓએ માઈક્રો-RNA શોધ માટે તબીબી ક્ષેત્રે નોબેલ પુરસ્કાર મેળવ્યો : તે કેવી રીતે કેન્સર જેવી બીમારીઓથી રક્ષણ કરે છે

## વિક્ટર એમ્બ્રોસ અને ગેરી રુવકુને સોમવારે આ પુરસ્કાર જીત્યો છે માઈક્રોઆરએનએ, બિન-કોડિંગ RNAનો વર્ગ છે જે જનીન પ્રવૃત્તિને નિયંત્રિત કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

અમેરિકન ડેવલપમેન્ટલ બાયોલોજીસ્ટ વિક્ટર આર. એમ્બ્રોસ અને સાથી મોલેક્યુલર બાયોલોજીસ્ટ ગેરી બ્રુસ રુવકુનને સોમવારે ફિઝિયોલોજી અથવા મેડિસિનનું ૨૦૨૪ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેઓએ માઈક્રો-RNAની શોધ માટે આ એવોર્ડ જીત્યો છે. આ બિન-કોડિંગ આરએનએનો એક વર્ગ છે જે જનીન પ્રવૃત્તિ અને અભિવ્યક્તિને કેવી રીતે નિયંત્રિત કરવામાં આવે છે તેનું સંચાલન કરે છે. તેમના સંશોધને જનીન નિયમનના સિદ્ધાંતનું અનાવરણ કર્યું જે મનુષ્યો સહિત બહુકોષીય સજીવોના અસ્તિત્વ માટે નિર્ણાયક છે. શરીરમાં દરેક કોષ બરાબર સમાન રંગસૂત્રો ધરાવતા હોવા છતાં, જીવંત સજીવોમાં અલગ-અલગ પ્રકારના કોષો હોય છે. રંગસૂત્રો જનીનોથી બનેલા હોય છે, જે ડીએનએ નામની આનુવંશિક સામગ્રીના ક્રમથી બનેલા હોય છે, તે સૂચનો આપીને પ્રોટીનને એન્કોડ કરે છે અને વારસાગત માહિતીનું વહન કરે છે. હકીકત એ છે કે તમામ કોષોમાં સમાન રંગસૂત્રો હોય છે તે સૂચવે છે કે દરેક કોષમાં ચોક્કસ જનીનોનો સમાન સમૂહ હોય છે.




આ તર્ક પ્રમાણે, શરીરમાં વિવિધ પ્રકારના કોષો ન હોવા જોઈએ. પરંતુ એવું નથી કારણ કે જનીન નિયમન દરેક કોષને માત્ર સંબંધિત સૂચનાઓ આપે છે, તે સુનિશ્ચિત કરે છે કે દરેક કોષ પ્રકારમાં જનીનોનો સમૂહ સક્રિય થાય છે.

માઈક્રો RNA પ્રોટીન માટે કોડ કરતા નથી, પરંતુ જનીન અભિવ્યક્તિને નિયંત્રિત કરવા માટે અનિવાર્ય છે. માનવ શરીરમાં એક હજારથી વધુ માઈક્રોઆરએનએ છે, અને તે ડીએનએ સિક્વન્સમાં હોય છે. તેઓ ટ્રાન્સક્રિપ્શનનું નિયમન કરે છે. માઈક્રોઆરએનએ એ સુનિશ્ચિત કરે છે કે દરેક ચોક્કસ કોષ પ્રકારમાં જનીનોનો માત્ર યોગ્ય સમૂહ જ સક્રિય છે, અને તેઓ વિશિષ્ટ કાર્યો કરવા સક્ષમ છે.

તદુપરાંત, શરીરમાં બદલાતી પરિસ્થિતિઓ અને બાહ્ય વાતાવરણને કારણે જનીનની પ્રવૃત્તિમાં વિક્ષેપ આવી શકે છે. ત્યારે આ માઈક્રોઆરએનએ બચાવમાં આવે છે, સેલ્યુલર કાર્યોને ફેરફારો સાથે અનુકૂલન કરવા માટે ફાઈન-ટ્યુનિંગ જીન પ્રવૃત્તિ કરે છે.

આ માઈલસ્ટોન પાછળ મૂક હીરો એક નાનો કીડો છે. જેમ 'એન્ડગેમ'માં માઉસ એક અસંગત હીરો હતો, તેમ આ સંશોધનમાં એક નાના કીડાની મુખ્ય ભૂમિકા હતી જેના કારણે એમ્બ્રોસ અને રુવકુનને માઈક્રોઆરએનએની શોધ કરી હતી. ૧૯૮૦ના દાયકાના અંતમાં, એમ્બ્રોસ અને રુવકુન અમેરિકન જીવવિજ્ઞાની રોબર્ટ હોર્વિટ્ઝની પ્રયોગશાળામાં પોસ્ટડોક્ટરલ ફેલો હતા, જેમના નેમાટોડ વોર્મ કેનોરહેબડિટિસ એલિગન્સ પરના સંશોધને તેમને ૨૦૦૨નું ફિઝિયોલોજી અથવા મેડિસિનનું નોબેલ પારિતોષિક જીત્યું હતું.

એમ્બ્રોસ અને રુવકુન બંનેએ આ એક-મિલિમીટર લાંબા રાઉન્ડવોર્મનો અભ્યાસ કર્યો. તેમાં જ્ઞાનતંતુ અને સ્નાયુ કોષો જેવા અસંખ્ય વિશિષ્ટ પ્રકારના કોષો છે, જે મોટા, વધુ જટિલ પ્રાણીઓમાં પણ જોવા મળે છે. પરિણામે, બહુકોષીય સજીવોમાં પેશીઓના વિકાસ અને પરિપક્વતાને સમજવા માટે તે સંપૂર્ણ મોડેલ હતું.

અગાઉના સંશોધનમાં, એમ્બ્રોસે શોધી કાઢ્યું હતું કે લિન-૪ જનીન લિન-૧૪ જનીનનું નકારાત્મક નિયમનકાર તરીકે કામ કરે છે. પરંતુ તેને આ પાછળના મિકેનિઝમની ખબર ન હતી. આ મિકેનિઝમને વિગતવાર સમજવા માટે, રુવકુને લિન-૧૪ જનીનના નિયમનનો અભ્યાસ કર્યો. તેમણે અવલોકન કર્યું કે જનીન નિયમન કેવી રીતે કાર્ય કરવા માટે જાણીતું હતું તેનાથી વિપરીત, તે mRNA પરમાણુ ન હતું જે લિન-૧૪ જનીનને અવરોધે છે. રુવકુને લિન-૧૪ જનીનનું ક્લોન કર્યું અને જોયું કે લિન-૧૪ એમઆરએનએ એક પૂરક ક્રમ ધરાવે છે. આ પછી, રુવકુન અને એમ્બ્રોસે તેમના તારણોની તુલના કરી હતી.

લિન-૪ જનીન દ્વારા ઉત્પાદિત માઈક્રોઆરએનએ, જે લિન-૧૪ને અવરોધે છે, તેને લિન-૪ માઈક્રોઆરએનએ નામ આપવામાં આવ્યું હતું. આ બે વૈજ્ઞાનિકોએ વધુ પ્રયોગો કર્યા અને બતાવ્યું કે લિન-૪ માઈક્રોઆરએનએ લિન-૧૪ એમઆરએનએ પર પૂરક ક્રમ સાથે જોડાય છે. આ લિન -૧૪ પ્રોટીનના ઉત્પાદનને અવરોધે છે. અને આ રીતે એમ્બ્રોસ અને રુવકુને જનીન નિયમનના સિદ્ધાંતની શોધ કરી હતી. શરૂઆતમાં, વૈજ્ઞાનિક સમુદાયને લાગ્યું કે આ શોધ રસપ્રદ હોવા છતાં, મનુષ્યો અને અન્ય જટિલ સજીવો માટે અપ્રસ્તુત છે. પરંતુ ૨૦૦૦માં રુવકુનના સંશોધન જૂથ દ્વારા એક સફળતાએ વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીની લહેર ઉભી કરી હતી. જીન્સ એ ડીએનએના ભાગો છે. એવા કેટલાક જનીનો છે જે માઈક્રોઆરએનએ માટે કોડ કરે છે. માઈક્રોઆરએનએ માટે કોડિંગ કર્યા પછી, તેઓ પ્રોટીન સંશ્લેષણને રોકવા માટે, એમઆરએનએ તરફ જાય છે જેને તેઓ ડિગ્રેડ કરવા માગે છે. એકવાર માઈક્રોઆરએનએ એમઆરએનએ પર જાય, ત્યારે પ્રોટીન સંશ્લેષણ અવરોધિત થાય છે. મનુષ્યના વિકાસ માટે અને રોગોને રોકવા માટે આ નિર્ણાયક છે.

માઈક્રોઆરએનએ સજીવોના શારીરિક વિકાસ અને કાર્ય અને રોગ નિવારણ માટે નિર્ણાયક છે. જો જનીન નિયમન ખોટુ હોય અથવા માઈક્રોઆરએનએ અસામાન્ય જનીન નિયમન કરે છે, તો તે સંભવિતપણે ગંભીર રોગો જેમ કે સ્વયંપ્રતિરક્ષા સ્થિતિ, કેન્સર અને ડાયાબિટીસ થઈ શકે છે. આ વૈજ્ઞાનિકોએ મનુષ્યોમાં માઈક્રોઆરએનએ કોડિંગ જનીનોમાં પરિવર્તન શોધી કાઢ્યું, અને અવલોકન કર્યું કે આનાથી આંખ અને હાડપિંજરની વિકૃતિઓ અને જન્મજાત સાંભળવાની ખોટ જેવી સ્થિતિઓ થઈ શકે છે.

દાખલા તરીકે, DICER૧ સિન્ડ્રોમ, એક દુર્લભ આનુવંશિક ડિસઓર્ડર છે જે કેન્સરગ્રસ્ત અને બિન-કેન્સરયુક્ત ગાંઠો વિકસાવવાનું જોખમ વધારે છે, માઈક્રોઆરએનએ ઉત્પાદન માટે જરૂરી પ્રોટીનમાંના એકમાં પરિવર્તનને કારણે થાય છે. IIT મદ્રાસના મેડિકલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના સંશોધકોએ જણાવ્યું હતું કે શોધની ગહન અસરો પ્રારંભિક રોગની તપાસ માટે અને ખાસ કરીને હૃદય રોગ, કેન્સર જેવી પરિસ્થિતિઓમાં ઉપચારમાં થાય છે. આ નોબેલ પારિતોષિક વિજેતાઓનું આ પરિવર્તનકારી કાર્ય કેટલાક સૌથી પડકારરૂપ રોગોનો સામનો કરવા માટે માઈક્રોઆરએનએ સંશોધનની વિશાળ સંભાવનાને પણ પ્રકાશિત કરે છે. મેડિસિન નોબેલની જાહેરાત પછી, ફિઝિયોલોજી અથવા મેડિસિન માટેની નોબેલ સમિતિના સભ્ય, પ્રોફેસર ઓલે કેમ્પે પત્રકારને જણાવ્યું હતું કે માઈક્રોઆરએનએ એ જીન રેગ્યુલેશનમાં એક નવું સ્તર છે, તે એક નેટવર્ક બનાવે છે જે જનીન નિયમનને વધુ મજબૂત બનાવે છે.

# પાકિસ્તાનનો દેશના મહેમાન ઝાકિર નાઈકને વધારાના સામાનની ફી માફી ઈચ્છવા બદલ ટ્રોલ કરવા લાગ્યા

(એજન્સી) તા.૮

ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકે પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ (PIA)ની ટીકા કરી છે કે તેઓ મલેશિયાથી પાકિસ્તાનની મુસાફરી કરી રહ્યા હતા ત્યારે વધારાના સામાન માટેના ચાર્જને માફ ન કરવા અને તેના બદલે તેમને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરે છે. ઝાકીર નાઈક આટલે જ રોકાયા ન હતા અને તેમણે કહ્યું હતું કે માં હું આ રીતે ગયો હોત કે ત્યાંથી નીકળ્યો હોત તો આવી સ્થિતિનો સામનો ન કરવો પડ્યો હોય ત્યાંના હિન્દુઓ પણ હોત તો મને જવા દીધો હોત. તેમણે જણાવ્યું હતું કે તેમના દેશમાં આવી પરિસ્થિતિ ક્યારેય નહીં થાય. ઝાકીર નાઈકની આ ટિપ્પણી પર પાકિસ્તાનીઓ તેમને ટ્રોલ કરવા લાગ્યા હતા. ઈસ્લામિક ઉપદેશકની ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી, જ્યાં ઘણા યુઝર્સે તેમને ટ્રોલ કર્યા હતા અને ટીકા કરી હતી. એક યુઝર્સે ભારે નુકસાન સહન કરવા છતાં નાઈકને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કરવાના PIAના પગલાનો બચાવ કર્યો. તેણે કહ્યું હતું કે હવે અમારા દેશના વહીવટી તંત્ર એ તેમના મહેમાનોની સમજદારી પૂર્વક કરવી પડશે. જ્યારે અન્ય એક યુઝર્સે કહ્યું હતું કે ઝાકીર નાઈકે જે ફરિયાદ કરી છે તેનાથી હું દુખી છું. આશા રાખીએ છીએ કે તે અમારા ડ્યુટી ફ્રી એરપોર્ટની ફરી વખત મુલાકાત નહીં લે.

# આજથી દેશવ્યાપી ભૂખ હડતાળ શરૂ કરવાની ડોક્ટર એસોસિએશનની જાહેરાત, આર.જી. કર હોસ્પિટલ ઘટનાના વિરોધમાં હવે વધુ ઉગ્ર આંદોલન

## ડોક્ટર્સ એસો.ના નિર્ણય બાદ પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ મનોજ પંતની અપીલ; હું દરેકને ફરીથી ફરજ પર આવી જવા અને લોકોને તેમની સેવાઓ આપવા માટે વિનંતી કરૂં છું

(એજન્સી) કોલકાતા, તા.૮

કોલકાતા આર.જી. કર હોસ્પિટલમાં જુનિયર ડોક્ટર પર રેપ અને હત્યાની ઘટનાના વિરોધમાં જુનિયર ડોક્ટરો દ્વારા ચાલી રહેલા આંદોલનને સમર્થન આપવા માટે ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશનને તારીખ ૯ ઓક્ટોબર બુધવારથી દેશ વ્યાપી ભૂખ હડતાળ આંદોલન શરૂ કરવાની જાહેરાત કરી છે. સોમવારે ડોક્ટર્સ એસોસિએશનની બેઠક મળી હતી જેમાં દેશભરમાં ભૂખ હડતાળ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. કોલકાતાની ઘટનાને બુધવારે બે મહિના પૂરા થાય છે એટલે એ દિવસથી આંદોલન શરૂ કરવામાં આવી રહ્યું છે. દેશોના પ્રમુખ સુવર્ણકાર દત્તા જણાવે છે કે અમે પશ્ચિમ બંગાળ જુનિયર ડોક્ટર ફ્રન્ટ સાથે સતત સંપર્કમાં છીએ અને અમારા વલણમાં અમે એક છીએ અને સાથે છીએ. લાંબી ચર્ચા વિચારણા બાદ અમે બંગાળના અમારા સાથી ડોક્ટરોના ટેકામાં હવે દેશભરમાં ભૂખ હડતાળ પર ઊતરવાનું નક્કી કર્યું છે અને અમારો આંદોલનનો કાર્યક્રમ લાંબા સમયથી હડતાળ પર બેઠેલા અને આંદોલન કરી રહેલા જુનિયર ડોક્ટરોના અવાજને વધુ બુલંદ કરવાનો ઈરાદો છે કેમકે જુનિયર ડોક્ટરો કામકાજના સ્થળે સુરક્ષા અને સારી પરિસ્થિતિ તથા સંગીત સુરક્ષાના પ્રોટોકોલ અને અન્ય જરૂરી સુધારાની માગણી કરી રહ્યા છે. રેશનના નિવેદનમાં સારી કામકાજ સ્થિતિ અને સુરક્ષા માટે થઈ રહેલી આ લડાઈમાં ડોક્ટરોની સાથે જ છે એ બતાવવા માટે તમામ આરોગ્ય કર્મીઓને પણ હડતાળમાં જોડાવા માટે અપીલ કરવામાં આવી છે. દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ મનોજ પંતે જુનિયર ડોક્ટરોને તેમની ફરજ પર હાજર થઈ જવા અપીલ કરી છે અને જણાવ્યું છે કે રાજ્યમાં મેડિકલ કોલેજોમાં શરૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ ૯૦% જેટલા તો આવતા મહિને જ પૂરા થઈ રહ્યા છે એટલે હું ફરીથી




કામે આવી જવા ફરજ પર ચડી જવા અને લોકોની સેવા કરવાની શરૂઆત કરવા દરેકને વિનંતી કરૂં છું. કેટલાક તો ફરી કામે લાગી ગયા છે આપણે સહુ પરિસ્થિતિમાં સુધારો કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ સરકારે આપેલા વચનમાં ઘણી સારી પ્રગતિ થઈ છે એ જોઈને જુનિયર ડોક્ટરો પણ સંમત થશે. તેમણે કહ્યું હતું કે હું બધાને એમની ફરજ પર પાછા આવી જવા વિનંતી કરૂં છું એમને સુરક્ષિત વાતાવરણની જરૂર છે અને અમે એ દિશામાં કામ કરી જ રહ્યા છીએ દરેક પક્ષ તેના અભિગમમાં રચનાત્મક જ છે અને કોઈ મતભેદો નથી. આપણે મોટું લક્ષ્યાંક સિદ્ધ કરવાનું છે. મુખ્ય સચિવે આરોગ્ય સચિવ એન.એસ. નિગમ અને મેડિકલ કોલેજોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. તેમણે એવું પણ કહ્યું હતું કે જુનિયર ડોક્ટરો ૫૦ કલાકથી ઉપવાસ આંદોલન કરી રહ્યા છે એટલે એમની તંદુરસ્તીને પણ અસર થઈ શકે છે એટલે અમે એવું થવા દેવા માંગતા નથી કેમકે જો કંઈ થશે તો પશ્ચિમ બંગાળ સરકારને જ બધા જવાબદાર ઠરાવશે.

## વિધાનસભા, સચિવાલય,મહાત્મા મંદિર સહિત વિવિધ ઈમારતો શણગારાઈ

# ગાંધીનગર શહેર વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત રોશનીથી ઝળહળ્યું

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા પ્રજાજનોમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં તા. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણીનો આરંભ થયો છે. આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન વધુને વધુ નાગરિકો સહભાગી થાય તેવા હેતુ સાથે વહીવટી તંત્રના સંકલનમાં રહીને વિવિધલક્ષી કાર્યક્રમો રાજયભરમાં યોજાશે. જે અંતર્ગત રાજયના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોનું સુશોભન અને





લાઈટીંગ કરવામાં આવ્યું છે. જનભાગીદારીથી યોજાનાર વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ગાંધીનગરની વિવિધ સરકારી ઈમારતો આકર્ષક રોશનીથી શણગારવામાં આવી છે, જેમાં ગુજરાત વિધાનસભા, સચિવાલય, મહાત્મા મંદિર- દાંડી બ્રિજ, સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિત વિવિધ ઈમારતો પર રંગબેરંગી નયનરમ્ય લાઈટિંગ કરવામાં આવ્યું છે. ગાંધીનગરના વિવિધ સ્થળોને અદ્દભૂત અને આંખોને આંજી દેતી મનમોહક લાગતી રોશનીથી સજાવવામાં આવતાં, આ નજારો જોઈ શહેરીજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં તોતિંગ વધારો કરવા સંચાલક મંડળની માંગ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં જંગી વધારો કરવા માટે સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે. ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ સ્કૂલોની ફીમાં ત્રણ ગણો વધારો કરવામાં આવે તેવી રજૂઆત સંચાલક મંડળ દ્વારા રાજ્યના શિક્ષણંમત્રી સમક્ષ કરવામાં આવી છે. ફી વિકલ્પ ઉપરાંત નિભાવ ગ્રાન્ટમાં પણ વધારો કરવા માગણી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શાળાઓની નિભાવ ગ્રાન્ટ અને પગાર ગ્રાન્ટ

## રાજ્યના મુખ્યમંત્રીને સંચાલક મંડળ દ્વારા પત્ર લખી ફી વધારો આપવા માગણી કરી

આપવાની યોજના અમલમાં આપી અને આ યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રતિ માસ તેમના બેંક ખાતામાં સીધા પગાર યોજના હેઠળ પગાર જમા કરાવવાની શરૂઆત થઈ હતી. ઉપરાંત શાળા સંચાલકોને શાળાના નિભાવ માટે નિભાવ ગ્રાન્ટ આપવાની શરૂઆત થઈ હતી. રાજ્ય સરકારે નિભાવ ગ્રાન્ટમાંથી પોતાનો ફાળો ઓછો કરવા માટે નિભાવ ગ્રાન્ટની સામે રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓને નિભાવ ગ્રાન્ટ જતી કરીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલીને શાળાની નિભાવ કરવાની યોજના અમલમાં મૂકી હતી.

આમ, ફી વિકલ્પોવાળી શાળાઓ અસ્તિત્વમાં આવી હતી અને છેલ્લા ઠરાવ મુજબ નિભાવની સામે ધોરણ પ્રમાણે ફી વસૂલવાનું નક્કી કરાયું હતું. જેમાં ધો.૯ માટે માસિક રૂા.૬૦, ધો.૧૦ માટે માસિક રૂા.૭૦, ધો.૧૧ માટે માસિક રૂા.૮૦ અને ધો.૧૨ માટે માસિક રૂા.૯૫ ફી વસૂલ કરવાની મંજૂરી અપાઈ હતી. જ્યારે પ્રયોગશાળા સત્રદીઠ ફી રૂા. ધો.૧૧ માટે રૂા.૬૫ અને ધો.૧૨ માટે ૮૦ નક્કી કરવામાં આવી હતી. જો કે, સંચાલક મંડળ દ્વારા ૨૦૧૭ના ઠરાવથી નક્કી કરવામાં આવેલી આ ફી સામે હવે ફી વધારો કરવા માગણી કરી છે. જેમાં ધો.૯ માટે રૂા.૨૫૦, ધો.૧૦ માટે રૂા.૩૦૦, ધો.૧૧ માટે રૂા.૩૫૦ અને ધો.૧૨ માટે રૂા.૪૦૦ ફી રાખવા માગણી કરી છે. જ્યારે પ્રયોગશાળા માટે ધો.૧૧માં રૂા.૫૦૦ અને ધો.૧૨માં રૂા.૬૦૦ રાખવા માગણી કરી છે.

આ ઉપરાંત રાજ્યની ગ્રાન્ટેડ શાળામાં નિભાવ ગ્રાન્ટના સ્લેબ સુધારવાની સાથે-સાથે રાજ્યમાં ચાલતી ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ શાળાઓની ફીમાં પણ વધારો કરવા માગણી કરાઈ છે. ૨૦૧૭ના ઠરાવ બાદ ૭ વર્ષનો સમયગાળો થયો ત્યારે દર વર્ષે ૭ ટકા ફી વધારો ગણવામાં આવે તો વર્તમાન ફીમાં અંદાજે ૫૦ ટકા ફી વધારો મળવાપાત્ર થાય તેમ છે. જેથી સંચાલક મંડળ દ્વારા માગણી કરવામાં આવી છે.

## અમદાવાદના મેઘાણીનગર વિસ્તારની ઘટના

# ઝઘડામાં ઈજાગ્રસ્ત મિત્રની મદદ કરનાર નિર્દોષ યુવકની હત્યા કરી નાંખી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૮

અમદાવાદ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે શહેરમાં અનૈતિક સંબંધના પ્રકરણમાં એક યુવક પર અમુક લોકોએ હુમલો કર્યો હતો. આ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ લઈ જવામાં તેની મદદ કરનારા નિર્દોષ યુવકની કરપીણ હત્યા કરી નાખી છે. મેઘાણીનગર વિસ્તારમાં રહેતા આકાશ પટ્ટણીને મનીષ પટ્ટણીની પત્ની રેખા સાથે અનૈતિક સંબંધો હતા, જેની જાણ મનીષને થતા તેના કુટુંબીજનો સાથે આકાશના ઘરે

## પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી

ચંદનનગર પહોંચ્યો હતો, જ્યાં આકાશ પટ્ટણી પર આ તમામ લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ દરમિયાન આકાશના બે મિત્રો મુકેશ પટ્ટણી અને રાહુલ પટ્ટણી ત્યાંથી પસાર થતા તેમણે ઈજાગ્રસ્ત આકાશની મદદ કરી હોસ્પિટલ લઈ ગયા હતા. આ દરમિયાન મનીષ અને તેના કુટુંબીજનો હોસ્પિટલ પહોંચી ગયા હતા, જ્યાં આકાશની મદદ કરનાર તેના બે મિત્રો મુકેશ પટ્ટણી અને રાહુલ પટ્ટણીની હત્યા કરવા તેમના પર છરાથી હુમલો કર્યો હતો. આ ઘટનામાં મુકેશ પટ્ટણીનું મોત થઈ ગયું, જયારે રાહુલ અન્ય મિત્રો સાથે કારમાં ત્યાંથી બચીને ભાગી જવામાં સફળ થયો હતો. આ ઘટના અંગે રાહુલ પટ્ટણીની ફરિયાદ આધારે શાહીબાગ પોલીસે બે આરોપીની ધરપકડ કરી અન્ય બે વોન્ટેડ આરોપી નાનું ઉર્ફે શેરવાલો અને અજય ઉર્ફે તલ્લીને પકડવાની તજવીજ હાથ ધરી છે.

# અમદાવાદમાં ૩૪૫ કોન્સ્ટેબલને બઢતી અપાઈ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

અમદાવાદ શહેરમાં તહેવાર સમારો પોલીસ કર્મચારીઓનો બઢતી આપવામાં આવતા પોલીસ બેડામાં માહોલ છવાયો છે. દિવાળી પૂર્વે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. એકસાથે ૩૪૫ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી.એસ.મલિકે નવ નિર્મિત પોલીસ કમિશનર કચેરીમાં શિફ્ટ થઈ પ્રથમ દિવસે શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની લાંબા સમયથી પેન્ડિંગ રહેલ બઢતીની કામગીરી પૂર્ણ કરી છે. ૩૪૫ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ ને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપેલ છે.

## રાજ્ય સરકારનો ઉદ્યોગોને ફાયદો કરાવવા માટેનો વધુ એક નિર્ણય

# રાજ્યમાં કોર્પોરેટ એફિસ સ્થાપવા માટે R-3 ઝોનમાં વધારાની FSIને મંજૂરી

## હોટલ પોલિસીના પરિપત્રમાં આ ઝોનમાં ફેરફાર કરવામાં આવ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૮

રાજ્યમાં કોર્પોરેટ ઓફિસ સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા હોટેલ નીતિ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના ડેવલપમેન્ટ પ્લાન મુજબ આર-૩ ઝોનમાં આવાસ બાંધકામ માટે ૦.૩ની FSI આપવામાં આવી છે, પરંતુ ૬ ઓક્ટોબરે જારી કરાયેલા હોટેલ પોલિસી પરિપત્રમાં આ ઝોનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે, રાજ્ય સરકારે રજીસ્ટર્ડ કંપનીઓ માટે કોર્પોરેટ-રજિસ્ટર્ડ ઓફિસો બનાવવા માટે R-3 ઝોનમાં ૦.૭ની વધારાની FSI આપવા માટે ૬ સપ્ટેમ્બરે ઔપચારિક પરિપત્ર બહાર પાડ્યો છે. પરિણામે સ્થિતિ એવી છે કે મકાનો બાંધવા માટે ઓછા બાંધકામને મંજૂરી આપવામાં આવે છે અને કોર્પોરેટ ઓફિસો બનાવવા માટે વધુ બાંધકામની મંજૂરી આપવામાં આવે છે. આ ૩ ઝોન બોપલ, આંબલી અને વૈષ્ણોદેવી છે. આ અંગે એવું માનવામાં આવે છે કે આ R-3 ઝોનમાં મંજૂરી આપવામાં આવેલ ઉદ્યોગોને ફાયદો કરાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઓફિસો રહેણાંક ઈમારતો કરતાં વધુ બનાવી શકાય છે અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા R-3 ઝોનમાં માત્ર રહેઠાણ અને હોટલ બનાવવાની પરવાનગી આપવામાં આવતી હતી. આર-૩ એટલે માત્ર રહેણાંક. આવી સ્થિતિમાં રહેણાંક મકાનોની સાથે કોર્પોરેટ ગૃહોને પણ રહેણાંક ઝોનમાં મંજૂરી આપવામાં આવી છે. પરિણામે હાઉસિંગ ઝોનમાં માત્ર કોર્પોરેટ ઓફિસ જ નહીં બને પરંતુ સરકારને બાંધકામમાં ૭૦૦ ટકા નફો પણ થયો છે. જો તેઓ રૂા.૧૦૦ કરોડનું રોકાણ કરે તો તેઓ આર-૩ ઝોનમાં કોર્પોરેટ ઓફિસ બનાવવા માટે જમીન પણ લઈ શકે છે. કોર્પોરેટ ઓફિસમાંથી મંજૂરી લીધા પછી તમે તેને ભાડે આપી શકો છો અથવા કોઈને પણ વેચી શકો છો. રાજ્ય સરકારે ઉદ્યોગપતિઓને રાહત આપી છે. કોર્પોરેટ ઓફિસ સ્થાપવા માટે, રહેણાંક ઝોન કરતાં વધુ FSI ૦.૭ કરતાં વધુ FSI આપવામાં આવી છે, અને એવી પણ છૂટ છે કે આ ઔદ્યોગિક મકાનને રાજ્ય સરકારની મંજૂરી અથવા મંજૂરી વિના અન્યને વેચી અને ભાડે આપી શકાય. મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સક્ષમ અધિકારી કરી શકે છે. FSI શું છે? FSI એટલે ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ. FSI જેટલી વધારે તેટલી મોટી ઈમારત બની શકે છે. ૦.૩ની FSI રાજ્ય સરકાર દ્વારા માત્ર આવાસ બાંધકામ માટે આપવામાં આવે છે. આ એફએસઆઈ એટલે કે ૧૦૦૦ ગણા પ્લોટ હોય તો ૩૦૦ ગણા બાંધકામની મંજૂરી છે. જેના કારણે તમે આનાથી વધુ માળ રાખી શકતા નથી અને આ ઝોનમાં માત્ર રહેણાંક મકાનો આવે છે.

## ડિજિટલ સિલેક્શન પદ્ધતિ દ્વારા હજ યાત્રિકોની પસંદગી

# હજ-૨૦૨૫ માટેની એડવાન્સ રકમ ૨૧ ઓક્ટોબર સુધી જમા કરાવી શકાશે

## ડોક્યુમેન્ટ અમદાવાદના હજ હાઉસ ખાતે જમા કરાવવાના રહેશે

અમદાવાદ,તા.૮

હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, લઘુમતી બાબતોના મંત્રાલય, નવી દિલ્હીની બ્રાન્ચ ઓફિસ ખાતેથી રેન્ડમ ડિઝિટલ સિલેકશન પદ્ધતિથી હજ યાત્રિકોની પસંદગી થયેલ છે. લાઈવ ટેલિકાસ્ટની તથા પસંદગી પામેલ હજ યાત્રિકોના કવર નંબર પ્રકાશિત કરવાની વ્યવસ્થા ગુજરાત રાજય હજ કમિટીની ટીમ દ્વારા ગાંધી હોલ, જુહાપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. ગુજરાત રાજયમાંથી ૧૫,૮૯૯ જેટલા હાજીઓની પસંદગી બદલ ગુજરાત રાજય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ તેમજ તમામ સભ્યો પસંદગી પામેલ સર્વે હજ યાત્રીઓને હજની મુબારકબાદી પાઠવી હતી. પસંદગી પામેલ યાત્રિકોની લીસ્ટ ગુજરાત રાજય હજ કમિટીની વેબસાઈટ પર મુકેલ છે. જે ચકાસી લેવા દરેક હજ અરજદારોને જણાવવામાં આવ્યું છે. હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના પરિપત્ર ૮ મુજબ પસંદગી પામેલા હજ યાત્રિકોએ હજ ગાઈડ લાઈન્સ ૨૦૨૫ના પારા ૧૯ મુજબ હાજી દીઠ અડવાન્સ હજ અમાઉન્ટ રૂા.૧,૨૮,૦૦૦/-નોન-રીફન્ડેબલ પ્રોસેસીંગ ફી રૂા. ૩૦૦/-અને પરચુરણ ખર્ચ રૂા.૨૦૦૦/- મળી કુલ રકમ ૧,૩૦,૩૦૦/-નિયત કરેલ બેન્કમાં જમા કરાવવાના રહેશે. જે તારીખ ૮/૧૦/૨૦૨૪થી તા.૨૧/૧૦/૨૪ સુધી હજ કમિટી ઓફ ઈન્ડિયા મુંબઈના એકાઉન્ટમાં જમા કરાવી શકાશે અથવા ઈ-પેમેન્ટ દ્વારા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની કોઈપણ બ્રાન્ચમાં હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર આપેલ નિયત નમૂનાની પે-ઈન-સ્લીપ (એસબીઆઈ-પે-ઈન-સ્લીપ/યુબીઆઈ-પે-સ્લીપ)માં ઉકત અમાઉન્ટ બેંક રેફરન્સ નંબરનો ઉલ્લેખ કરી ભરી શકાશે. ઉકત રકમ ભરી ડોકયુમેન્ટ હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે તા.૨૩/૧૦/૨૦૨૪ સુધી જમા કરાવવાના રહેશે. ઉકત દરેક પ્રક્રિયા કરવા માટે કોઈપણ હજ યાત્રિકોને કોઈપણ માર્ગદર્શન તથા મદદની જરૂરત પડે તો તે તેમના જિલ્લાના હજ કમિટી દ્વારા નિયુકત ફિલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરનો સંપર્ક કરી મદદ મેળવી શકશે. જિલ્લા વાઈઝ ફિલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરની યાદી વેબસાઈટ પર મુકેલ છે. એડવાન્સ હજ રકમ જમા કરાવવાની છેલ્લી તારીખનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને જો રકમ જમા કરાવવામાં નિષ્ફળ જશો અને હજ યાત્રિક પસંદગી રદ કરવામાં આવે તો ગુજરાત રાજય હજ સમિતિની કોઈ જવાબદારી રહેશે નહીં. એમ સમગ્ર વિગત આપતા ગુજરાત રાજય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ.એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સરકાર દ્વારા 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના નિર્ણય અંતર્ગત

# રાજ્યમાં તા.૭થી ૧૫ ઓકટોબર દરમ્યાન ૨૩ આઈકોનિક સ્થળોએ યોજાશે 'વિકાસ પદયાત્રા'

## સ્ટેચ્યુ ઓફ યુનિટી, રિવરફ્રન્ટ, ડાયમંડ બુર્સ, મહાત્મા મંદિર સહિતના સ્થળોનો સમાવેશ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાના ૨૩ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાત સરકારે દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય લીધો છે. વિકાસ સપ્તાહના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર ગુજરાતના ૨૩ આઈકોનિક સ્થળોએ 'વિકાસ પદયાત્રા'નું આયોજન કરવા સજ્જ છે. આ એ પ્રતિષ્ઠિત સ્થળો છે, જે નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન તેમના વિઝન અને નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે, તેમજ તેમણે લોન્ચ કરેલા કે ઉદ્ઘાટન કરેલા નોંધપાત્ર પ્રોજેક્ટ્સની ઝાંખી કરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રવાસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક વિકાસ, વારસાનું સંરક્ષણ અને શહેરીકરણ જેવા ક્ષેત્રે ગુજરાતના વિકાસમાં ફાળો આપનારા આ દરેક સ્થાનનું આગવું મહત્વ છે. વિકાસ પદયાત્રાનો ઉદ્દેશ ગુજરાતે હાંસલ કરેલી આ સિદ્ધિઓની ઉજવણી કરવાનો અને લોકોને વડાપ્રધાનના વિઝનથી પરિણમેલી વિકાસયાત્રાના ફરી સાક્ષી બનવાની તક આપવાનો છે. આ આઈકોનિક સ્થળોની યાદીમાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા- સ્ટેચ્યુ ઓફ યુનિટી છે, સ્થળોની યાદીમાં શહેરી કાયાકલ્પનું શ્રેષ્ઠ ઉદાહરણ એવું અમદાવાદ રિવરફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું ઓફિસ કોમ્પ્લેક્સ- સુરત ડાયમંડ બુર્સ, ભારતમાં પ્રીમિયર કન્વેન્શન સેન્ટર- મહાત્મા મંદિર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોઢેરા સૂર્ય મંદિર, વડનગર મોનેસ્ટરી અને દ્વારકા સુદામા બ્રિજ જેવા હેરિટેજ સ્થળોને પ્રવાસન અને સંસ્કૃતિના અગ્રણી કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. જ્યારે ભારતનું ફિનટેક કેપિટલ ગણાતું GIFT સિટી અને દેશની પ્રથમ બુલેટ ટ્રેન માટે સૂચિત હબ એવું સાબરમતી રેલ્વે સ્ટેશન- જેવા પ્રોજેક્ટ્સ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીકલ એડવાન્સમેન્ટ માટેના તેમના વિઝનને પ્રતિબિંબિત કરે છે. આ વિકાસ પદયાત્રામાં સહભાગીઓ ૨૩ સ્થળોની મુલાકાત લેશે, એ સ્થળ વિશે જાણકારી મેળવશે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રદર્શની પણ નિહાળશે. સહભાગીઓને એ આઈકોનિક સ્થાનો સાથે જોડાવાની તક મળશે, જે માત્ર ગુજરાત માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે પ્રગતિના માપદંડ બની ગયા છે. આ કાર્યક્રમમાં નાગરિકો, સરકારી અધિકારીઓ અને પ્રવાસીઓ સહિત રાજ્ય અને દેશભરમાંથી સહભાગીઓ જોડાશે.

## અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ ખાતે મહિલા સુરક્ષા વિષય પર કાર્યક્રમ યોજાયો



કાકુડો મિકસ માર્શલ આર્ટ લાઈન્સ એસોસિએશનના પ્રમુખ પ્રવિણ જાદવ દ્વારા અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ ખાતે સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત મહિલા સુરક્ષા માટેનું કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓએ સેલ્ફ ડિફેન્સ અંગે માહિતી મેળવી હતી. એમ શાળાના આચાર્ય એમ.એમ. ઘોરી એ એક અખબારી યાદીમાં જણાવ્યું હતુ.

## ધોળકામાં પિતા-પુત્રો ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડનાર

# આરોપીઓ સામે હળવી કલમો લગાડી પોલીસે જામીન ઉપર છોડી મૂકતા લોકોમાં ઘેરા પ્રત્યાઘાત

## કલમોનો ઉમેરો કરવાની માગણી સાથે આગેવાનો પોલીસ સ્ટેશનમાં ધરણા ઉપર બેસી ગયા : પિતાના માથામાં ૧૬ ટાંકા, એક પુત્રના માથે ૧૨ ટાંકા, બીજા પુત્રના માથે ૯ ટાંકા આવ્યા છતાં પોલીસે હળવી કલમો લગાડી



ધોળકા, તા. ૮

ધોળકા ખાતે ખાનના પરા દેવીપૂજક વાસમાં છેલ્લા સિગ્નલ વિસ્તારમાં રહેતા અલ્તાફભાઈ કુરેશી અને તેમના બે પુત્રો ઉપર ધારિયા અને લાકડીઓ વડે કરાયેલા હિચકારા હુમલાના બનાવમાં ત્રણેય ઈજાગ્રસ્તો હજી સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ હોવા છતાં ધોળકા ટાઉન પોલીસે સામાન્ય કલમો લગાડી આરોપીઓને જામીન ઉપર છોડી મુકતા તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આવા આરોપીઓનું સરઘસ કાઢીને દાખલો બેસાડવાના બદલે તેમને ૨૪ કલાક પણ જેલમાં નહીં રાખીને જામીન ઉપર છોડી મુકતા હાલ આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. ફરિયાદી અલ્તાફભાઈ કુરેશીના માથામાં ૧૬ ટાંકા આવ્યા છે. તેમના એક પુત્રના માથે ૧૨ ટાંકા અને બીજા પુત્રના માથે ૯ ટાંકા આવ્યા હોવા છતાં પોલીસની હળવી કામગીરી શંકા ઉપજાવે તેવી છે. શું આમ કરવા માટે પોલીસ ઉપર કોઈ રાજકીય દબાણ આવ્યું હતું ? જેવા પણ પ્રશ્નો નગરજનોમાંથી ઉઠી રહ્યા છે. દરમિયાન આજે અમદાવાદથી SDPIના આગેવાન ઈર્શાદ શેખ અને મુસ્તાકભાઈ તથા સામાજિક કાર્યકર આમિર પઠાણ પીડિત પરિવારના સગા સંબંધીઓ સાથે ધોળકા ટાઉન પોલીસ સ્ટેશન રજૂઆત કરવા ગયા હતા. ત્યારે તેમની સાથે ધોળકા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનસુરખાન તાલુકદાર, મ્યુનિસિપલ કાઉન્સિલર હનીફખાન મુન્શી, ફારૂકભાઈ ઘાંચી, આમિરભાઈ ટીમબલિયા, નૂરજહાંબેન સૈયદ અને ફરજાનાબેન ઘાંચી હાજર રહ્યા હતા. ત્યારે આગેવાનો અને ટાઉન પીઆઈ જે.ડી.ડાંગરવાળા વચ્ચે તું તું મે મે થતા મામલો ગરમાયો હતો અને આગેવાનો પોલીસ સ્ટેશનમાં ધરણા ઉપર બેસી ગયા હતા. ત્યારબાદ સમજાવટ બાદ મામલો થાળે પડતાં આગેવાનો દ્વારા ટાઉન પીઆઈને કરાયેલી લેખિત રજૂઆતમાં બી. એન. એસ. કલમ ૧૦૯, ૧૧૮, ૧૧૭, ૧૦૩ (૨) ૫૪, ૩૫૧ નો ઉમેરો કરવા માંગણી કરવામાં આવી હતી.

## નારાયણા હોસ્પિટલ, અમદાવાદ દ્વારા હેલ્થ સ્ક્રિનીંગ કેમ્પ યોજાયો



અમદાવાદ,તા.૮

નારાયણા હોસ્પિટલ અમદાવાદે તેની રખિયાલ સુવિધા ખાતે સફળતાપૂર્વક મેગા મલ્ટી સ્પેશિયાલિટી હેલ્થ સ્ક્રિનીંગ કેમ્પનું આયોજન કર્યું હતું.૭૦૦થી વધુ ઉપસ્થિતોએ કેમ્પની મુલાકાત લીધી હતી. જેમાં ૬૮૬ વ્યકિતઓએ આરોગ્ય તપાસ માટે નોંધણી કરાવી હતી. શિબિરનો પ્રાથમિક ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયને નારાયણા હોસ્પિટલ દ્વારા ઓફર કરવામાં આવતી મલ્ટી-સ્પેશિયાલિટી અને તૃતીય આરોગ્ય સંભાળ સેવાઓની સરળ એકસેસ પ્રદાન કરવાનો હતો. આ કાર્યક્રમમાં પ્રમુખ વિપુલભાઈ પટેલ, રખિયાલ આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ એસોસિએશનના સેક્રેટરી પ્રહલાદભાઈ શાહ, લાયન્સ કલબના જિલ્લા અધ્યક્ષ હરિશભાઈ ત્રિવેદી, રવિસિંહ ભદોરિયા, ઓખા સહિત અનેક અગ્રણી સમાજના આગેવાનોની હાજરી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન નારાયણા હોસ્પિટલના ફેસિલિટી ડાયરેકટર હેમંત ભટનાગર અને ડોકટરોની સમગ્ર ટીમને તેમના પ્રયાસો બદલ સન્માનિત કરવામાં આવ્યું. હતું.

# વિસાવદરની વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજવા માટેની પિટિશન હાઈકોર્ટે ફગાવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

ગુજરાત હાઈકોર્ટે વિસાવદરની વિધાનસભા બેઠક પર પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવાની માંગ કરતી જાહેર હિતની અરજીને ફગાવી દીધી છે. આ બેઠક ખાલી પડી હતી પરંતુ તે બાબતે ઈલેકશન પિટિશન હાઈકોર્ટમાં સુનાવણી માટે પડતર હોવાથી હાઈકોર્ટે અરજી ફગાવી દીધી હતી. વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણી એ દસ મહિના પહેલા ધારાસભ્ય તરીકે રાજીનામું આપ્યા બાદ ખાલી પડી હતી. કૈલાશ સાવલિયા નામના અરજદારે રાજયના જૂનાગઢ જિલ્લામાં વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજવા માટે ECIને કોર્ટના નિર્દેશની માંગણી કરી હતી, જે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપેન્દ્ર ભાયાણીએ રાજીનામું આપ્યા બાદ ખાલી પડી હતી. ભાયાણી બાદમાં ભાજપમાં જોડાયા હતા. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે જાહેર હિતની અરજી (પીઆઈએલ) ફગાવી દીધી હતી અને નોંધ્યું હતું કે ચૂંટણી સામે હારેલા ઉમેદવાર દ્વારા દાખલ કરવામાં આવેલી ચૂંટણી પિટિશનને ધ્યાનમાં રાખીને આ મતવિસ્તારની પેટા ચૂંટણી યોજી શકાય નહીં. ડિસેમ્બર ૨૦૨૨ માં બેઠકો જીતનારા ધારાસભ્યોએ પાછળથી રાજીનામું આપ્યા પછી ખાલી પડેલી છ વિધાનસભા બેઠકોમાંથી પાંચ બેઠકો માટે ઈસીએ ચૂંટણીઓ યોજી હતી. ઈસીઆઈએ જો કે, પેન્ડિંગ ઈલેક્શન પિટિશનના મુદ્દે વિસાવદર બેઠકની પેટાચૂંટણી જાહેર કરી ન હતી.

**નામ બદલેલ છે.**

મારા બાળકનું જુનું નામ આફરીનનાઝ સોહેલખાન મેવ હતું તે બદલીને રીદાફાતિમા સોહેલખાન મેવ રાખેલ છે

સી-૬, ગુલમોહર સોસાયટી, જુહાપુરા અમદાવાદ - ૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ - **યાસ્મીન અબ્દુલ ગફ્ફાર ગુલાટી** હતું તે બદલી નવું નામ - **યાસ્મીન જાવેદ સુરતી** કરેલ છે.

સરનામું :- જવાહર રોડ, ખારા કૂવા, લુણાવાડા, મહીસાગર, 389230

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

રવિવાર, 13 ઓક્ટોબર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ગ્રાન્ડ મર્ક્યોર વડોદરા, સૂર્યા પેલેસ, સયાજીગંજ, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# હરિયાણા વિધાનસભા ચૂંટણી પરિણામો ૨૦૨૪ : ભાજપ હેટ્રિક તરફ આગળ વધ્યું ત્યારે કોંગ્રેસના નેતા પવન ખેરાએ મત ગણતરીના ડેટામાં વિસંગતતાઓનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી રહ્યા છે અને વલણોમાં ભાજપ જીતની હેટ્રિક લગાવતી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસે ચૂંટણી પંચ પર પરિણામો મોડેથી અપડેટ કરવાનો આરોપ લગાવ્યો હતો, જેનો ચૂંટણી પંચે જવાબ આપ્યો છે. હરિયાણા વિધાનસભામાં ભાજપ હેટ્રિક તરફ આગળ વધી રહ્યું છે, કોંગ્રેસે ચૂંટણી પંચ દ્વારા દર્શાવવામાં આવેલા મત ગણતરીના ડેટામાં વિસંગતતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે ચૂંટણી પંચના ડેટા દ્વારા ટેલિવિઝન પર જે રાઉન્ડની ગણતરી કરવામાં આવી રહી છે તેની વાસ્તવિક સંખ્યા અને રાઉન્ડની સંખ્યામાં કોઈ મેળ નથી. EC ડેટા પાછળ છે; તેઓ હજુ પણ ૪થી કે ૫માં મળેલા ડેટા દર્શાવે છે જ્યારે ૧૧ રાઉન્ડ કરવામાં આવ્યા છે. અમારા જનરલ સેક્રેટરી કોમ્યુનિકેશન્સે ચૂંટણી પંચને ટ્વિટ કરીને કહ્યું



છે કે J&Kમાં તમને દરેક રાઉન્ડની ગણતરી સાથે લાઈવ ડેટા મળી રહ્યો છે અને એવું અહીં દેખાઈ રહ્યું નથી. કોંગ્રેસને જવાબ આપતા ચૂંટણી પંચે કહ્યું કે, 'પરિણામો અપડેટ કરવામાં વિલંબના તમારા પાયાવિહોણા આરોપને સાબિત કરવા માટે રેકોર્ડ પર કંઈ નથી. હરિયાણા અથવા જમ્મુ અને કાશ્મીરના કોઈપણ મતવિસ્તારમાં વિલંબ અંગેના તમારા મેમોરેન્ડમમાં પણ કોઈ વિપરીત તથ્ય નથી.' ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, 'તમામ મતવિસ્તારોમાં મતગણતરીનાં લગભગ ૨૫ રાઉન્ડ દર પાંચ મિનિટે અપડેટ કરવામાં આવી રહ્યાં છે, જે મતગણતરી પ્રક્રિયાની ઝડપની સાક્ષી આપે છે. કમિશન બેજવાબદાર, પાયાવિહોણા અને ચકાસાયેલ દૂષિત નિવેદનોને ગુપ્ત રીતે વિશ્વસનીયતા આપવાના તમારા પ્રયાસને સ્પષ્ટપણે નકારી કાઢે છે.' કોંગ્રેસે ચૂંટણી પંચની વેબસાઈટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીની મતગણતરીનો તાજેતરના આંકડા અપલોડ કરવામાં વિલંબનો આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસના નેતા જય રામ રમેશે જણાવ્યું હતું કે, 'ચૂંટણી પંચની વેબસાઈટ પર ધીમી ગતિએ ઈરાદાપૂર્વક ચૂંટણીના વલણો શેર કરવામાં આવી રહ્યા છે. આનાથી એવી આશંકા વધી રહી છે કે ભાજપ વહીવટીતંત્ર પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.'

# 'આપ' પાર્ટીએ ચોંકાવ્યા : હરિયાણામાં શૂન્ય અને જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર બેઠક જીતી



(એજન્સી) તા.૮

આમ આદમી પાર્ટીના મેહરાજ મલિક-જેમણે ડિસેમ્બર ૨૦૨૦માં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં જમ્મુ અને કાશ્મીરમાં તેમની પાર્ટીને પ્રથમવાર ચૂંટણીમાં જીત અપાવી હતી તેમણે હવે આપને રાજ્યમાં પ્રથમવાર વિધાનસભા બેઠક આપવા માટે ડોડા વિધાનસભા બેઠક જીતી લીધી છે. જમ્મુ કાશ્મીરમા એક દાયકા બાદ પહેલીવાર વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. AAP નેતાએ બીજેપીના ગજય સિંહ રાણા કરતા ૪,૫૩૮ મતો આગળ કર્યા અને ૧૩ રાઉન્ડની ગણતરી બાદ નેશનલ કોન્ફરન્સના ખાલિદ નજીબ સુહરવર્દીને ૯,૮૯૪થી હરાવ્યા. ડોડા બેઠક ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના શક્તિ રાજે જીતી હતી, પરંતુ પરંપરાગત રીતે ૧૯૭૨માં પ્રથમ મતદાનથી નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ વચ્ચે પલટાઈ ગઈ છે. જમ્મુ કાશ્મીરમાં AAPની સફળતા ઘણા લોકો માટે આંચકા સમાન છે, ખાસ કરીને કારણ કે તે હરિયાણામાં એક પણ બેઠક જીતી શકી નથી. પાર્ટીના બોસ અરવિંદ કેજરીવાલના ગૃહ રાજ્ય હરિયાણામાં આમ આદમી પાર્ટીની આવી હાલત જોઈને બધા ચોંકી ગયા છે. AAPની હરિયાણામાં હાર પણ મહત્ત્વની છે કારણ કે તેણે કોંગ્રેસ સાથે બેઠક વહેંચણી કરવા માટે સહમતિ દર્શાવી નહોતી. જોકે લોકસભા ચૂંટણી દરમિયાન બંને પક્ષો એકબીજા સાથે ઈન્ડિયા ગઠબંધન હેઠળ એક સાથે લડ્યા હતા. AAP અને કોંગ્રેસ બંધાએ સમજૂતી પર પહોંચી ગયા હતા પરંતુ બંને બાજુના રાજ્ય નેતાઓએ રાહુલ ગાંધી દ્વારા માંગવામાં આવેલા સોદાને વીટો કરી દીધો હતો, જેમણે ઘણીવાર વિપક્ષને એક થવાની જરૂરિયાતની વાત કરી હતી. જમ્મુ કાશ્મીરમાં શ્રી મલિક એવી સીટ અને પ્રદેશમાં આગળ રહ્યા હતા જે છેલ્લા કેટલાક મહિનાઓથી આતંકવાદી હુમલાઓથી પ્રભાવિત છે; તાજેતરમાં ઓગસ્ટમાં, હકીકતમાં, જિલ્લાના અસાર વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં એક આર્મી કેપ્ટન માર્યો ગયો હતો. એક નાગરિક પણ ઘાયલ થયો હતો. સુરક્ષા દળોએ યુનાઈટેડ સ્ટેટ્સ બનાવટની એસોલ્ટ રાઈફલ અને સાધનો અને લોજિસ્ટિક્સ સાથે ત્રણ લોહીથી લથપથ રકસેક પણ મેળવી હતી.

# કુસ્તી પછી હવે રાજકીય દંગલમાં પણ દબદબો, હરિયાણામાં પહેલી જ ચૂંટણી લડનાર મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટનો વિજય; ભાજપના યોગેશકુમારને આપી ધોબી પછાડ



(એજન્સી) ચંદીગઢ, તા.૮

વિખ્યાત મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટનો હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર વિજય થયો છે. પહેલી જ વાર ચૂંટણી લડી રહેલા વિનેશ ફોગાટે ભાજપના ઉમેદવાર યોગેશકુમારને ૬૦૦૦ મતોથી વધુની સરસાઈથી પરાજય આપ્યો હતો. આ રીતે વિનેશે પોતાના પહેલા જ રાજકીય જંગમાં પોતાના હરીફને ધોબી પછાડ આપી હતી અને ટીકાકારોના મોઢા બંધ કરી દીધા હતા. હરિયાણાના જુલાના મતવિસ્તારથી વિનેશ ફોગાટ ચૂંટણીના મેદાનમાં ઊભા રહ્યા હતા અને ભાજપના ઉમેદવારને હાર આપીને રાજકીય અપસેટ સર્જી દીધો હતો. કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેઓ ચૂંટણી લડી રહ્યા હતા. આ બેઠક પરના રાષ્ટ્રીય લોક દળના ઉમેદવાર સુરેન્દર લાથર ત્રીજા ક્રમે રહ્યા છે. જિંદ જિલ્લામાં આ બેઠકની ચૂંટણી સૌથી વધુ પ્રતિષ્ઠાભરી અને રોમાંચક બની રહી હતી કેમ કે ઓલમ્પિકના ફાઈનલમાં વજનના કારણે મેડલ ચૂકીને નિષ્ફળતા મેળવ્યા બાદ હતાશ થયા વિના વિનેશ ફોગાટે રાજકીય દંગલમાં જોરદાર દેખાવ કર્યો છે અને પોતાના હરીફને પછાડી દીધો છે. વિનેશને કુલ ૬૫,૦૮૦ મતો મળ્યા હતા જ્યારે એમના નજીકના હરીફ ભાજપના યોગેશકુમારને ૫૯,૦૬૫ મતો મળ્યા હતા આ રીતે વિનેશનો ૬,૦૧૫ મતોની સરસાઈથી વિજય થયો હતો. મત ગણતરી શરૂ થઈ ત્યારે શરૂઆતમાં આગળ રહેલા વિનેશે પછીના રાઉન્ડમાં પાછળ પડી ગયા હતા પણ છેવટે આખરી તબક્કામાં તેમણે ફરીથી સરસાઈ મેળવી હતી અને એ જ જાળવી રાખી હતી અને વિજય મેળવ્યો હતો. ૨૦૧૯ની ચૂંટણીઓમાં આ બેઠક પરથી જનનાયક જનતા પાર્ટીના અમરજીત ધાંદા વિજેતા થયા હતા ત્યારે એમના પક્ષનું ભાજપ સાથે જોડાણ હતું.

# જમ્મુ-કાશ્મીરમાં જનાદેશ સાથે છેડછાડ ન થવી જોઈએ : ઓમર અબ્દુલ્લાહ

(એજન્સી) તા.૮

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન સરકાર બનાવે તેવી શક્યતા છે. મંગળવારના વલણોમાં, ગઠબંધન ૯૦માંથી ૫૧ બેઠકો પર આગળ છે જ્યારે ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૬ બેઠકો પર આગળ છે.

ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ વલણો અનુસાર, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ બેઠકો પર આગળ છે, જ્યારે સ્વતંત્ર ઉમેદવારો સાત બેઠકો પર આગળ છે. વલણો અનુસાર, નેશનલ કોન્ફરન્સ (NC) ૪૧ બેઠકો પર આગળ છે જ્યારે તેની સહયોગી કોંગ્રેસ ૧૦ બેઠકો પર આગળ છે. વલણોમાં NC તેના હરીફો કરતાં આગળ હોવાથી પાર્ટીના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાહે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આદેશ



સાથે કોઈ "છેડછાડ" થવી જોઈએ નહીં. અબ્દુલ્લાહે અહીં પત્રકારોને કહ્યું, "પારદર્શિતા હોવી જોઈએ. જે પણ થાય તે પારદર્શક રીતે થવું જોઈએ. જનાદેશ સાથે કોઈ છેતરપિંડી ન થવી જોઈએ. જો જનાદેશ ભાજપની વિરૂદ્ધ હોય તો ભાજપે કોઈ જુગાડ કે અન્ય કોઈ યુક્તિ ન રમવી જોઈએ અને કેન્દ્રએ સંસદીય ચૂંટણીમાં જે રીતે અમે કર્યો હતો તે જ રીતે જનતાનો નિર્ણય સ્વીકારવો જોઈએ. રાજ્યમાં પોતપોતાની બેઠકો પરથી જીત મેળવનારા અગ્રણી ઉમેદવારોમાં ઓમર અબ્દુલ્લાહ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તારિક હમીદ કારા, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના જનરલ સેક્રેટરી ગુલામ અહેમદ મીર, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના નેતા એમવાય તારીગામી અને ભાજપના ભૂતપૂર્વ નેતાનો સમાવેશ થાય છે. એમ.વાય મંત્રીઓ શામ લાલ શર્મા અને દેવેન્દ્ર સિંહ રાણાનો સમાવેશ થાય છે. ભાજપના જમ્મુ અને કાશ્મીર એકમના વડા રવિન્દર રૈના નૌશેરા વિધાનસભા બેઠક પર પાછળ છે જ્યારે ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને કોંગ્રેસના ઉમેદવાર તારા ચંદ છમ્બ બેઠક પર તેમના પ્રતિસ્પર્ધીઓથી પાછળ છે.

## વિનેશ ફોગાટનું નામ આમાં જોડાઈ ગયું

# ભારતના ઈન્ટરનેશનલ ખેલાડી જે હાલ સાંસદ અથવા ધારાસભ્ય છે

નવી દિલ્હી, તા.૮

ભારતના ઘણા ઈન્ટરનેશનલ ખેલાડીઓએ રમતના મેદાનમાં દેશનું નામ રોશન કર્યા બાદ રાજકારણમાં ઝંપલાવ્યું છે. જેમાંથી ઘણા હાલ સાંસદ અથવા ધારાસભ્ય છે. વિનેશ ફોગાટનું નામ આમાં જોડાઈ ગયું છે. બિહારના જમુઈની ધારાસભ્ય શૂટર શ્રેયસીસિંહે પેરિસ ઓલિમ્પિકમાં હિસ્સો લીધો હતો. ભારતીય ક્રિકેટ ટીમ માટે રમી ચૂકેલા મનોજ તિવારી બંગાળમાં ધારાસભ્યની સાથે ખેલ મંત્રી પણ છે. ઝડપી બોલર અશોક ડિંડાએ મોયનાથી ભાજપની ટિકિટ પર ૨૦૨૧માં ધારાસભ્યની ચૂંટણી જીતી હતી. પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુસુફ પઠાણે તાજેતરમાં ટીએમસીની ટિકિટ પર લોકસભાની ચૂંટણી જીતી છે. ફૂટબોલર જેજે લાલપેખલુઆ જોરમ પીપલ્સ મૂવમેન્ટમાં સામેલ થયા અને ૨૦૨૩ મિઝોરમ વિધાનસભા ચૂંટણીમાં દક્ષિણ તુઈપુઈ ક્ષેત્રથી જીત મેળવી હતી. અર્જુન એવોર્ડ જીતી ચૂકેલા ફૂટબોલર પ્રસુન બેનરજી હાવડાથી ચાર વખત લોકસભા ચૂંટણી જીતી ચૂક્યા છે. ઓલિમ્પિક મેડલ જીતી ચૂકેલા શૂટર રાજવર્ધનસિંહ રાઠોડ રાજસ્થાનના જોતાવાડાના ધારાસભ્ય છે. ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓફ સ્પિનર હરભજનસિંહ આપના રાજ્યસભાના સાંસદ છે.

# પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનો પંજાબ યુનિવર્સિટીને મનસ્વી રીતે માર્ક્સ ઘટાડીને નાપાસ કરવા બદલ કાયદાના વિદ્યાર્થીને રૂા.૧ લાખ ચૂકવવાનો આદેશ

(એજન્સી) તા.૮

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે BA LLB ૬ઠ્ઠા સેમેસ્ટરના પેપરમાં કાયદાના વિદ્યાર્થીને 'ફેલ' જાહેર કરવા બદલ પંજાબ યુનિવર્સિટી પર ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. વિદ્યાર્થીની કારકિર્દી પર અસર કરી શકે તેવા મુદ્દાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, ન્યાયમૂર્તિ જસગુરપ્રીત સિંહ પુરીએ વાઈસ ચાન્સેલરને આ મુદ્દાની તપાસ કરવા અને બે મહિનાની અંદર સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો. કોર્ટે અવલોકન કર્યું કે, "પ્રતિવાદી-યુનિવર્સિટીની ખોટી કાર્યવાહીને કારણે અરજદારની કારકિર્દીને અસર થઈ હોવાથી, તે વળતરના સ્વરૂપમાં અનુકરણીય ખર્ચ માટે હકદાર છે જેનું મૂલ્યાંકન રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) તરીકે કરવામાં આવે છે જે પ્રતિવાદી-યુનિવર્સિટી દ્વારા અરજદારને આજથી બે મહિનાના સમયગાળામાં ચૂકવવામાં આવશે.". તેમાં ઉમેર્યું હતું કે યુનિવર્સિટી રકમ ચૂકવશે અને પછી વાઈસ ચાન્સેલર તે અધિકારીઓ પાસેથી વસૂલ કરવા માટે સ્વતંત્ર હશે જેઓ વિભાગની તપાસમાં દોષી સાબિત થઈ શકે છે. વિદ્યાર્થીએ પેપર 'જમીન કાયદો અને ભાડાના કાયદા'ના ડિસેમ્બર ૨૦૨૩માં જાહેર થયેલા પરિણામને પડકાર્યું હતું જેના માટે મે ૨૦૨૩માં ફરીથી પરીક્ષા લેવામાં આવી હતી. તે અગાઉ મે ૨૦૧૯ માં પરીક્ષા લેવામાં આવી ત્યારે પેપરમાં નાપાસ થયો હતો. જ્યારે વિદ્યાર્થીએ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક સત્રમાં પ્રવેશ લીધો હતો, ત્યારે ૬૦:૪૦ માર્ક્સનો માપદંડ-થિયરી પેપર માટે ૬૦ અને ઈન્ટરનલ એસેસમેન્ટ માટે ૪૦નો માપદંડ લાગુ હતો. જો કે, ડિસેમ્બર ૨૦૧૮થી૨૦૨૨માં નિયમોમાં સુધારો કરવામાં આવ્યો હતો અને થિયરી પેપર અને આંતરિક મૂલ્યાંકનનો ગુણોત્તર ૬૦:૪૦ થી ૮૦:૨૦ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ ઈન્ટરનલ એસેસમેન્ટ અને થિયરી પેપરમાં સંયુક્ત રીતે ૪૫ ટકા માર્ક્સ મેળવવા જરૂરી હતા. જ્યારે વિદ્યાર્થીએ મે ૨૦૨૩માં પરીક્ષા આપી ત્યારે તેને મહત્તમ ૮૦ માર્કસ સાથે પેપર આપવામાં આવ્યું હતું. તેણે ૫૪ અંક મેળવ્યા હતા અને આ રીતે તે સફળ રહ્યો હતો. જો કે, યુનિવર્સિટીએ વિદ્યાર્થીના માર્કસ ૮૦ માંથી ૫૪ માંથી ૬૦ માંથી ૪૧ સુધી ઘટાડવાની પ્રક્રિયા અપનાવી હતી. આ રીતે તેને નાપાસ જાહેર કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન, કોર્ટે યુનિવર્સિટીના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા અને પૂછ્યું કે શું કોઈ સૂચના અથવા કાયદાની જોગવાઈ છે જેના હેઠળ સ્કેલિંગ થયું છે. કોર્ટે કહ્યું, "તેઓએ આ કોર્ટને એક જ જવાબ આપ્યો છે કે તે ભૂતકાળની પ્રથા છે અને તેના આધારે, તેઓ કારકુન અને અધિક્ષક સ્તરે તેમના પોતાના ગુણના મૂલ્યાંકન માટેના માપદંડ/સૂત્રને રૂપાંતરિત કરી રહ્યા છે. સૂચનાઓ અથવા યુનિવર્સિટીના કાયદાની કોઈપણ જોગવાઈ એ હકીકત હોવા છતાં કે અરજદારને એક પરીક્ષા પેપર આપવામાં આવ્યું હતું જેમાં ઉપરોક્ત પુનઃઉત્પાદિત મહત્તમ ગુણ ૮૦ હતા," યુનિવર્સિટીએ પણ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું હતું કે વિદ્યાર્થી શૈક્ષણિક સત્ર ૨૦૧૬ નો હતો પરંતુ મે ૨૦૨૩માં હાજર થયો હતો, તેથી તેને ૬૦:૪૦ ને બદલે ૮૦:૨૦ના રેશિયોનું પેપર આપવામાં આવ્યું હતું અને આ રીતે તેના ગુણ પ્રમાણસર ઘટાડી દેવામાં આવ્યા હતા. જો કે, કોર્ટે તર્ક વિકૃત અને સંપૂર્ણપણે બિનટકાઉ હોવાનું જણાયું હતું. "જ્યારે કોઈ વિદ્યાર્થીને તેના પરીક્ષાના પેપરમાં મહત્તમ ૮૦ માર્ક્સ આપવામાં આવ્યા હોય અને તે ૫૪ માર્કસ મેળવીને પરીક્ષા પાસ કરે છે, તો જો યુનિવર્સિટીને પ્રમાણસર ધોરણે માર્કસ ઘટાડવા અને ઘટાડવાની જરૂર હોય તો તે જ અપનાવીને કરવું પડશે. કોઈપણ કાયદા હેઠળ સૂચિત કોઈપણ ફોર્મ્યુલા. રેકોર્ડ પર કંઈ નથી કે તે કોર્ટને બતાવવામાં આવ્યું નથી અને તેના બદલે કોર્ટમાં હાજર રહેલા અધિકારીઓ અને પ્રતિવાદી-યુનિવર્સિટીના વિદ્વાન વકીલ દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે ત્યાં કોઈ ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી નથી અને કોઈ કાયદો અથવા સ્ત્રોત નથી જે સત્તા દ્વારા યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા આવી સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેણે ઉમેર્યું હતું કે નિર્ણય ધૂન અને ફેન્સી પર આધારિત હતો જેની અસર





વિદ્યાર્થીની કારકિર્દી પર પડી હતી. તે માત્ર ગેરકાયદેસર અને વિકૃત ન હતું પરંતુ આ કોર્ટ દ્વારા તેનું અવમૂલ્યન પણ કરવામાં આવ્યું છે. સિંગલ જજે કહ્યું, 'જો એવો કિસ્સો હોત કે માર્કસ ઘટાડવા અથવા ઘટાડવાના હેતુસર કાયદાની કોઈ જોગવાઈ હતી જે તે વિદ્યાર્થીઓને લાગુ પડે જેઓ યુનિવર્સિટીના જૂના નિયમો દ્વારા સંચાલિત થાય છે, તો પરિસ્થિતિ કંઈક અલગ હોત પરંતુ કોઈપણ સત્તા અથવા કાયદાની કોઈપણ સત્તાની ગેરહાજરીમાં કવાયત કોઈપણ માર્ગદર્શિકા અથવા કોઈપણ નિયમો અને નિયમો વિના કારકુની સ્ટાફ દ્વારા મનસ્વી રીતે હાથ ધરવામાં આવી છે. કોર્ટે ભૂતકાળની પ્રેક્ટિસની દલીલને પણ નકારી કાઢી હતી અને કહ્યું હતું કે કાયદાની કોઈપણ જોગવાઈ દ્વારા તેને સમર્થન નથી. ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું કે, 'જો પ્રતિવાદી-યુનિવર્સિટી દ્વારા ભૂલો અથવા ગેરકાયદેસર ક્રિયાઓ કરવામાં આવી હોય, તો તે વર્તમાન કેસમાં લાગુ કરી શકાતી નથી કારણ કે તે ભૂતકાળની પ્રથા છે. પ્રતિવાદી-યુનિવર્સિટી હંમેશા તેના અધિકારોની અંદર હોય છે કે જેમાં વર્તમાન કેસમાં ગેરહાજર હોય તેવી સમાનતા અથવા ગુણોના પ્રમાણસર વિતરણના હેતુ માટે સત્તાનો ઉપયોગ કરવા માટે કાયદાનું બળ ધરાવતી કોઈપણ જોગવાઈ સામેલ કરવામાં આવે. જો કે, તે ફક્ત દાખલાઓના આધારે કરી શકાતું નથી જે આખરે તેમના પોતાના વિદ્યાર્થીઓના અધિકારોને વંચિત કરે છે,". કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને યુનીવર્સિટી સ્ટાફના તર્કો કે વિતર્કો પર ન છોડી દેવા જોઈએ જે મનસ્વી રીતે પોતાનો કાયદો બનાવે છે. કોર્ટે ઉમેર્યું કે, 'કાયદાનું શાસન દરેક સંજોગોમાં હોવું જોઈએ. ભારતીય કાનૂની પ્રણાલીમાં ઓસ્ટિન દ્વારા પ્રતિપાદિત કરાયેલ જૂના વિશ્લેષણાત્મક શાળામાં જણાવ્યું હતું કે કાયદો એ સાર્વભૌમનો આદેશ છે, તે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી ભારતીય કાનૂની પ્રણાલી પર લાગુ થશે નહીં. ભારતીય કાનૂની વ્યવસ્થા કાયદાના શાસન દ્વારા સંચાલિત થાય છે જેમાં ભારતનું બંધારણ સર્વોચ્ચ છે. ખાસ કરીને, જાણીતી પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે ઓળખાતી શૈક્ષણિક સંસ્થાના વહીવટી કર્મચારીઓના મનસ્વી તર્ક-વિતર્કો પર વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર કરી શકાતો નથી. માર્કસ ઘટાડવાની અસરએ અરજદારની કારકિર્દીને ગંભીર રીતે જોખમમાં મૂક્યું છે અને આ અદાલત આવી પ્રથાને ક્યારેય મંજૂર કરશે નહીં જે કોઈપણ કાયદા દ્વારા સમર્થિત નથી,". કોર્ટે એમ પણ કહ્યું હતું કે યુનિવર્સિટી સારી રીતે જાણે છે કે વિદ્યાર્થીને ૬૦ માર્કસનું થિયરી પેપર આપવામાં આવવું જોઈએ પરંતુ તેના બદલે તેના પોતાના વર્કલોડને ટાળવા માટે તેને ૮૦ માર્કનું પેપર આપવામાં આવ્યું હતું. "પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે અરજદારના માર્કસ ૫૪થી ઘટાડીને ૪૧ કરવામાં આવ્યા હતા જેના પરિણામે ૪૫% કરતા ઓછા માર્કસ આવ્યા હતા અને અરજદાર નાપાસ થયા હતા. પરીક્ષા શાખાના વહીવટી કર્મચારીઓ દ્વારા આ પ્રકારનું સ્કેલિંગ કાયદાની કોઈપણ જોગવાઈ અથવા સત્તા વિના હતું," કોર્ટે કહ્યું કે તેણે પરિણામને રદ કરી દીધું છે અને યુનિવર્સિટીને વિદ્યાર્થીને ડિગ્રી આપવાની પ્રક્રિયા કરવા કહ્યું.

**વિશાલ ગુપ્તા, અરજદાર તરફથી એડવોકેટ.**
**અક્ષય કુમાર ગોયલ, પ્રતિવાદીઓ માટે એડવોકેટ.**
**શીર્ષક : રોહન રાણા વિ. પંજાબ યુનિવર્સિટી અને અન્ય**

# સુભાષ વેલિંગકર દ્વારા સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણીથી ગોવામાં વિરોધ

## આવા ઉશ્કેરણીજનક નિવેદનો ગોવાના વિવિધ સમુદાયોની સંવાદિતાને જોખમમાં મૂકે છે, લોકો વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે અને જવાબદારી નક્કી કરવા અને ધરપકડની માંગ કરે છે; ચર્ચે RSSના પૂર્વ વડા દ્વારા કરવામાં આવેલા નિવેદનની નિંદા કરી છે અને શાંતિ માટે હાકલ કરી છે

(એજન્સી) તા.૮

છેલ્લા કેટલાક દિવસોમાં ગોવામાં રાજ્યની રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) શાખાના પૂર્વ વડા સુભાષ વેલિંગકર દ્વારા કરવામાં આવેલી ઉશ્કેરણીજનક ટિપ્પણીને પગલે તણાવ વધ્યો છે. ગોવાના આદરણીય સંત સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના અવશેષોના 'ડીએનએ પરીક્ષણ' માટે વેલિંગકરના આહ્વાનના જવાબમાં આ વિવાદ થયો હતો. વેલિંગકરની આ ટિપ્પણીએ છેલ્લા ત્રણ દિવસમાં ખ્રિસ્તી સમુદાયમાં વ્યાપક આક્રોશ ફેલાવ્યો હતો. તેમની ટિપ્પણીઓ પછી ધાર્મિક લાગણીઓ ભડકાવવા માટે તેમની સામે નોંધાયેલી બહુવિધ ફરિયાદો અને એફઆઈઆર સહિત પોલીસ કાર્યવાહી પણ કરવામાં આવી હતી. સ્થાનિક સત્તાવાળાઓએ વેલિંગકરને પકડવાના પ્રયાસો તેજ કર્યા છે, જે હાલમાં ફરાર છે. ખ્રિસ્તી સમુદાયના પ્રદર્શનકારીઓ, વિરોધ પક્ષોના રાજકીય નેતાઓ, મારગાઓ, પણજી, ઓલ્ડ ગોવા, કાનાકોના, અંજુના અને પોંડા જેવા સ્થળોએ પોલીસ સ્ટેશનોની બહાર ભેગા થયા હતા અને વેલિંગકરની તાત્કાલિક ધરપકડની માંગ કરી હતી. વિરોધીઓએ સંતના અવશેષો પર 'ડીએનએ પરીક્ષણ' માટેની તેમની ટિપ્પણી પર તેમનો આક્રોશ વ્યક્ત કર્યો છે.

**૧. પણજી :** વેલિંગકરની ધરપકડની માંગણી સાથે તલેઈગાઓ, કારાંઝાલેમ, પણજી, સેન્ટ ક્રુઝ અને મર્સીસના ખ્રિસ્તી સમુદાયના સભ્યોએ રવિવારે સવારે પણજી પોલીસ સ્ટેશન તરફ કૂચ કરી હતી. તેઓએ આ નિવેદનો પર પોતાનો આક્રોશ વ્યક્ત કરીને સ્ટેશનની બહાર સ્તોત્રો ગાયા અને પ્રાર્થના કરી. ધ ગોઆનના અહેવાલ મુજબ, પ્રદર્શનકારીઓ પણજી પોલીસ સ્ટેશનમાં વેલિંગકર વિરૂદ્ધ કાર્યવાહીની માંગ સાથે મેમોરેન્ડમ આપવા માટે એકઠા થયા હતા.

**૨. મારગાવ :** માર્ગોનાં જૂના બજાર વિસ્તારમાં પોલીસ તૈનાત કરવામાં આવી હતી. શનિવારની મોડી રાત્રે તણાવ વધી ગયો જ્યારે પોલીસે વિરોધીઓને વિખેરવા માટે લાઠીનો ઉપયોગ કર્યો, જેના પરિણામે અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે દેખાવકારોના જૂથ પર લાઠીચાર્જ કર્યો અને વેલિંગકરની ધરપકડની માંગણી સાથે રાષ્ટ્રીય ધોરીમાર્ગને અવરોધિત કરનારા પાંચ લોકોની અટકાયત કરી. વિરોધ પ્રદર્શનને કારણે અથડામણ થઈ હતી, જેમાં કેટલાક પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા.

**૩. વાગેટર :** વાગાટોરમાં સ્થાનિક લોકોએ વેલિંગકરની ધરપકડની માંગમાં ટાયર અને અન્ય સામગ્રી સળગાવવામાં આવી અને વાગાટોર-અંજુના માર્ગને અવરોધિત કર્યો હતો. સ્થિતિ હિંસક ત્યારે બની હતી જ્યારે મારગાઓમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા ફોટોગ્રાફર પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો, જ્યાં ઘણા પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.

**૪. વાલ્પોઈ:** વાલ્પોઈમાં ડઝનેક લોકોએ પોલીસ સ્ટેશન તરફ કૂચ કરી અને આગ્રહ કર્યો કે જ્યાં સુધી સરકાર વેલિંગકર સામે પગલાં નહીં લે ત્યાં સુધી આ વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે. સ્થાનિક રાજકીય નેતાઓ અને નાગરિકોએ આક્રોશ વ્યક્ત કર્યો અને ૧૦૦થી વધુ વિરોધીઓની ભીડ વાલપોઈ પોલીસ સ્ટેશનની બહાર એકઠી થઈ હતી. તેઓએ પોલીસ ઈન્સ્પેક્ટર વિદેશ શિરોડકરને એક મેમોરેન્ડમ સુપરત કર્યું, જેમાં વેલિંગકર સામે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી હતી. વાલ્પોઈ ચર્ચના રોબર્ટ ફર્નાન્ડિસે જણાવ્યું હતું કે વેલિંગકરની ટિપ્પણીએ માત્ર કેથોલિક સમુદાયને જ નુકસાન પહોંચાડ્યું નથી પરંતુ આ પ્રદેશના એકંદર શાંતિપૂર્ણ વાતાવરણને પણ ખલેલ પહોંચાડી છે. સુભાષ વેલિંગકર આવી અયોગ્ય ટિપ્પણીઓ માટે કુખ્યાત વ્યક્તિ છે, તેઓએ ગોવા ખ્રિસ્તી ઈતિહાસમાં અત્યંત આદરણીય વ્યક્તિ, સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર વિશેની તેમની તાજેતરની ટિપ્પણીઓથી ફરી એકવાર વિવાદમ આવ્યા છે. સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરના 'ડીએનએ'એ ગોવાના સમાજ પર નકારાત્મક અસર કરી હોવાના તેમના તાજેતરના નિવેદનને માત્ર ઉશ્કેરણીજનક તરીકે દર્શાવી શકાય નહીં પણ ગોવામાં વિવિધ ધાર્મિક સમુદાયોના શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને નબળી પાડવાના જોખમી પ્રયાસનું સૂચક પણ છે. આવી વિભાજનકારી ભાષા ગોવાની ભાવનાને જોખમમાં મૂકે છે. વેલિંગકરની ટિપ્પણી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુથી ઉશ્કેરણીજનક નિવેદનોની વ્યાપક પેટર્નનો ભાગ છે. ૨૦૨૨માં ગોવાના પૂર્વ પ્રધાન ફ્રાન્સિસ્કો મિક્કી પાચેકોએ સુભાષ વેલિંગકર વિરૂદ્ધ અપમાનજનક ભાષણ આપવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેમાં વેલિંગકરે કહ્યું હતું કે "સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરને ગોવાના સંત તરીકે માન આપવું જોઈએ નહીં, કારણ કે તેઓ અત્યાચારમાં સામેલ હતા અને ભગવાન પરશુરામ વાસ્તવિક "ગોએન્ચો સાયબ" (ગોવાના આશ્રયદાતા સંત) હતા. ત્યારે પણ તેમની ટિપ્પણીને કારણે વ્યાપક વિરોધ અને નિંદા થઈ હતી. ઈરાદાપૂર્વક અને કટ્ટર ટિપ્પણીઓ નોંધપાત્ર ચિંતા પેદા કરે છે. આ માત્ર ખ્રિસ્તી સમુદાયનું અપમાન જ નહીં પરંતુ ગોવા સમાજની લાક્ષણિકતા ધરાવતી કાયમી એકતાનું પણ અપમાન છે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે લોકોને આશ્વાસન આપતાં શાંત રહેવાની અપીલ કરી છે અને કહ્યું છે કે કાયદો તેનો માર્ગ અપનાવશે.

તેમણે પુનરોચ્ચાર કર્યો કે વેલિંગકર પર પણ એવી જ કાર્યવાહી કરવામાં આવશે જે રીતે ફાધર બોલમેક્સ પરેરાના કિસ્સામાં કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ વિરોધ વચ્ચે બિચોલિમ પોલીસે વેલિંગકરને પૂછપરછ માટે હાજર રહેવા નોટિસ જારી કરી હતી. ૪ ઓક્ટોબરની મોડી રાત્રે તેમના પણજીમાં રહેઠાણની શોધ કરવામાં આવી હતી, પરંતુ આરોપી ફરાર છે. મીડિયા અહેવાલો અનુસાર, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ



વિસ્તારોમાં નોંધપાત્ર પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. પૂર્વ PWD પ્રધાન ચર્ચિલ અલેમાઓએ મુખ્ય પ્રધાન સાવંતની ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે વેલિંગકરની ટિપ્પણીથી કોઈપણ અશાંતિ માટે તેમને જવાબદાર ગણવામાં આવશે. અલેમાઓએ માગણી કરી હતી કે મુખ્યમંત્રી કાં તો વેલિંગકરની ધરપકડ કરે અથવા કાયદો-વ્યવસ્થાના કોઈપણ મુદ્દાઓ માટે પોતે જવાબદારી સ્વીકારે. ચર્ચિલે જણાવ્યું હતું કે વેલિંગકરના નિવેદનોથી ખ્રિસ્તીઓ અને હિન્દુઓ સહિત સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરની પૂજા કરનારા તમામની લાગણીઓને ઠેસ પહોંચી છે. જ્યાં સુધી સરકાર તેમની સામે યોગ્ય પગલાં નહીં લે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. ઑકટોબર ૫ના રોજ સાંજે પ્રકાશિત એક નિવેદનમાં કાઉન્સિલ ફોર સોશિયલ જસ્ટિસ એન્ડ પીસ (CSJP)ના એક્ઝિક્યુટિવ સેક્રેટરી સેવિયો ફર્નાન્ડિસે સુભાષ વેલિંગકર દ્વારા કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીની નિંદા કરી. ગોઆન કેથોલિક સમુદાયે વેલિંગકરની ટિપ્પણીઓ પર ચિંતા વ્યક્ત કરી હતી અને સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરનું સન્માન કરનારા અન્ય ધર્મના ઘણા લોકો પણ નારાજ થયા છે. ગોવા ચર્ચની સામાજિક કાર્ય શાખા CSJPએ શાંતિ અને સાંપ્રદાયિક સંવાદિતા જાળવવા માટે વિરોધીઓને સંયમ રાખવા વિનંતી કરી છે. તેઓએ સરકારી સત્તાવાળાઓને વેલિંગકર સામે કડક કાર્યવાહી કરવા હાકલ કરી હતી કારણ કે તેઓ ઈરાદાપૂર્વક એક સમુદાયને બીજા સમુદાયની વિરૂદ્ધ ઉભો કરીને સાંપ્રદાયિક સંવાદિતાને ભંગ કરવાનો પ્રયાસ કરે છે. ફાધર ફર્નાન્ડિસે ગોવાના જરૂરી મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડ્યો, જેમ કે પર્યાવરણીય ચિંતાઓ અને વસ્તી વિષયક ફેરફારો, જેના પર સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. તેમણે નાગરિકોને વેલિંગકરની ટીપ્પણીઓથી દૂર રહેવા અને આ મહત્ત્વપૂર્ણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી હતી. આમ આદમી પાર્ટી (AAP), કોંગ્રેસ અને અન્ય કેટલાક પક્ષોના નેતાઓએ સુભાષ વેલિંગકર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને આ આંદોલનમાં ભાગ લીધો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ક્રુઝ સિલ્વા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદને કારણે સમગ્ર ગોવામાં વિરોધને નોંધપાત્ર રીતે વેગ મળ્યો હતો, સિલ્વાએ વેલિંગકર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હાકલ કરી અને જણાવ્યું કે અપમાનજનક ટિપ્પણીઓ ઉશ્કેરણીજનક અને સાંપ્રદાયિક સૌહાર્દ માટે હાનિકારક છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રાજ્યના સંત સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર વિશે વેલિંગકરની ટિપ્પણીને કારણે સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (BJP) પર ગોવામાં જાણી જોઈને સાંપ્રદાયિક તણાવ ભડકાવવાનો આરોપ લગાવ્યો છે. X પરની એક પોસ્ટમાં ગાંધીએ જણાવ્યું હતું કે, ગોવાની અપીલ તેની પ્રાકૃતિક સુંદરતા અને તેના વૈવિધ્યસભર અને સુમેળભર્યા લોકોની હૂંફ અને આતિથ્યમાં રહેલી છે. કમનસીબે, ભાજપના શાસનમાં આ સંવાદિતા પર હુમલો થઈ રહ્યો છે. ભારતભરમાં સંઘ પરિવાર દ્વારા આવી સમાન પ્રકારની ક્રિયાઓ મુક્તિ સાથે ચાલુ છે, જેને ઉચ્ચ સ્તરેથી સમર્થન મળે છે. તેમણે ગોવામાં ભાજપની વ્યૂહરચનાની ટીકા કરી અને જણાવ્યું હતું કે તે ગેરકાયદેસર રીતે હરિયાળી જમીનનું રૂપાંતર કરીને અને પર્યાવરણીય નિયમોની અવગણના કરીને પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોનું શોષણ કરીને વસ્તીને વિભાજિત કરવાનો પ્રયાસ કરે છે. ૪ ઑકટોબરની રાત્રે, ઉત્તર ગોવા પોલીસની બિચોલિમ પોલીસે વેલિંગકર પર 'સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર વિરૂદ્ધ અપમાનજનક ભાષણ'ના કારણે 'ધાર્મિક લાગણીઓ ભડકાવવા અને ધાર્મિક માન્યતાઓનું અપમાન' કરવા બદલ કેસ નોંધ્યો હતો. એ નોંધવું મહત્ત્વપૂર્ણ છે કે વેલિંગકરે તપાસ માટે હાજર થવા માટે બિચોલિમ પોલીસ દ્વારા બે નોટિસો ટાળ્યા પછી ધરપકડ રોકવા માટે આગોતરા જામીન માટે અરજી કરી હતી. ૬ ઓકટોબરના રોજ એક નિવેદનમાં ગોવા પોલીસે જાહેરાત કરી હતી કે વેલિંગકરને શોધવા માટે સમગ્ર ગોવા અને મહારાષ્ટ્રમાં અનેક દરોડા પાડવામાં આવ્યા હતા, જે હાલમાં 'ફરાર' છે. પોલીસે મારગાવમાં ફાટોરડા પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને અવરોધવા બદલ દેખાવકારો વિરૂદ્ધ FIR નોંધી છે.

# વિવાદાસ્પદ મહંત નરસિંહાનંદ : ગાઝિયાબાદમાં FIR, શાહીનબાગમાં ફોજદારી ફરિયાદ છતાં ઝઘડાખોર મહંત છૂટથી હરે ફરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ઈસ્લામ ધર્મના સ્થાપક પવિત્ર પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ તેમજ પવિત્ર કુર્આન ધર્મગ્રંથ સામે અપમાનજનક ઉચ્ચારણો કરનાર મહંત યતિ નરસિંહાનંદ સામે ગાઝિયાબાદમાં FIR થઈ છે અને શાહીનબાગમાં પોલીસ સમક્ષ ફોજદારી ફરિયાદ કરવામાં આવી છે, છતાં શાહીબાગ પોલીસે પણ હજી FIR દાખલ કરી નથી અને મહંત આટલી ફરિયાદો પછી પણ છૂટથી હરે ફરે છે.

આશ્ચર્ય એ વાતનો છે કે, હજી સુધી પોલીસે મહંતની ધરપકડ કરી નથી અને પૂછપરછ પણ કરી નથી. પોલીસ એવું કહેતી રહે છે કે, તપાસ ચાલુ છે. મહંતનું વીડિયો ભાષણ જોયા પછી અને યોગ્ય તપાસ બાદ ધરપકડ કે, અટકાયતના પગલાં લેવાશે. દરમિયાન મહંતે પોતાના છૂપાસ્થાનેથી મીડિયા સમક્ષ એવો ખુલાસો કર્યો છે કે, કોઈની લાગણી દુભાય એવા કોઈ અયોગ્ય વિધાનો કે, ઉચ્ચારણો કર્યા નથી છતાં જરૂર પડે તો મારા નિવેદનો વાજબી દર્શાવા હું કોર્ટમાં ખુલાસો કરીશ.

ગાઝિયાબાદમાં એડવોકેટ ફરીદખાન, એડવોકેટ શેખ ઈમરાન, અબ્દુસ્સમદ તથા વારીસ હુસેન વગેરે નાગરિકોએ મહંત સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં રજૂઆત કરવામાં આવી છે કે, મહંતે કોમી દુશ્મનાવટ જગાવવા અને હિંસા જગાવવા નિવેદનો આપ્યા છે અને ધાકધમકીઓ આપીને જે વિધાનો કર્યા છે એ દેશની એકતા માટે હાનિકારક છે. તેણે જાણીજોઈને મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે અને હિન્દુ-મુસ્લિમો વચ્ચે દુશ્મની ભડકાવવાનો પ્રયાસ કર્યો છે. ઈસ્લામ તથા એમના સ્થાપક અને પવિત્ર ધર્મગ્રંથ માટે અપમાનજનક ટિપ્પણીઓ કરીને એ બધા વીડિયો જાણીજોઈને વાયરલ કરવામાં આવ્યા છે.

# હરિયાણામાં લોકશાહી હારી છે અને સત્તાતંત્ર જીતી ગયું છે : કોંગ્રેસ

## કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું : રાજ્યના ચૂંટણીના પરિણામો બિલકુલ અણધાર્યા, એકદમ આશ્ચર્યજનક અને કલ્પનાથી વિપરીત

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો સ્વીકારવાનો કોંગ્રેસે ઈન્કાર કર્યો છે અને એવી પ્રતિક્રિયા આપી છે કે, મતગણતરીની આખી પ્રક્રિયાની નિષ્ઠા તેમજ કેટલાક જિલ્લાઓમાં EVMની કામગીરી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે અને અમે ચૂંટણી પંચને રજૂઆતો કરીશું. કોંગ્રેસના સંદેશા વ્યવહાર ઈન્ચાર્જ જયરામ રમેશે મીડિયા સમક્ષ કહ્યું હતું કે, મોટું ષડયંત્ર રચાયું હતું જેના કારણે હરિયાણામાં લોકશાહી હારી છે અને સત્તાતંત્ર જીતી ગયું છે. અમારા ઉમેદવારોએ ગંભીર મુદ્દા ઉઠાવ્યા છે, અમે ચૂંટણી પંચને રજૂઆત કરવાના છીએ. જયરામ રમેશ અને પવન ખેરાએ મીડિયાને કહ્યું હતું કે, હરિયાણામાં આજે જે જોયું એ ગેરરીતિઓનો વિજય છે અને પ્રજાની ઈચ્છાથી વિરૂદ્ધ કામ થયું છે. પારદર્શક લોકશાહી પ્રક્રિયાની હાર થઈ છે પણ આ પ્રકરણ અહીં પૂરૂં નહીં થાય, આગળ ચાલશે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, હરિયાણાના પરિણામો બિલકુલ અણધાર્યા છે અને એકદમ આશ્ચર્યજનક તથા કલ્પનાથી વિપરીત છે જે વાસ્તવિક પરિસ્થિતિ હતી તેનાથી ઉલ્ટા પરિણામો છે. કેમ કે, હરિયાણાની જનતાએ પરિવર્તન માટે મન બનાવી લીધું હતું. ખેરાએ આક્ષેપ કર્યો કે, અમને હિસાર, મહેન્દ્રગઢ તથા પાણીપત જેવા અનેક વિસ્તારોમાંથી EVMમાં ગરબડની ફરિયાદો મળી હતી. જે EVMમાં ૯૯ ટકા બેટરીઓ ચાલુ હતી ત્યાં ભાજપનો વિજય થયો જ્યારે ૬૦-૭૦ ટકા બેટરી યુનિટ જ્યાં ચાલુ હતા ત્યાં કોંગ્રેસ જીતી છે. શું આ કાવતરૂં નથી ? એટલે જ હરિયાણામાં લોકતંત્રની હાર થઈ છે અને સત્તાતંત્રની જીત થઈ છે. અમે ચૂંટણી પંચનું ધ્યાન દોર્યું તો જે જવાબ મળ્યો તેનો પણ અમે જવાબ આપ્યો છે. EVM ગરબડની બીજી વિગતો અમે એકઠી કરી રહ્યા છીએ અને તમામ વિગતો ચૂંટણી પંચ સમક્ષ આવતીકાલે અથવા પરમદિવસે રજૂ કરવામાં આવશે. જે સંજોગો જોવા મળ્યા છે એ મુજબ અમે પરિણામો સ્વીકારવા તૈયાર નથી.

# 'વિકાસની ગેરંટીનો જૂઠાણા પર વિજય થયો છે' : ભાજપની હરિયાણા જીત પર મોદીનું નિવેદન : ટોચના ૧૦ અવતરણો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે, તે ભારતીય સમાજને નબળો પાડીને અને ભારતમાં અરાજકતા ફેલાવીને દેશને કમજોર કરવા માંગે છે

(એજન્સી) તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના પ્રદર્શનની પ્રશંસા કરી હતી.

આજે નવરાત્રિનો છઠ્ઠો દિવસ, મા કાત્યાયનીનો દિવસ છે. મા કાત્યાયની હાથમાં કમળ લઈને સિંહ પર બેઠી છે. તે આપણા બધાને આશીર્વાદ આપે છે. આવા પવિત્ર દિવસે હરિયાણામાં ત્રીજી વખત કમળ ખીલ્યું છે.

**બીજેપી હેડક્વાર્ટર ખાતે વડાપ્રધાન મોદીના ભાષણના ટોચના અવતરણો અહીં છે :-**

૧. રાજ્ય અને કેન્દ્રીય નેતૃત્વની પ્રશંસા કરતા વડાપ્રધાને કહ્યું, હરિયાણાની આ જીત કાર્યકર્તાઓની અપાર મહેનતનું પરિણામ છે. હરિયાણાની આ જીત નડ્ડાજી અને હરિયાણાની ટીમના પ્રયાસોની જીત છે. હરિયાણાની જીત પણ આપણા નમ્ર મુખ્યમંત્રીની ફરજની જીત છે.

૨. કોંગ્રેસ પર તેમનો હુમલો ચાલુ રાખતા મોદીએ કહ્યું કે, છેલ્લી વખત ક્યારે કોંગ્રેસની સરકાર સત્તા જાળવી રાખી હતી ? લગભગ ૧૩ વર્ષ પહેલા ૨૦૧૧માં તેમની સરકારે આસામમાં સત્તા જાળવી રાખી હતી. જેને પગલે લોકોએ કોંગ્રેસને ક્યારેય સત્તા આપી નથી.

૩. હરિયાણામાં બીજેપીની ત્રીજી ટર્મ પર પીએમ મોદીએ કહ્યું, હરિયાણામાં અત્યાર સુધી ૧૩ ચૂંટણી થઈ છે, જેમાંથી ૧૦ ચૂંટણીમાં હરિયાણાની જનતાએ સરકાર બદલી છે, પરંતુ આ વખતે હરિયાણાની જનતા પાસે શું છે ? આવું પહેલા ક્યારેય થયું ન હતું, હરિયાણામાં પાંચ વર્ષની બે ટર્મ પૂરી કરીને પહેલીવાર સરકાર બની છે.

૪. વડાપ્રધાન મોદીએ દેશ પર દેશને કમજોર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસ ભારતીય સમાજને નબળો પાડીને અને ભારતમાં અરાજકતા ફેલાવીને દેશને નબળો પાડવા માંગે છે, તેથી જ તેઓ વિવિધ વર્ગોને ભડકાવી રહ્યા છે. તેઓ સતત આગ પ્રજ્વલિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

૫. કોંગ્રેસ પર ખેડૂતોને ઉશ્કેરવાનો આરોપ લગાવતા મોદીએ કહ્યું, દેશે જોયું કે કેવી રીતે ખેડૂતોને ઉશ્કેરવાના પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ હરિયાણાના ખેડૂતોએ તેમને જડબાતોડ જવાબ આપ્યો કે, તેઓ દેશ સાથે છે, તેઓ ભાજપ સાથે છે. દલિતો અને ઓબીસીને ભડકાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ આ સમાજે પણ આ ષડ્યંત્રને ઓળખી લીધું અને કહ્યું કે, તેઓ દેશ સાથે છે, તેઓ ભાજપ સાથે છે.

૬. વડાપ્રધાને કોંગ્રેસ પર ભારતને નિશાન બનાવવાના કાવતરાનો આરોપ લગાવ્યો. છેલ્લા કેટલાક સમયથી ભારત વિરુદ્ધ ઘણા ષડ્યંત્ર રચવામાં આવી રહ્યા છે. ભારતના લોકતંત્ર અને સામાજિક માળખાને નબળું પાડવા માટે અનેક ષડ્યંત્ર રચવામાં આવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ષડ્યંત્ર રચવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો અને તેમના સાથી પક્ષો આ રમતમાં સામેલ છે.

૭. પીએમ મોદીએ ઉમેર્યું કે, આજે હરિયાણાએ આવા દરેક ષડ્યંત્રનો જડબાતોડ જવાબ આપ્યો છે. દરેક ભારતીયે પ્રતિજ્ઞા લેવી પડશે કે અમે આવા કોઈ ષડ્યંત્રને સફળ થવા દઈશું નહીં. ભારત વિકાસના માર્ગથી હટશે નહીં.

૮. પીએમ મોદીએ જમ્મુ અને કાશ્મીર ચૂંટણીમાં બીજેપીના પ્રદર્શનની પ્રશંસા કરી. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ ચૂંટણીઓ યોજાઈ, મતોની ગણતરી થઈ અને પરિણામો જાહેર થયા અને આ ભારતીય બંધારણ અને લોકશાહીની જીત છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ એનસી ગઠબંધનને જનાદેશ આપ્યો, હું તેમને પણ અભિનંદન આપું છું. જો વોટ શેરની ટકાવારી જોઈએ તો જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે.

૯. કોંગ્રેસે દલિતો અને પછાત લોકો પર ઘણા અત્યાચારો કર્યા છે. દાયકાઓ સુધી, તેઓ (દલિતો અને પછાત) 'રોટી, પાણી અને મકાન'થી વંચિત હતા. કોંગ્રેસ ક્યારેય દલિત અથવા પછાતને ભારતના વડાપ્રધાન બનવા દેશે નહીં કારણ કે, કોંગ્રેસનો પરિવાર દલિતો, પછાત અને આદિવાસીઓને ધિક્કારે છે.

૧૦. કોંગ્રેસ ભારતની સંસ્થાઓને બદનામ કરવાનો અને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે.

# કોંગ્રેસે હરિયાણાના ચૂંટણી પરિણામોમાં કથિત વિલંબને લઈને 'પ્રતિકૂળ' પ્રતિભાવ માટે ચૂંટણી પંચની ટીકા કરી

## જયરામ રમેશે વિલંબિત મત અપડેટ્સ પરના વિવાદ વચ્ચે EC પર તથ્યોને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ મૂક્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

હરિયાણા ચૂંટણી પરિણામોના અપડેટિંગને ધીમું કરવા અંગેના આક્ષેપોને ફગાવી દીધા પછી ચૂંટણી પંચ પર વળતો પ્રહાર કરતા કોંગ્રેસે મંગળવારે જણાવ્યું હતું કે, ચૂંટણી નિરીક્ષકનો જવાબ વાતચીતના સ્તરને 'અસ્વીકાર્ય નીચા' સુધી પહોંચાડે છે અને તે નિર્ણાયક તથ્યોને ખોટી રીતે રજૂ કરે છે.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે આયોગને સખત શબ્દોમાં જવાબ આપ્યો હતો જ્યારે ચૂંટણી સત્તાવાળાએ તેમને કહ્યું હતું કે, હરિયાણા ચૂંટણી પરિણામોના અપડેટમાં ધીમી ગતિના તેમના અયોગ્ય આરોપને સમર્થન આપવા માટે રેકોર્ડ પર કંઈ નથી. પોલ પેનલે તેમના આરોપોને બેજવાબદાર, પાયાવિહોણા અને અસમર્થિત કહ્યા હતા. ECને જવાબ આપતા પત્રમાં રમેશે કહ્યું કે, અમને તમારો પ્રતિસાદ મળ્યો છે અને પત્રમાં લેવામાં આવેલા રક્ષણાત્મક સ્વરથી અમે ગભરાયેલા છીએ. આ જવાબ સ્વભાવમાં સંપૂર્ણપણે પ્રતિકૂળ છે એટલું જ નહીં, તે વાતચીતનું સ્તર અસ્વીકાર્ય નીચા સ્તરે છે. ECI એવું કામ કરે છે કે, જાણે કોંગ્રેસ દૂષિત વાર્તા ફેલાવી રહી હોય. અમે ECIને અમારી તમામ ફરિયાદોનું દસ્તાવેજીકરણ કર્યું છે અને ECIની તેના પરની કાર્યવાહીને સૂચિબદ્ધ કરી છે. જ્યારે અમે ફરિયાદો કરીએ છીએ, ત્યારે અમે વિશ્વસનીય માહિતીના આધારે આવું કરીએ છીએ. અમે અમારા દાવાઓને સમર્થન આપવા માટે ઘણા દસ્તાવેજો જોડીએ છીએ અને સુનાવણીમાં તે તપાસ માટે રજૂ કરીએ છીએ. ECIના પોતાના પ્રકાશિત ડેટા પ્રમાણિત કરે છે કે, તેઓએ અમારી મોટાભાગની ફરિયાદો પર કાર્યવાહી કરી છે, જે સૂચવે છે કે, અમે ગેરવાજબી અથવા અન્યાયી નથી.

કોંગ્રેસના મહાસચિવે કહ્યું કે, જો સીઈસી આવા અયોગ્ય શબ્દો કહે તો હું તમને યાદ અપાવી શકું કે આ તમારી બંધારણીય ફરજ છે, અમે આશા રાખીએ છીએ કે કોઈપણ રાજકીય પક્ષને આવો જવાબ ન મળે.

કોંગ્રેસે ચૂંટણી નિરીક્ષકની વેબસાઇટ પર હરિયાણા ચૂંટણીના પરિણામોના ધીમા અપડેટનો મુદ્દો ઊઠાવ્યો હતો અને અધિકારીઓને સચોટ આંકડાઓ અપડેટ કરવા માટે નિર્દેશ આપવા વિનંતી કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોને લખેલા પત્રમાં રમેશે જણાવ્યું હતું કે, છેલ્લા બે કલાકમાં સવારે ૯થી ૧૧ વાગ્યાની વચ્ચે ECIની વેબસાઈટ પર પરિણામોને અપડેટ કરવામાં ધીમી ગતિ જોવા મળી રહી છે. અમારો ડર એ પણ છે કે, આવા વર્ણનોનો ઉપયોગ આ પ્રક્રિયાઓને પ્રભાવિત કરવા માટે કરવામાં આવશે જ્યાં મતગણતરી હજુ પણ ચાલી રહી છે. રમેશે કહ્યું કે, અમે તમને વિનંતી કરીએ છીએ કે, તમારા અધિકારીઓને સાચા અને સચોટ આંકડાઓ સાથે વેબસાઈટ અપડેટ કરવા માટે તાત્કાલિક નિર્દેશો જારી કરો જેથી કરીને ખોટા સમાચારો અને દૂષિત વાર્તાઓનો તરત જ રદિયો આપી શકાય. તેના પ્રતિભાવમાં મતદાન સત્તાધિકારીએ જણાવ્યું હતું કે, મતગણતરી નિયુક્ત મતગણતરી કેન્દ્રો પર ચૂંટણી નિયમોના નિયમ ૬૦ અનુસાર અને વૈધાનિક અને નિયમનકારી શાસનને અનુસરીને નિયુક્ત સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવામાં આવે છે. ECએ કહ્યું કે, હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરમાં મતગણતરી સમગ્ર પ્રક્રિયા નિયમો અનુસાર ઉમેદવારો, નિરીક્ષકો અને સૂક્ષ્મ નિરીક્ષકોની હાજરીમાં થઈ રહી છે.

ભાજપ હરિયાણામાં તેની સૌથી મોટી સંખ્યા સાથે હેટ્રિક જીત તરફ આગળ વધ્યું હતું અને નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન જમ્મુ અને કાશ્મીરમાં સરકાર બનાવવાની તૈયારીમાં હતું, આ બંને જગ્યાએ મતદારોએ વિજેતાઓને નિર્ણાયક લીડ આપી હતી.

# કોંગ્રેસે EVM સાથે છેડછાડનો આરોપ લગાવતા કહ્યું : હરિયાણાના પરિણામો સ્વીકાર્ય નથી

## કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, પાર્ટીને હરિયાણાના ઓછામાં ઓછા ત્રણ જિલ્લામાં ગણતરીની પ્રક્રિયા અને EVMની કામગીરી અંગે ખૂબ જ ગંભીર ફરિયાદો મળી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

કોંગ્રેસે હરિયાણા વિધાનસભા ચૂંટણીના ચુકાદાને નકારી કાઢ્યો હતો અને કોંગ્રેસે ઈવીએમમાં છેડછાડનો આરોપ લગાવ્યો હતો અને ભાજપ પર લોકોની ઈચ્છા ભંગ કરવાનો આરોપ લગાવ્યો હતો. મંગળવારે સાંજે મીડિયાને સંબોધતા કોંગ્રેસના મહાસચિવ અને કોમ્યુનિકેશનના પ્રભારી જયરામ રમેશે કહ્યું કે, બપોરે પણ હું ચૂંટણી પંચના સંપર્કમાં રહ્યો છું. ચૂંટણી પંચે મારી ફરિયાદનો જવાબ આપ્યો છે. અમને ગણતરીની પ્રક્રિયા, ઓછામાં ઓછા ત્રણ જિલ્લાઓમાં EVMની કામગીરી અંગે ખૂબ જ ગંભીર ફરિયાદો મળી છે. રમેશે કહ્યું કે, હરિયાણામાં પરિણામો તદ્દન અણધાર્યા, આશ્ચર્યજનક અને વિપરીત છે. તે વાસ્તવિકતાથી વિરુદ્ધ છે. આ લોકોની ઈચ્છા અને લોકશાહી પ્રક્રિયા નષ્ટ કરવાની જીત છે. જયરામ રમેશે ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો, જેમાં તેઓએ મતદાન પેનલની વેબસાઈટ પર અપ-ટૂ-ડેટ વલણો અપલોડ કરવામાં ગતિ ધીમી હોવાનો આક્ષેપ કર્યો હતો. જવાબમાં પોલ પેનલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના આક્ષેપો બેજવાબદાર, પાયાવિહોણા અને અસમર્થિત વર્ણનો હતા. મંગળવારે મતગણતરીમાં કોંગ્રેસે શરૂઆતના વલણોમાં લીડ મેળવી હતી, જેના કારણે દિલ્હી અને ચંદીગઢમાં પાર્ટી કાર્યાલયોમાં ઉજવણી કરવામાં આવી હતી. જો કે, ભાજપે પાછળથી નિર્ણાયક લીડ મેળવી હતી. આ અહેવાલ ફાઈલ કરવાના સમયે, ભાજપે ૩૯ બેઠકો જીતી છે અને ૧૦ બેઠકો પર આગળ છે અને તે આરામથી ૪૬નો આંકડો પાર કરે તેવી અપેક્ષા છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ જણાવ્યું હતું કે, હરિયાણામાં પરિણામો સંપૂર્ણપણે અનપેક્ષિત અને અસ્વીકાર્ય છે. અમને હિસાર, મહેન્દ્રગઢ અને પાણીપતમાંથી EVMમાં વિસંગતતાની ઘણી ફરિયાદો મળી રહી છે. અમારા ઉમેદવારોએ રિટર્નિંગ ઓફિસરને ફરિયાદ કરી છે, અમે આ તમામ ફરિયાદોને ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરીશું.

# હરિયાણામાં ભાજપની ઐતિહાસિક ત્રીજી ટર્મ : પાયાના સ્તરના કેડરની મહેનત, RSSનું સમર્થન અને કોંગ્રેસનો આંતરકલહ અને આત્મવિશ્વાસ

## લોકસભાની ૧૦માંથી પાંચ બેઠકો ગુમાવવાથી લઈને હરિયાણામાં ભાજપે વર્ચ્યુઅલ રીતે હવે પરિણામ ફેરવી દીધું છે, તે બિન-જાટ મતદારોને એક કરવામાં સફળ રહી, તેણે જાટના ગઢમાં ૧૨ નવી બેઠકો પણ જીતી છે

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૮

ભારતીય જનતા પાર્ટી (BJP)એ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં આશ્ચર્યજનક રીતે જીત મેળવી છે. લોકસભા ચૂંટણીઓથી વિપરીત તેનું પ્રદર્શન બહેતર બનાવ્યું છે જેમાં તેણે વિધાનસભા ક્ષેત્રોમાં ૪૮ બેઠકો જીતી હતી, જો કે, લોકસભા ચૂંટણીમાં તેનો વોટ શેર ૪૬ ટકાથી ઘટીને ૩૯.૯૪ ટકા થયો હતો. રસપ્રદ વાત એ છે કે, લગભગ સમાન મતદાર હિસ્સા (૩૯.૦૯ ટકા) સાથે, કોંગ્રેસે માત્ર ૩૬ બેઠકો જીતી હતી. લોકસભાની ૧૦માંથી પાંચ બેઠકો ગુમાવવાથી લઈને હરિયાણામાં ભાજપે વર્ચ્યુઅલ રીતે હવે પરિણામ ફેરવી દીધું છે. તે બિન-જાટ મતદારોને એક કરવામાં સફળ રહી, તેણે જાટના ગઢમાં ૧૨ નવી બેઠકો પણ જીતી છે. રાજ્યના ૫૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર ત્રીજીવાર સરકાર બનાવી છે. બીજેપીના પ્રદર્શને ઘણા રાજકીય વિશ્લેષકોને આશ્ચર્યચકિત કર્યા હતા. હરિયાણા સ્થિત રાજકીય વિશ્લેષક, મહાબીર જગલાને કહ્યું કે, ભાજપે તેના પ્રદર્શનથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. અત્યાર સુધીના વલણો દર્શાવે છે કે, ભાજપ લોકસભા ચૂંટણી દરમિયાન પક્ષની આગેવાની હેઠળની ૪૪ વિધાનસભા બેઠકો પર કબજો જમાવવામાં સફળ રહ્યો છે, ત્યારે તે મે ૨૦૨૪માં પાછળ રહેલી અન્ય ઘણી બેઠકો પર પણ તેની સ્થિતિ મજબૂત કરવામાં સફળ રહી છે. પક્ષ હિસાર જિલ્લાની લગભગ તમામ બેઠકો પર આગળ છે જ્યાં કોંગ્રેસ લોકસભા ચૂંટણી દરમિયાન જીતી હતી. ભાજપે પૂર્વ સીએમ ભૂપિન્દરસિંહ હુડ્ડાના ગઢ જેવા કે રાય, ખરખોડા, ગોહાના અને સોનીપત સીટ પર પણ પ્રવેશ કર્યો છે.

જગલાને કહ્યું કે, આ વલણ દર્શાવે છે કે, ભાજપે મેવાત પ્રદેશ સિવાય અહિરવાલ અને દક્ષિણ હરિયાણામાં કબજો જમાવ્યો છે. પાર્ટી જીટી રોડ પટ્ટામાં કોંગ્રેસ કરતા આગળ હતી અને આશ્ચર્યજનક રીતે ઉચાના, નરવાના, બરવાળા, તોશામ અને બધરા જેવી કોંગ્રેસ અથવા ચૌટાલાનો ગઢ ગણાતી ઘણી બેઠકો પણ જીતી હતી. હિસાર અને ભિવાનીમાં પાર્ટીનું પ્રદર્શન દર્શાવે છે કે, તેણે તેની વોટ બેંક મજબૂત કરી છે. રાજનીતિ વિજ્ઞાનના પ્રોફેસર અને ઈન્દિરા ગાંધી નેશનલ કોલેજ, લાડવાના પ્રિન્સિપાલ કુશલ પાલે જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં ભાજપની તરફેણમાં અને કોંગ્રેસની વિરુદ્ધમાં ઘણા પરિબળો છે. પ્રથમ, ભાજપ પાસે એક મજબૂત સંગઠનાત્મક માળખું છે જે પાયાના સ્તર, બૂથ સ્તર અને પ્રમુખ સ્તર સુધી છે. આ વખતે તેમને આરએસએસનું સક્રિય સમર્થન હતું. આનાથી તેમને તેમના મતદારોએ તેમના મત લેવામાં મદદ કરી. બીજી તરફ, કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં પાંચ બેઠકો જીત્યા બાદ અતિ આત્મવિશ્વાસમાં હતી.

તેમણે જણાવ્યું હતું કે, 'જાટ વિરુદ્ધ બિન-જાટ' રાજનીતિ દ્વારા બિન-જાટ મતોનું એકત્રીકરણ, ખાસ કરીને અન્ય પછાત વર્ગોના મત એ બીજેપી આ ચૂંટણીમાં આ જીત હાંસલ કરવામાં સફળ થવાનું બીજું કારણ છે. તે બિન-જાટ મતદારોને એક કરવામાં સફળ રહી, તેણે જાટના ગઢમાં ૯ નવી બેઠકો પણ જીતી છે. તેમની પાસે લોકસભાની ચૂંટણી પહેલા OBCને એકીકૃત કરવા માટે બહુ ઓછો સમય હતો. જો કે, તે હવે આ મતદારોને એકીકૃત કરવામાં સક્ષમ છે. લગભગ સમાન વોટ શેર હોવા છતાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા જીતેલી બેઠકોની સંખ્યામાં મોટો તફાવત સમજાવતા પાલે કહ્યું કે, ચૂંટણીમાં આ ખૂબ જ સામાન્ય વાત છે.

રાજકીય વિજ્ઞાનમાં અમે ફર્સ્ટ પાસ્ટ ધ પોસ્ટ (FPTP) અને પ્રમાણસર પ્રતિનિધિત્વ (PR) વચ્ચેનો તફાવત શીખવીએ છીએ. આપણા દેશમાં FPTPમાં એક ઉમેદવાર જે મતવિસ્તારમાં સૌથી વધુ મત મેળવે છે તે જીતે છે. PR સિસ્ટમ હેઠળ વિધાનસભામાં બેઠકો પક્ષના મતોની ટકાવારીના પ્રમાણમાં હોય છે. જો કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો વધુ માર્જિનથી જીત્યા હોય તો વોટ શેર વધશે. એવી સંભાવના છે કે, ભાજપના ઘણા ધારાસભ્યો ઓછા માર્જિનથી જીત્યા હશે.

# ઈઝરાયેલનું નરસંહાર કરનારૂં યુદ્ધ બીજા વર્ષમાં પ્રવેશતા ગાઝા મૃત્યુઆંક ૪૨,૦૦૦ની નજીક પહોંચ્યો

(એજન્સી) ગાઝા, તા.૮

ઈઝરાયેલની રાજધાની તેલ અવીવ સહિત દક્ષિણ ઈઝરાયેલમાં એક વર્ષ પહેલાં ૭ ઓકટોબરના રોજ યહૂદીઓ તેમના સૌથી મોટા ધાર્મિક તહેવારની ઊજવણી કરી રહ્યા હતા અને અચાનક ગાઝામાંથી હમાસના આતંકીઓએ દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કરીને ૧૨૦૦થી વધુ યહૂદીઓની હત્યા કરી હતી અને મહિલાઓ સહિત ૨૫૦થી વધુનું અપહરણ કર્યું હતું. આ ઘટનાને સોમવારે એક વર્ષ પૂરૂં થઈ ગયું છે અને આ યુદ્ધ બીજા વર્ષમાં પ્રવેશી ગયું છે. હવે ફરી એક વખત એક વર્ષ પછી હમાસ, હિઝબુલ્લાહ અને હૌથી આતંકીઓ ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલ્લાહ ખામેનાઈએ શુક્રવારે પાંચ વર્ષ પછી પહેલી વખત જાહેરમાં ભાષણ કર્યું તે સાથે ઈરાનના પ્રોક્સી સંગઠનો ઈઝરાયેલ પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલ્લાહ ખામેનાઈએ શુક્રવારે જુમ્માની નમાઝ પછી લગભગ પાંચ વર્ષે પહેલી વખત જાહેરમાં આવીને ભાષણ કર્યું હતું અને ઈઝરાયેલ પર ઈરાને કરેલા હુમલા, એક વર્ષ પહેલાં હમાસના આતંકી હુમલાને યોગ્ય ઠેરવ્યા હતા અને ઈઝરાયેલ પર વધુ ભયાનક હુમલા કરવાની ધમકી આપી હતી. હવે અમેરિકન ગુપ્તચર એજન્સી એફબીઆઈએ એલર્ટ જાહેર કરી છે કે, ઈરાનના પ્રોક્સી સંગઠનો હમાસના હુમલાની પહેલી વરસીએ ઈઝરાયેલ પર કોઈ મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. આ માટે યમન, સીરિયા અને ઈરાકમાંથી હજારો આતંકીઓ લેબેનોન પહોંચી રહ્યા છે. ઈરાનના પ્રોક્સી સંગઠનોના હુમલાની બ્લુ પ્રિન્ટ ઈરાને તૈયાર કરી લીધી છે. આ સંગઠનો માત્ર ઈઝરાયેલના શહેરો જ નહીં પરંતુ ગોલન હાઈટ્સ પર પણ હુમલા કરી શકે છે. આ હુમલાઓ માટે હવે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનાઇના આદેશની રાહ જોવાઈ રહી છે. ત્યાર પછી ઈરાની પ્રોક્સી સંગઠનો ગયા વર્ષે ૭ ઓકટોબર જેવો જ મોટો હુમલો કરે તેવી આશંકા સેવાઈ રહી છે. જો કે, ઈઝરાયેલની ત્રિ-સ્તરીય સંરક્ષણ સિસ્ટમ સતત આ હુમલાઓને નિષ્ફળ બનાવી શકે છે જ્યારે સરહદ પર પણ સૈનિકોની તૈનાતી વધારી દેવાઈ છે. ખામેનાઈએ શુક્રવારે ભાષણ કર્યા પછી ઈરાનના પ્રોક્સી સંગઠનોના કમાન્ડકર સાથે બેઠક કરી હતી, જેમાં ઈઝરાયેલના વિનાશની બ્લુપ્રિન્ટ બનાવાઈ છે, જે મુજબ ઈઝરાયેલ પર સોમવારે કોઈ મોટો હુમલો થવાની આશંકા સેવાઈ રહી છે. અમેરિકન જાસૂસી સંસ્થા એફબીઆઈએ એલર્ટ જાહેર કરીને કહ્યું છે કે, હમાસના હુમલાને એક વર્ષ પૂરૂં થતાં ઈરાની પ્રોક્સી સંગઠનો ઈઝરાયેલ પર મોટા હુમલાની ફિરાકમાં છે. આ પ્રોક્સી સંગઠનોને રશિયા અને ઈરાક પાસેથી સતત હથિયારો મળી રહ્યા છે તેમજ અન્ય સંગઠનોને પણ સૈન્ય સહાય અપાઈ રહી છે. ઈઝરાયેલને સાત મોરચા પર ઘેરવામાં આવ્યું છે. ઈઝરાયેલ પર લેબેનોનમાં હિઝબુલ્લાહ, વેસ્ટ બેંક અને ગાઝામાં હમાસ, યમનમાં હૌથી આતંકીઓ, ઈરાન, ઈરાકમાંથી કતાઈબ હિઝબુલ્લાહ અને સીરિયામાં બદ્ર સંગઠન હુમલા કરી રહ્યા છે. દરમિયાન ઈઝરાયેલ-ગાઝા યુદ્ધને એક વર્ષ પૂરૂં થયું છે ત્યારે એક વર્ષ પહેલાં હમાસે અચાનક હુમલો કરીને ૧૨૦૦ ઈઝરાયેલીઓને મારી નાંખ્યા હતા અને ૨૫૦ને કેદી બનાવ્યા હતા. જો કે, ત્યાર પછી ઈઝરાયેલના હુમલામાં પેલેસ્ટીનમાં અત્યાર સુધીમાં હમાસના આતંકીઓની સાથે બાળકો અને મહિલાઓ સહિત ૪૨,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલના હવાઈ હુમલામાં ગાઝા આખું ખંડેર બની ગયું છે અને લાખો લોકો બેઘર તેમજ શરણાર્થી બની ગયા છે. ઈઝરાયેલે ગાઝામાં સ્કૂલ હોય કે મસ્જિદ કે અન્ય કોઈ ઈમારત ક્યાંય પણ હુમલા કરવાનું બાકી રાખ્યું નથી. બીજીબાજુ ઈઝરાયેલમાં પણ અંદાજે ૬૦,૦૦૦થી વધુ લોકો પોતાના જ દેશમાં શરણાર્થી બનવા મજબૂર થયા છે. વધુમાં ઈઝરાયેલે લેબેનોન અને ઈરાન સામે પણ મોરચો માંડી દીધો છે. ઈઝરાયેલ છેલ્લા એક વર્ષથી બધી જ દિશાઓમાં લડી રહ્યું હોવા છતાં તેને કોઈ નિર્ણાયક વિજય નથી મળ્યો. ઉલટાનું યુદ્ધના વધુ મોરચા ખુલી ગયા છે. ઈઝરાયેલે રવિવારે પણ મધ્ય ડેર અલ-બલાહમાં હમાસ દ્વારા સંચાલિત એક મસ્જિદ પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. બીજીબાજુ ગાઝામાંથી પણ હમાસે ઈઝરાયેલ પર સેંકડો રોકેટ અને મિસાઈલ હુમલા કર્યા હતા. પરંતુ તેની સંરક્ષણ સિસ્ટમ આયરન ડોમે બધા રોકેટ-મિસાઈલ્સ તોડી પાડ્યા હતા. આ હુમલા વચ્ચે ઈઝરાયેલમાં રવિવારે ફરી એક વખત આતંકી હુમલો થયો હતો. બેર્શેબા બસ સ્ટેશન પર અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું જ્યારે ૧૧થી વધુ ઘાયલ થયા હતા. આ હુમલામાં આતંકી પણ માર્યો ગયો છે. ઈઝરાયેલમાં એક મહિનામાં આતંકી હુમલાની આ બીજી ઘટના છે.

# ત્રિપુરા : દુર્ગા પૂજા દાનને લઈને મુસ્લિમ વેપારીની હત્યા અને મસ્જિદ, દુકાનોમાં તોડફોડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ઉત્તર ત્રિપુરા જિલ્લામાં દુર્ગા પૂજા માટે દાન એકત્ર કરવાને લઈને બે સમુદાયો વચ્ચેની અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય બે ઘાયલ થયા હતા. પોલીસે સોમવારે આ જાણકારી આપી.

જિલ્લામાં રવિવારે થયેલી અથડામણમાં સંડોવણી બદલ આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઉત્તર ત્રિપુરાના પોલીસ અધિક્ષક (SP) ભાનુપદા ચક્રવર્તીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, 'ગોળીની ઈજાને કારણે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. પૂજા માટે દાન એકત્ર કરવાને લઈને કદમતલામાં થયેલી અથડામણમાં બે અન્ય લોકો પણ ઘાયલ થયા છે. ઓછામાં ઓછા આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે.'

તેમણે કહ્યું કે, આસામ રાઈફલ્સ અને ત્રિપુરા સ્ટેટ રાઈફલ્સ (TSR)ના જવાનોને કદમતલાના સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ત્યાં ધામા નાંખ્યા છે. એસપીએ જણાવ્યું હતું કે, અથડામણ દરમિયાન ટોળાએ બે ઘરોમાં તોડફોડ પણ કરી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું કે, રવિવારે થયેલી અથડામણ બાદ કદમતલામાં પ્રતિબંધિત આદેશ લાદવામાં આવ્યો છે.

ધર્મનગરના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) સેજલ દેબનાથે સામાન્ય સ્થિતિને પુનઃ સ્થાપિત કરવા માટે કદમતલામાં ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ હેઠળ બુધવાર સુધી પ્રતિબંધો લાદ્યા છે. વરિષ્ઠ કોંગ્રેસના ધારાસભ્ય સુદીપ રોય બર્મને ધર્મનગર હેઠળના કદમતલામાં હિંસા બાદ 'કાર્યવાહી ન કરવા' બદલ મુખ્યમંત્રી માણિક સાહાની ટીકા કરી હતી.

રોય બર્મને ફેસબૂક પર લખ્યું, 'નિષ્ક્રિય રહેવાની એક મર્યાદા હોવી જોઈએ. મુખ્યપ્રધાન દુર્ગા પૂજાના ઉદ્દ્ઘાટનમાં વ્યસ્ત હતા ત્યારે કદમતલામાં અથડામણમાં બે લોકો માર્યા ગયા હતા. હું શાંતિ જાળવવા અપીલ કરૂં છું.'

# ભાજપના ધારાસભ્યોએ યતિ નરસિંહાનંદની અપવિત્ર ટિપ્પણીઓનો વિરોધ કરી રહેલા મુસ્લિમોને 'ઈઝરાયેલ જેવો વ્યવહાર કરવાની' ચેતવણી આપી; જમિયતે તેમના પર પગલાં લેવા કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

જમિયત ઉલેમા-એ-હિંદના વડા મૌલાના મહમૂદ મદનીએ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને પત્ર લખીને ભાજપના ધારાસભ્યો નંદ કિશોર ગુર્જર (લોની, ગાઝિયાબાદ) અને ડૉ.શલભ મણિ ત્રિપાઠી (દેવરિયા) સામે તાત્કાલિક શિસ્ત અને કાયદાકીય પગલાં લેવાની માંગ કરી છે. મણિ ત્રિપાઠીએ મંગળવારે કહ્યું કે, જો મુસ્લિમો હિંદુત્વના હિમાયતી યતિ નરસિંહાનંદની અપવિત્ર ટિપ્પણીઓ સામે વિરોધ ચાલુ રાખશે તો આ મુસ્લિમ વિરોધીઓને 'ઈઝરાયેલ જેવો વ્યવહાર' કરવાની ચેતવણી આપી હતી અને કહ્યું કે, દેશનું સંચાલન ઈસ્લામિક કાયદા દ્વારા નહીં પણ 'બાબાસાહેબ' દ્વારા આપવામાં આવેલા ભારતીય બંધારણ હેઠળ કરવામાં આવી રહ્યું છે. ત્રિપાઠીએ X પર એક પોસ્ટમાં લખ્યું હતું કે, અહીં દેશ, બાબાસાહેબના બંધારણ દ્વારા ચલાવવામાં આવશે, શરિયા કાયદાથી નહીં અને તે યોગ્ય છે... તો વધુ વિરોધ કરશો નહીં.

### ૧૦ વર્ષની લાંબી રાહ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ

# ભાજપના રવીન્દ્ર રૈનાની હાર, NCના સુરેન્દ્ર કુમાર ચૌધરી જીત્યા

## નૌશેરા બેઠક રાજ્યની જાણીતી બેઠકોમાંની એક છે અને ૨૦૧૪ની ચૂંટણીમાં આ બેઠક ભારતીય જનતા પાર્ટીના કબજામાં આવી હતી

(એજન્સી) જમ્મુ, તા.૮

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષની લાંબી રાહ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આ અસર મતદાન દરમિયાન પણ જોવા મળી હતી, સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં લગભગ ૬૪ ટકા મતદાન થયું હતું. લગભગ ૪ મહિના પહેલા એપ્રિલ-મેમાં લોકસભા ચૂંટણી દરમિયાન અહીં સંસદીય બેઠકો માટે મતદાન થયું હતું, ત્યારે પણ મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. જમ્મુ ડિવિઝનમાં આવેલું નૌશેરા બેઠક પર ભાજપના રવીન્દ્ર રૈનાની હાર થઈ છે. જ્યારે NCના સુરેન્દ્ર કુમાર ચૌધરીએ જીત મેળવી છે. તાજેતરના સમયમાં કાશ્મીરની સરખામણીએ રાજૌરીમાં આતંકવાદી ગતિવિધિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જિલ્લાની નૌશેરા બેઠક રાજ્યની જાણીતી બેઠકોમાંની એક છે અને ૨૦૧૪ની ચૂંટણીમાં આ બેઠક ભારતીય જનતા પાર્ટીના કબજામાં આવી હતી. નૌશેરા વિધાનસભા બેઠક પર ૫ ઉમેદવારો વચ્ચે મુકાબલો છે, જેમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ રવિન્દર રૈના પોતાનો પડકાર રજૂ કરી રહ્યા છે, જ્યારે જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સે સુરિન્દર કુમાર ચૌધરીને, જમ્મુ અને કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ સુરિન્દર કુમાર ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે. આ સીટ પરથી હક નવાઝને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. ચૂંટણી પહેલા નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી ગઠબંધન થયું હતું. આ સીટ નેશનલ કોન્ફરન્સના હિસ્સામાં આવી છે અને ભાજપની સાથે પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી પણ પોતપોતાના સ્તરે ચૂંટણી લડી રહી છે.

### ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

# દેશમાં દર ૧૬ મિનિટે એક દીકરી પર થાય છે દુષ્કર્મ મોદીને ખોટું બોલવાનો એવોર્ડ આપવો જોઈએ

## વડાપ્રધાન મોદી છે પણ મોદી સરકાર છે તેવો કહેવાનો હક નથી : વાસનિક

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૮

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના જનરલ સેક્રેટરી મુકુલ વાસનિક ગુજરાતના પ્રવાસ દરમ્યાન આજે સૌરાષ્ટ્રની મુલાકાતે પહોંચ્યા હતા. તેઓએ રાજકોટમાં યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, દેશમાં ૧૬ મિનિટે એક દીકરી, એક મહિલા પર દુષ્કર્મ થાય છે. PM નરેન્દ્ર મોદી છે પણ મોદી સરકાર છે તેવો કહેવાનો હક નથી. નરેન્દ્ર મોદીએ ખોટું બોલવાનો એક નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે, ખોટું બોલવાનો તેમને એવોર્ડ આપવો જોઈએ.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે રાજકોટ ખાતે રાજકોટ, જૂનાગઢ અને મોરબીના કોંગ્રેસી નેતાઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આગામી ચૂંટણીના સંદર્ભમાં વાસનિકે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પરિણામમાં લોકોએ સમજી વિચારીને મત આપ્યા છે. ૪૦૦ પારની વાતો કરનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકોએ જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય બંધારણ બચશે ત્યાં સુધી ભારતની એકતા બની રહેશે. આજે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર છે એવું કહેવામાં આવે છે, ૨૦૧૪થી ૨૦૨૪ સુધી ૧૦ વર્ષ નરેન્દ્ર મોદી સરકાર હતી પણ અત્યારની સરકાર નરેન્દ્ર મોદીની સરકાર નથી. પીએમ નરેન્દ્ર મોદી છે પણ દેશમાં મોદી સરકાર છે એવું કહેવાનો હક નથી. કાંખઘોડી ઉપર ચાલતી સરકાર ક્યારે પડી જાય એની કોઈ ગેરંટી નથી, માટે આગામી ચૂંટણીમાં ગુજરાતની જનતા કોંગ્રેસ સાથે રહેશે એવો અમને પૂરો વિશ્વાસ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં સરકારી આંકડા મુજબ દર ૧૬ મિનિટે એક દીકરી એક મહિલા ઉપર દુષ્કર્મ થાય છે. દરરોજ ભારતમાં ૮૬ મહિલાની આબરૂ લૂંટવાનો પ્રયાસ થાય છે. બાળકી અને મહિલાઓ ઉપર દુષ્કર્મ થાય છતાં તેમને ન્યાય મળતો નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માત્ર ૨૬% દોષિતને સજા મળે છે, બાકીના યેન કેન પ્રકારે છૂટી જાય છે. પશ્ચિમ બંગાળની ઘટનામાં રાષ્ટ્રપતિએ રોષ વ્યક્ત કર્યો, પરંતુ ગુજરાતમાં અનેક દીકરીઓ ઉપર બળાત્કારની ઘટના સામે આવી છે તો ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી આ બાબતે ધ્યાનમાં લઈને મહત્ત્વ નહીં આપે. દેશમાં વર્ષે ૧.૧૭ લાખ યુવાન આત્મહત્યા કરે છે, જેની પાછળનું મુખ્ય કારણ બેરોજગારી છે. આ બાબતે પ્રધાનમંત્રી માત્ર વાયદાઓ કરે છે પણ રોજગારી નથી આપી શકતા એ વાત આંકડા પરથી સાબિત થઈ રહી છે. મુકુલ વાસનિકે વધુમાં જણાવ્યું હતું કે૪ ગુજરાતમાં અલગ-અલગ જિલ્લામાં કોંગ્રેસના પ્રમુખ નેતાઓ સાથે બેઠક શરૂ કરવામાં આવી છે. આ બેઠકમાં રાજકોટ, મોરબી અને જૂનાગઢના પ્રમુખ નેતા સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આવતીકાલે અમરેલીમાં આ રીતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના વિવિધ પ્રશ્નો પર કોંગ્રેસની શું ભૂમિકા રહેશે ? કોંગ્રેસ પક્ષ કેવી રીતે અલગ-અલગ કાર્યક્રમોના આયોજન કરશે ? અને સાથે-સાથે સંગઠન મજબૂત કરવા માટે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. આગામી ચૂંટણીના સંદર્ભમાં બેઠક યોજી કયા-કયા પ્રશ્નો સામે લડાઈ ચલાવવાની છે ? મુખ્ય પ્રશ્નો શું છે ? અને સંગઠન કેવી રીતે મજબૂત કરવું એ અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. આ તકે તેમણે કેન્દ્ર સરકાર પર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર દેશમાં ગુજરાતમાં થતી બળાત્કારની ઘટનાઓ તેમજ બેરોજગારી અને આત્મહત્યાની ઘટનાઓ અંગે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે મોદી સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આ સરકાર ક્યારે તૂટી જાય એની કોઈ ગેરન્ટી નથી.

### ભૂજ શહેરમાં એમ.ડી. ડ્રગ્સના વેચાણનો મુદ્દો ઉઠાવી કોંગી MLA મેવાણીના આક્ષેપો

# રાજ્યમાં પોલીસની સંપૂર્ણ મિલીભગતથી ડ્રગ્સનો ચાલતો કારોબાર : ઉચ્ચ આઈપીએસ સુધી હપ્તાનું સેટિંગ

## રેન્જ આઈજીને વધુ એક પત્ર પાઠવી જીગ્નેશ મેવાણીએ તપાસની કરી માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

રાજ્યમાં નશીલા પદાર્થોની મોટા પાયે હેરફેર સાથે તેનો 'જથ્થો પકડાવવાના બનાવો સતત બની રહ્યા છે ત્યારે તેને લઈને કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવા સાથે સરકારી અધિકારીઓ સામે મીલિભગત તથા ભાગબટાઈના આક્ષેપો કરવામાં આવતા રાજકીય માહોલ ગરમાયો છે અને ચર્ચા શરૂ થઈ છે. દેશની સંવેદનશીલ પાકિસ્તાન સરહદને અડીને આવેલા કચ્છ જિલ્લામાં સમુદ્રી તટેથી મળતા બિનવારસી માદક પદાર્થના પેકેટો હવે સિમ વિસ્તાર સુધી પહોંચી આવ્યા છે. ખારી રોહર ગામની સીમમાંથી ગઈકાલે ૧૨૦ કરોડના કોકેઈનના જથ્થાને પોલીસે હસ્તગત કર્યાની ચોંકાવનારી ઘટના બાદ આજે વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા જિલ્લા મથક ભુજ શહેરમાં એમડી ડ્રગ્સનું વેચાણ અને સેવન થતું હોવાની ગંભીર બાબતે રેન્જ આઈજીનું એક પત્ર દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું છે. કિંમતી નશાખોરીનું દૂષણ હવે શહેરના યુવાધન સુધી પહોંચી રહ્યું હોવાની વાતથી સમગ્ર કચ્છમાં ચિંતા સાથે ચર્ચા વ્યાપક થવા પામી છે. આ મામલે વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા કચ્છ રેન્જ આઈજી ચિરાગ કોરડીયાને આલેખીને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે મળેલી માહિતી મુજબ, ભૂજ મુકામે સ્ફ ડ્રગ્સએ ખૂબ જોર પકડ્યું છે! ભુજના સંજોગ નગર, ભીડ ગેટ, સરપટ ગેટ વિસ્તારમાં પોલીસની માત્ર નજર હેઠળ જ નહીં બલ્કે સંપૂર્ણ મિલીભગતથી ડ્રગ્સનો કારોબાર ચાલી રહ્યો છે, જેમાં ખુદ પોલીસના ઉચ્ચ IPS અધિકારીઓ અને LCB કચેરીના કર્મચારીઓ સુધી નિયમિત હપ્તાઓ પહોંચાડવામાં આવી રહ્યા હોવા અંગેની માહિતી મળી છે. આ મુદ્દે યોગ્ય પગલાં લેવા માગ કરાઈ છે. આ મામલે સચોટ તપાસ કરી જે IPS અધિકારી આમાં આરોપી બનતા હોય એની સામે પણ યોગ્ય તપાસ અને કાર્યવાહી કરવા અને તેની જાણ થવા જીગ્નેશ મેવાણીએ પત્રમાં વધુમાં રજૂઆત કરતા જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જીગ્નેશ મેવાણીએ દારૂ-જુગારના અડ્ડાઓના સરનામા તથા બુટલેગરોના નામ સાથે વિગતો આપી રેન્જ આઈજીને પત્ર પાઠવ્યો હતો. જેને લઈને રાજ્યમાં ચર્ચાઓ શરૂ થઈ જવા પામી હતી. ત્યારે હવે ફરી એકવાર મેવાણીએ સરકારી બાબુઓ પર આક્ષેપો કરતા માહોલ ગરમાયો છે.

### મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના પ્રેઝેન્ટેશન સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા થયાના અહેવાલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરતાં અટકળો બની તેજ

## ભાજપના સદસ્યતા અભિયાન સહિતના મુદ્દે કમલમમાં પણ યોજાઈ બેઠક

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે દિલ્હીમાં પીએમ મોદીને મળ્યા હતા. તેમની સાથે મુખ્ય સચિવ રાજકુમાર પણ જોડાયા હતા. જોકે, તે નિર્ધારિત કાર્યક્રમ હોવાથી કમલમમાં યોજાનારી સભ્યપદ અભિયાનની બેઠકમાં હાજર રહી શક્યા ન હતા. દિલ્હી જવા પાછળનો હેતુ એ હતો કે ભૂપેન્દ્ર પટેલ ખાસ પ્રોજેક્ટ માટે ઓછામાં ઓછા ત્રણ પ્રેઝેન્ટેશન આપવા સાથે વડાપ્રધાનને પણ મળશે. મુખ્યમંત્રીએ પીએમ સાથેની તેમની મુલાકાત વિશે ફેસબુક પર પોસ્ટ કરી લખ્યું કે આ મુલાકાત ખૂબ જ ઉત્સાહપૂર્ણ રહી. આમ મુલાકાતને લઈ અટકળો તેજ બની છે. કમલમમાં આજે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની



અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગુજરાત ભાજપના તમામ ધારાસભ્યો, સાંસદો, કેટલાક પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ સાંસદોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ભાજપના સભ્યપદ અભિયાનને લઈ એક તકલીફ એ પણ આવી છે કે કેટલાક વિસ્તારો એવા છે કે જ્યાં નેટવર્ક સમસ્યાઓ છે અને કેટલાક લોકો સાઈબર છેતરપિંડીના ડરે ઓટીપી આપતા નથી. તેથી ભાજપ ઑફલાઈન સભ્યપદ અભિયાન શરૂ કરી તે અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. ભાજપના ચાલી રહેલા સભ્યપદ અભિયાનમાં ગુજરાતમાં સ્થિતિ સારી ન હોવાની માહિતી મળી રહી છે, પરંતુ બે કરોડ સભ્યોની નોંધણીમાં કમી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બેઠકમાં સભ્યપદ અભિયાનમાં આવતા પડકારો અને અવરોધો અંગે ચર્ચા કરવામાં આવી હતી.. ધારાસભ્યોને આપવામાં આવેલા લક્ષ્યાંક મુજબ સભ્ય નોંધણીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ગુજરાતમાં તાજેતરમાં શરૂ થયેલ વિકાસ સપ્તાહની ઉજવણી અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સત્તા સંભાળ્યાના ૨૩ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં વધુને વધુ લોકોએ ભાગ લેવો જોઈએ અને લોકો સરકારી યોજનાઓ અંતર્ગત વધુને વધુ માહિતી મેળવી શકે તે અંગે પણ આ બેઠકમાં ચર્ચા થઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ટૂંક સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું બ્યુગલ વાગશે, ત્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ભાજપનું પ્રદર્શન ફરી ઐતિહાસિક બને એ માટેની રણનીતિ ઉપર ચર્ચા કરવામાં આવી હોવા સાથે આ બેઠક મહત્વની બની રહી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

# ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂક બાબતે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું જાહેરનામું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત હાઈકોર્ટમાં વધુ ત્રણ ન્યાયમૂર્તિઓની નિમણૂક માટે સુપ્રીમ કોર્ટની કોલેજિયમે ભલામણ કરી હતી તેમના નામ બાબતે કેન્દ્ર સરકારે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ત્રણેય ન્યાયમૂર્તિઓમાં સંજીવ જયેન્દ્ર ઠાકર, દિપ્તેન્દ્ર નારાયણ રે (ડી.એન. રે) અને મૌલિક જીતેન્દ્ર શેલતનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ બી.આર. ગવઈની કોલેજિયમે ગુજરાત હાઈકોર્ટના બે અને સુપ્રીમ કોર્ટના એક એડવોકેટ મળી કુલ ત્રણની ગુજરાત હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા ભલામણ કરી હતી. સુપ્રીમ કોર્ટના કોલેજિયમના નિર્ણયમાં જણાવવામાં આવ્યું હતું કે, સંજીવ જયેન્દ્ર ઠાકરને હાઈકોર્ટ જજ તરીકે નિયુક્ત કરવાના મુદ્દે ચારમાંથી ત્રણ જજીસને હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો, જ્યારે એક જજ દ્વારા અભિપ્રાય આપ્યો નહતો. ન્યાય મંત્રાલયની ફાઈલના તારણો મુજબ સંજીવ ઠાકર સારૂં વ્યક્તિત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેમણે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટથી લઈ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી છે. તેમનો ૩૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ છે અને સંસ્થા પરત્વેની પ્રતિબદ્ધતા વિશે તેમની વિરુદ્ધમાં કંઈ વાંધાજનક નથી. આ જ પ્રકારે ડી.એન. રે પણ સારૂં વ્યક્તિત્વ અને વ્યવસાયિક છાપ ધરાવે છે. તેઓ સુપ્રીમ કોર્ટમાં પણ નિયમિત પ્રેક્ટિસ કરે છે અને તાજેતરમાં જ તેઓને સુપ્રીમ કોર્ટના સિનિયર એડવોકેટ તરીકે સ્થાન મળ્યું છે. તેઓ જે કેસમાં અપીઅર થયા હોય તેવા ૫૮ ચુકાદા રિપોર્ટેડ થયા છે. આમ, તેઓ પણ યોગ્ય અને લાયક ઉમેદવાર છે. દરમ્યાન મૌલિક જીતેન્દ્ર શેલતના નામની પસંદગી મુદ્દે પણ ત્રણ જજોએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો, જ્યારે એક જજે જણાવ્યું હતું કે, તેમણે વ્યક્તિગત રીતે તેમનું પર્ફોર્મન્સ જોયું નથી. ન્યાય મંત્રાલય તરફથી મળેલા ઈનપુટ્સ મુજબ મૌલિક શેલત પણ સારૂં વ્યક્તિત્વ અને છાપ ધરાવે છે. તેમની સંનિષ્ઠા પરત્વે પણ કંઈ વાંધાજનક નથી. આમ, ઉપરોક્ત ત્રણેય વકીલોને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે ભલામણ કરવામાં આવે છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની સાથે સલાહમસલત બાદ ઉપરોક્ત ત્રણ વકીલોને હાઈકોર્ટ જજ તરીકે નિયુકત કરવા બાબતની ભલામણ તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટને મોકલી આપી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટની કોલેજિયમે આ નામોને લઈ જરૂરી ચર્ચા વિચારણા હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા તેમની સમક્ષ રજૂ કરાયેલા મટિરિયલ્સ, દસ્તાવેજો સહિતની બાબતોની ચકાસણી કરાઈ હતી અને ન્યાય મંત્રાલય દ્વારા આ અંગેની ફાઈલમાં કરાયેલા તારણો પણ ધ્યાને લેવાયા હતા.

### વડોદરાના ભાયલી વિસ્તારમાં ગેંગરેપનો ચર્ચાસ્પદ મામલો

# સગીરા પર ગેંગરેપ કરનાર ત્રણેય આરોપીઓ ત્રણ દિવસના રિમાન્ડ પર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

ભાયલી વિસ્તારમાં બનેલા ચકચારી ગેંગરેપના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી લીધા બાદ આગળની કાર્યવાહી માટે જિલ્લા પોલીસને સોંપ્યા હતા. પોલીસ દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવતા અદાલતે ત્રણેય આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. વડોદરા શહેર નજીક ભાયલી વિસ્તારમાં ૪ ઓક્ટોબરના રોજ તેના મિત્ર સાથે રાત્રિના ૧૧:૩૦ વાગ્યાની આસપાસ બેસેલી સગીરા પર ત્યાં ધસી આવેલ ત્રણ શખ્સો તેના મિત્રને પકડી



## અન્ય વધુ બે આરોપીઓની અટકાયત કરાયાના અહેવાલ

રાખી સામૂહિક દુષ્કર્મ આચાર્ય બાદ મોબાઈલની લૂંટ કરીને ભાગી ગયા હતા. જેના પગલે જિલ્લા પોલીસ સહિત શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ આરોપીઓને પકડવા માટે કામે લાગી હતી. સગીરા મોડે સુધી ઘરે નહીં પહોંચતા તેની માતાએ ફોન કર્યો હતો જે આરોપી એ રીસીવ કરી લેતા જ લોકેશન ટ્રેસ થઈ ગયું હતું અને ક્રાઈમ બ્રાન્ચે ગેંગરેપ કરનાર મુન્ના અબ્બાસ બનજારા, મુમતાજ બંજારા અને શાહરૂખ બનજારાને ઝડપી પાડ્યા હતા. પરંતુ ગુનો જિલ્લા પોલીસનો હોય ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓને આગળની કાર્યવાહી માટે તાલુકા પોલીસ સ્ટેશનમાં સોપ્યા હતા. ઘટનાસ્થળ પર સગીરા અને તેના મિત્રને અપશબ્દો બોલી જતા રહેલા સેફઅલી બંજારા અને અફઝલ બંજારાની પણ અટકાયત થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી પોલીસ દ્વારા આરોપીઓની મેજિસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરવામાં આવી હતી. ત્યારે આરોપીઓની વધુ પૂછપરછ કરવા માટે તાલુકા પોલીસ દ્વારા તેમને આજે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામા આવતા અદાલતે ત્રણેય આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડીવાયએસપી બીએચ ચાવડાના સુપરવિઝન હેઠળની એસઆઈટીની રચના કરાઈ છે. આ ટીમ દ્વારા ગુનાની તપાસ કરવામાં આવી રહી છે.

# શિક્ષણ બોર્ડ વહેલી પરીક્ષા યોજશે, પરંતુ કાર્યક્રમ જાહેર કરવામાં વિલંબ

## ગત વર્ષે માર્ચમાં પરીક્ષા હતી તો પણ ૧૩ ઓકટોબરના રોજ કાર્યક્રમ જાહેર કરી દેવાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ફેબ્રુઆરી માસમાં જ શરૂ કરવાનું આયોજન કરાયું છે. પરંતુ હજુ સુધી પરીક્ષાને લઈને કાર્યક્રમ જાહેર કરાયો ન હોવાનું સામે આવ્યું છે. માર્ચ ૨૦૨૪ની બોર્ડની પરીક્ષા ૧૧ માર્ચથી લેવામાં આવી હતી, પરંતુ તે અંગેનો કાર્યક્રમ ૧૩ ઓકટોબરના રોજ જાહેર કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. જે અનુસાર આગામી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ૧૩ માર્ચ, ૨૦૨૫ દરમિયાન લેવામાં આવનાર હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા અત્યાર સુધી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ માસમાં લેવામાં આવતી હતી, પરંતુ આ વખતે પ્રથમ વાર વહેલી પરીક્ષાનું આયોજન કરી ફેબ્રુઆરી માસમાં જ પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી. દરમિયાન હજુ સુધી શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કરાયો ન હોવાથી વિદ્યાર્થીઓ મુંઝવણમાં મૂકાયા છે. માર્ચ ૨૦૨૪માં લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચથી ૨૬ માર્ચ દરમિયાન યોજવામાં આવી હતી. જો કે, આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયારીનો પૂરતો સમય મળી રહે તે માટે ૧૩ ઓકટોબરના રોજ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો હતો. પરંતુ આગામી પરીક્ષા વહેલી યોજવામાં આવનાર હોવાથી પરીક્ષાનો કાર્યક્રમ પણ વહેલો જાહેર કરવામાં આવવો જોઈએ, તેના બદલે હજુ સુધી કાર્યક્રમ જ જાહેર કરાયો ન હોવાનું જાણવા મળે છે. બીજી બાજુ, ગત પરીક્ષા માટે ૨૬ ઓકટોબરથી વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ ચાલુ વર્ષે હજુ કાર્યક્રમ જાહેર કરાયો ન હોય તેવી સાથે ફોર્મ ભરવાની કાર્યવાહી માટે પણ કોઈ સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.

### ગુજરાતમાં એક સાથે આધારકાર્ડના ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા

# રાજ્યમાં આધારકાર્ડ કઢાવવા માટે લોકોને મુશ્કેલી : કામગીરીમાં મંદ ગતિ

## આધારકાર્ડમાં સુધારણા માટે આવતી અરજીઓ રદ થઈ રહી છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી આધારકાર્ડ કઢાવવા માટે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં એક સાથે આધારકાર્ડના ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે જેના કારણે આધાર કાર્ડની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે.

આધાર કાર્ડની જરૂર મોટાભાગની દરેક કાર્યવાહી અને પ્રક્રિયામાં સરકારે વધારી દીધી છે, પરંતુ તેની સામે સરકારમાં સેન્ટ્રલી કોઈ જાતનું નિયંત્રણ નહીં હોવાથી આધાર કાર્ડની કામગીરી પણ નિરાધાર બની છે. છેલ્લા કેટલાક સમયથી ટેક્નિકલ કારણોસર મોટાભાગના નવા એનરોલમેન્ટની અરજી રિજેક્ટ થઈ રહી છે અને તેના કારણે ગુજરાતમાં ગત ઓગસ્ટ મહિના દરમિયાન ૫૬ જેટલા ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ આપવામાં આવી. નોંધનીય છે કે, ઓપરેટરો ૧૦,૦૦૦ના પગાર ઉપર કોન્ટ્રાક્ટ પર કામ કરી રહ્યા છે, જેને કોઈ નોટિસ કે વોર્નિંગ આપવા બદલે સીધા જ સસ્પેન્ડ કરી દેવામાં આવતા રોષ જોવા મળી રહ્યો છે. તેઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આધાર કાર્ડના મુખ્ય સર્વરમાં ટેક્નિકલ પ્રોબ્લેમ હોવાથી એરર આવી રહી છે. જેનો ભોગ ઓપરેટરો બની ગયા છે અને સીધા સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આધાર કાર્ડની અરજીમાં અરજદારોને મળતી એરરના પગલે UIDAI રિઝનલ ઓફિસ મુંબઈ દ્વારા આધાર કાર્ડ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૫૬ ઓપરેટરોને એક સાથે એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં જે ૫૬ ઓપરેટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા તેમાં સુરતમાંથી ૧૦, અમદાવાદમાંથી ૫, રાજકોટમાંથી ૪ અને વડોદરામાંથી ૩ ઓપરેટરોને સસ્પેન્ડ કરાયા છે. જ્યારે અમદાવાદના ૫૪, રાજકોટના ૨૫, સુરતના ૨૯ સહિત કુલ ૨૭૧ ઓપરેટરોને રિટ્રેનિંગ ઓર્ડર આપવામાં આવ્યો છે એટલે કે તેમને નવી કીટ રિસેટ સાથે આપવામાં આવી છે.

આધાર કાર્ડને લગતી કોઈપણ સમસ્યા કે માહિતી માટે ૧૯૪૭ હેલ્પલાઈન નંબર આપવામાં આવ્યો છે. જો કે, અરજદારો દ્વારા કોઈપણ બાબતે હેલ્પલાઈનનો સંપર્ક સાધવામાં આવે તો તેમાં પણ કેટલાક અરજદારોની સમસ્યાનો કોઈ ઉકેલ આવતો ન હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ક્વોલિટી ચેક, ડુપ્લિકેટ અને ડીલે ઈન પ્રોસેસિંગના કારણસર રિક્વેસ્ટ રિજેક્ટ થતી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જો કોઈ બાળકનું પ્રથમવાર આધાર કાર્ડ કાઢવાની અરજી મળે તો તેમાં પણ ડુપ્લિકેટનું કારણ દર્શાવી અરજી રદ કરવામાં આવતી હોવાની ફરિયાદો સામે આવી છે.જે પ્રથમ દૃષ્ટિએ સર્વરની જ ખામી હોય શકે.

ઉલ્લેખનીય છે કે, આધાર કાર્ડમાં અપડેશન કરાવવા અરજદારે ચાર્જ ચૂકવવાનો હોય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં અપડેશનનો ચાર્જ ચૂકવ્યા બાદ અપડેશન થતું નથી. જેથી અરજદાર જેટલી વાર અપડેશન માટેની અરજી કરે તેટલી વાર ચાર્જ ચૂકવવા મજબૂર બને છે, ત્યારે આ સમસ્યાઓનો ઉકેલ વહેલી તકે આવે તેવી લોકોમાં માંગ ઊઠી છે. રાજ્યના દરેક અરજદાર આધારકાર્ડ અપડેશન માટે ધક્કાઓ ખાઈ રહ્યા છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS